
# કલાપૂર્ણ સ્વાધ્યાય

૭

# જ્ઞાન સાર



સંપાદક :

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.



પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।
।। શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-
કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ।।

# કલાપૂર્ણ સ્વાધ્યાય

૭

# જ્ઞાન સાર

દિવ્યાશિષ દાતા
પૂ. અધ્યાત્મયોગી આચાર્ય
શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

શુભાશિષ દાતા
પૂ. પ્રવચનકાર આચાર્ય
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ. સા.

સંપાદક
પૂ. મુનિશ્રી અમિતયશ વિજયજી મ.સા.

# જ્ઞાનનાં ખમાસમણના પાંચ દુહા

## મતિ જ્ઞાનનો દુહો

સમકિત્ત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ

## શ્રુત જ્ઞાનનો દુહો

પવયણ શ્રુત સિદ્ધાંત તે આગમ સમય વખાણ,
પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણ

## અવધિ જ્ઞાનનો દુહો

ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર,
વંદના તેહને માહરી, શ્વાસ માહે સો વાર

## મનઃપર્યવ જ્ઞાનનો દુહો

એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ,
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ,

## કેવલજ્ઞાનનો દુહો

કેવળ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ,
જ્ઞાન પંચમી દિન પૂજીએ, વિજયલક્ષ્મી શુભ તેજ

# પ્રસ્તાવના

જીવનમાં સ્વાધ્યાયનો રસ જાગે તો જ આત્મા આનંદમાં રહી શકે સાધુ જીવનમાં સ્વાધ્યાયનો રસએ સર્વ શ્રેષ્ઠ છે.

આ પુસ્તકમાં જ્ઞાનસાર અર્થ સહિત આપવામાં આવ્યું છે.

જ્ઞાનસાર એ એક અદ્વિતીય ગ્રંથ છે મોટા મોટા મહાન પુરૂષો પણ કહે છે કે જીવનમાં એક વખત તો જ્ઞાન સારના અર્થને શીખવા જરૂરી છે.

અર્થ શીખવાથી સાચો રસ્તો મળી શકે છે સહુ કોઈ આત્માઓ આ પુસ્તકનો સુંદર ઉપયોગ કરે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ છપાયું હોયતો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતિ. આ પુસ્તકમાં મહાસુખનગર જૈન સંઘ માંથી જ્ઞાનખાતાની રકમનો સહયોગ પ્રાપ્ત થયો છે, સંઘની ઉદારતાની ભૂરિ, ભૂરિ, અનુમોદના

મુનિ. અમિતયશ વિ.

ન્યાયાચાર્ય શ્રી યશોવિજયોપાધ્યાયવિરચિતમ્

# શ્રી જ્ઞાનસારપ્રકરણમ્ ।

## અથ પૂર્ણતાષ્ટકમ્ ॥૧॥

ઐન્દ્રશ્રીસુખમગ્નેન લીલાલગ્નામિવાખિલમ્ ।
સચ્ચિદાનન્દપૂર્ણેન પૂર્ણં જગદવેક્ષ્યતે ॥૧॥

પૂર્ણજ્ઞાનીની દૃષ્ટિ :

(૧) જેમ ઈંદ્રની લક્ષ્મીના સુખમાં મશગૂલ સંપૂર્ણ જગતને સુખી જુએ છે, તેમ સત્તા જ્ઞાન અને આનંદ એ ત્રણથી પૂર્ણ વિશ્વના સઘળા જીવોને જ્ઞાન-દર્શન-ચારિત્રથી પૂર્ણ જુએ છે.

જેમ વ્યવહારમાં સુખમાં મશગૂલ બધાંને સુખી જુએ છે, તેમ પૂર્ણ (સામાન્યકેવલી, અરિહંત અને સિદ્ધ ભગવાન) બધાં જીવોને પૂર્ણ જુએ છે. નિશ્ચય નયની દૃષ્ટિએ બધા આત્માઓ જ્ઞાન-દર્શન-ચારિત્રથી પરિપૂર્ણ છે.

પૂર્ણતા યા પરોપાધેઃ સા યાચિતકમણ્ડનમ્ ।
યા તુ સ્વાભાવિકી સૈવ જાત્યરત્નવિભાનિભા ॥૨॥

ઔપાધિક અને સ્વાભાવિક પૂર્ણતાનું વર્ણન-

(૨) સંપત્તિ આદિ પરવસ્તુથી થતી પૂર્ણતા લગ્નાદિ પ્રસંગે માગી લાવેલા આભૂષણો સમાન છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ સ્વાભાવિક પૂર્ણતા તો શ્રેષ્ઠ રત્નની કાંતિ સમાન છે.

જેમ માગી લાવેલા આભૂષણો થતી શોભા કૃત્રિમ છે અને ઉત્તમ રત્નની કાંતિ-શોભા સ્વાભાવિક છે, તેમ અજ્ઞાન જીવોએ માનેલી ધનાદિકથી પૂર્ણતા કૃત્રિમ છે, અને જ્ઞાનાદિ આત્મગુણોથી પ્રગટેલી પૂર્ણતા સ્વભાવિક છે.

અવાસ્તવી વિકલ્પૈઃ સ્યાત્પૂર્ણતાऽબ્ધેરિવોર્મિભિઃ ।
પૂર્ણાનન્દસ્તુ ભગવાન્ સ્તિમિતોદાધિસન્નિભઃ ॥૩॥

ઔપાધિક પૂર્ણતાનું કારણ-

(૩) જેમ તરંગોથી થતી સમુદ્રની પૂર્ણતા અવાસ્તવિક છે, તેમ હું ધનવાન છું વગેરે વિકલ્પોથી થતી પૂર્ણતા અવાસ્તવિક છે. પૂર્ણાનંદ સ્વરૂપ (સિદ્ધ) ભગવાન વિકલ્પ રહિત હોવાથી સ્થિર સમુદ્ર સમાન છે.

જાગર્તિ જ્ઞાનદૃષ્ટિશ્ચેત્તૃષ્ણાકૃષ્ણાહિજાઙ્ગુલી ।
પૂર્ણાનંદસ્ય તત્કિં સ્યાદ્દૈન્યવૃશ્ચિકવેદના ? ॥૪॥

પૂર્ણાનંદને પરવસ્તુની તૃષ્ણા ન થવાનું કારણ-

(૪) જો તૃષ્ણા રૂપ કાળા નાગનો ઝેર ઉતારવામાં ગારુડી મંત્ર સમાન તત્ત્વજ્ઞાન દૃષ્ટિ પ્રગટે છે તો પૂર્ણાનંદ ભગવાનને દીનતા રૂપ વીંછીના ડંખની વેદના કેમ હોય ?

સ્વ-પરના વિવેક રૂપ તત્ત્વજ્ઞાનદૃષ્ટિથી તૃષ્ણાનો ક્ષય થવાથી પૂર્ણાનંદ બનેલા આત્મામાં દીનતા હોતી નથી. આનાથી તત્ત્વજ્ઞાનદૃષ્ટિ તૃષ્ણાક્ષયનો રામબાણ ઉપાય છે એ જણાવ્યું.

પૂર્યન્તે યેન કૃપણાસ્તદુપેક્ષૈવ પૂર્ણતા ।
પૂર્ણાનન્દસુધાસ્નિગ્ધા દૃષ્ટિરેષા મનીષિણામ્ ॥૫॥

તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિ-પૂર્ણતાની વ્યાખ્યા-

(૫) જે ધનાદિકથી હીન સત્ત્વવાળા જીવો પૂર્ણ બને છે તેની ઉપેક્ષા જ પૂર્ણતા છે. પૂર્ણ આનંદરૂપ અમૃતથી આર્દ્ર બનેલી આ દૃષ્ટિ તત્ત્વજ્ઞાનની હોય છે.

તત્ત્વજ્ઞાની આત્મા ધનાદિકથી નહિ, પરંતુ આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોથી પૂર્ણતા માને છે.

અપૂર્ણઃ પૂર્ણતામેતિ પૂર્યમાણસ્તુ હીયતે ।
પૂર્ણાનન્દસ્વભાવોऽયં જગદદ્‌ભુતદાયકઃ ॥૬॥

પૂર્ણાનંદ સ્વભાવની અદ્‌ભુતતા-

(૬) ત્યાગના પરિણામ વડે ધનાદિક પૌદ્‌ગલિક પદાર્થોથી અપૂર્ણ આત્મા જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ બને છે, અને પુદ્‌ગલોથી પૂર્ણ થતો આત્મા જ્ઞાનાદિ ગુણોથી હીન બને છે. પૂર્ણાનંદ આત્માનો આ સ્વભાવ જગતને આશ્ચર્ય કરનારો છે.

લૌકિક કોઠર વગેરે ધાન્યાદિના ત્યાગથી અપૂર્ણ બને છે અને સંગ્રહથી પૂર્ણ બને છે. જ્યારે પૂર્ણાનંદનો સ્વભાવ આનાથી વિપરીત છે. આથી પુદ્‌ગલાનંદી જીવોને પૂર્ણાનંદનો સ્વભાવ આશ્ચર્ય કરે છે.

પરસ્વત્વકૃતોન્માથા ભૂનાથા ન્યૂનતેક્ષિણઃ ।
સ્વસ્વત્વસુખપૂર્ણસ્ય ન્યૂનતા ન હરેરપિ ॥૭॥

પૂર્ણાનંદ-પુદ્‌ગલાનંદીનો ભેદ-

(૭) પુદ્‌ગલમાં આત્મપણાની બુદ્ધિથી વ્યાકુલ બનેલા રાજાઓ પણ પોતાને અપૂર્ણ જુએ છે. આત્મામાં આત્મસુખથી પૂર્ણ બનેલા મુનિને ઈંદ્રથી પણ કમીના હોતી નથી.

પુદ્‌ગલાનંદી જીવોને ગમે તેટલી સંપત્તિ મળે તો પણ તૃપ્તિ થતી નથી. તૃષ્ણા અનંત હોવાથી સદા અપૂર્ણ જ રહે છે. પૂર્ણાનંદ આત્મા ઈંદ્રના સુખથી પણ અનંતગુણા સુખનો અનુભવ કરે છે.

કૃષ્ણે પક્ષે પરિક્ષીણે શુક્લે ચ સમુદઞ્ચતિ ।

દ્યોતન્તે સકલાધ્યક્ષાઃ પૂર્ણાનન્દવિધોઃ કલાઃ ॥૮॥

આત્માની શુદ્ધિનો (પૂર્ણતાનો) કાળ-

(૮) કૃષ્ણપક્ષનો ક્ષય અને શુકલપક્ષનો ઉદય થતાં પૂર્ણાનંદ આત્મારૂપ ચંદ્રની સર્વ પ્રત્યક્ષ કલાઓ-ચૈતન્ય પર્યાયો પ્રકાશમાન થાય છે.

જેમ ચંદ્રની કળાઓ શુકલપક્ષમાં જ પ્રકાશિત બને છે, તેમ આત્મા ચૈતન્ય પર્યાયો શુકલપક્ષમાં જ પ્રકાશિત શુદ્ધ બને છે

સુદ પખવાડિયું ચંદ્રનો શુકલપક્ષ છે અને વદ પખવાડિયું કૃષ્ણપક્ષ છે. આત્માનો શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ કાળ આ પ્રમાણે છે. જે કાળ અધ્યાત્મની પ્રાપ્તિમાં બાધક બને તે કાળ આત્માનો કૃષ્ણપક્ષ અને જે કાળ અધ્યાત્મની પ્રાપ્તિમાં બાધક ન બને તે આત્માનો શુકલપક્ષ છે અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવમાં જે જીવનો સંસાર પરિભ્રમણ કાલ એક પુદ્ગલ પરાવર્ત જેટલો રહે છે તે જીવનો એ (-અંતિમ એક પુદ્ગલ પરાવર્ત) કાળ શુકલપક્ષ છે અને એ પહેલાનો બધો કાળ કૃષ્ણપક્ષ છે અને એ પહેલાનો બધો કાળ કૃષ્ણપક્ષ છે. કારણ કે ચરમાવર્તમાં (અંતિમ પુદ્ગલ પરાવર્તમાં) જ અધ્યાત્મની પ્રાપ્તિ થઈ શકે છે. કોઈ પણ જીવને ચરમાવર્તની પહેલાં અધ્યાત્મની પ્રાપ્તિ થાય જ નહિ ચરમાવર્તમાં તુરત અધ્યાત્મની પ્રાપ્તિ થાય જ એવો નિયમ નથી, પરંતુ જો અધ્યાત્મની પ્રાપ્તિ થાય તો ચરમાવર્તમાં જ થાય, ચરમાવર્ત પહેલાં અધ્યાતમની પ્રાપ્તિ ન જ થાય એવો નિયમ છે. આમ, અધ્યાત્મની પ્રાપ્તિમાં ચરમાવર્ત પહેલાનો કાળ બાધક બનતો

હોવાથી કૃષ્ણપક્ષ છે, અને ચરમાવર્ત કાળ બાધક ન બનતો હોવાથી શુકલપક્ષ છે.

## અથ મગ્નતાષ્ટકમ્ ॥૨॥

પ્રત્યાહૃત્યેન્દ્રિયવ્યૂહં સમાધાય મનો નિજમ્ ।
દધચ્ચિન્માત્રવિશ્રાન્તિમગ્ન ઇત્યભિધીયતે ॥૧॥

મગ્નની વ્યાખ્યા

(૧) ઇંદ્રિયોના સમૂહને વિષયોથી નિવૃત્ત કરીને પોતાના મનને આત્મદ્રવ્યમાં એકાગ્ર કરીને, ચૈતન્ય સ્વરૂપ આત્મામાં સ્થિરતા કરતો આત્મા મગ્ન કહેવાય છે.

અહીં યોગના આઠ અંગોમાં આવતા પ્રત્યાહાર અને સમાધિ એ બે અંગો જણાવ્યા છે. ઇંદ્રિયોની વિષયોથી નિવૃત્તિ કરવી એ પ્રત્યાહાર છે અને આત્મામાં જ મનની એકાગ્રતા એ સમાધિ છે.

યસ્ય જ્ઞાનસુધાસિન્ધૌ પરબ્રહ્મણિ મગ્નતા ।
વિષયાન્તરસંચારસ્તસ્ય હાલાહલોપમઃ ॥૨॥

મગ્નની રૂપાદિ વિષયોમાં અપ્રવૃત્તિ-

(૨) જ્ઞાનરૂપ સુધાના સિંધુ સમાન પરમાત્મામાં મગ્ન જીવને જ્ઞાનથી અન્ય રૂપાદિ વિષયમાં પ્રવૃત્તિ ઝેર જેવી લાગે છે.

જેમ અમૃતનો આસ્વાદ કરવામાં લીન બનેલો જીવ ઝેરની ઈચ્છા પણ કરતો નથી. માલતી પુષ્પના રસમાં લીન બનેલો ભ્રમર બાવળ વગેરે વૃક્ષ ઉપર બેસતો નથી, તમ આત્મસુખમાં મગ્ન જીવ રૂપાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરતો નથી.

સ્વભાવસુખમગ્નસ્ય જગત્તત્વાવલોકિનઃ ।
કર્તૃત્વં નાન્યભાવાનાં સાક્ષિત્વમવશિષ્યતે ॥૩॥

(૩) સ્વાભાવિક આનંદમાં મગ્ન બનેલા અને જગતના તત્ત્વને યથાર્થ રૂપે જોનાર યોગીને અન્ય ભાવોનું રાગાદિવિભાવ, જ્ઞાનાદિ કર્મ અને ઘટાદિ રૂપ પર ભાવોનું કર્તાપણું નથી, કિંતુ દ્રષ્ટાપણું છે. અર્થાત્ આવો આત્મા બાહ્ય ક્રિયાઓમાં આ મેં કર્યું એવા પ્રકારનો અહંકાર કરતો નથી. તે એમ વિચાર કે-માટી વગેરે ભાવો ઘટાદિ રૂપે પરિણમે છે તેમાં કુંભાર વગેરે

સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ. એ પ્રમાણે ભાષાવર્ગણા દ્રવ્ય વર્ણપણે, વર્ણ પદપણે, પદ વાક્યપણે, વાક્ય મહાવાકયપણે અને મહાવાક્ય ગ્રંથપણે પરિણમે છે, તેમાં ગ્રંથકાર સાક્ષીમાત્ર છે. તો તે કેમ અભિમાન રાખે કે હું ગ્રંથકર્તા છું. સર્વદ્રવ્યો સ્વસ્વ પરિણામના કર્તા છે, કોઈ દ્રવ્ય પર પરિણામનો કર્તા નથી. આ દૃષ્ટિએ (શબ્દનયની) આત્મા સર્વ પર કાર્યમાં સાક્ષીમાત્ર હોય છે, કર્તા નહિ.

પરબ્રહ્મણિ મગ્નસ્ય શ્લથા પૌદ્‌ગલિકી કથા ।
ક્વામી ચામીકરોન્માદાઃ સ્ફારા દારાદરઃ ક્વ ચ ॥૪॥

(૪) પરમાત્મ સ્વરૂપમાં લીન બનેલાને પુદ્‌ગલની વાત નીરસ લાગે છે. એને અજ્ઞાન જીવોને ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરનાર ધનનું અભિમન ક્યાંથી હોય ? અને સ્ત્રી વિશે આદર પણ ક્યાંથી હોય ?

તેજોલેશ્યાવિવૃદ્ધિર્યા સાધોઃ પર્યાયવૃદ્ધિતઃ ।
ભાષિતા ભગવત્યાદૌ સેત્થમ્ભૂતસ્ય યુજ્યતે ॥૫॥

(૫) ભગવતી આદિ ગ્રંથમાં કહેલી સાધુના સંયમપર્યાયની વૃદ્ધિથી તેજોલેશ્યાની-ચિત્તસુખની વૃદ્ધિ આવા પ્રકારના જ્ઞાનમગ્ન મહાત્માને ઘટે છે.

ભગવતી આદિ ગ્રંથોમાં નિર્દિષ્ટ = તેજોલેશ્યા વૃદ્ધિનો ક્રમ =

| દીક્ષાપર્યાય. | કયા દેવોથી અધિક. |
|---|---|
| ૧. માસ. | વાણવ્યંતર. |
| ૨. માસ | ભવન પતિ (અસુર સિવાય). |
| ૩. માસ | અસુરકુમાર |
| ૪. માસ | ગ્રહ, નક્ષત્ર, તારા. |
| ૫. માસ | ચંદ્ર-સૂર્ય. |

૬-૭-૮-૯-૧૦ ક્રમશઃ ૧-૨, ૩-૪, ૫-૬, ૭-૮, ૯-૧૨.

૧૧-૧૨ ક્રમશઃ ૯ ગ્રૈવે.-૫ અનુ.

જ્ઞાનમગ્નસ્ય યચ્છર્મ તદ્વક્તું નૈવ શક્યતે ।
નોપમેયં પ્રિયાશ્લેષૈર્નાપિ તચ્ચન્દનદ્રવૈઃ ॥૬॥

(૬) જ્ઞાનમગ્નનું સુખ મુખથી કહી શકાય તેમ.

એના સુખની પ્રિયા-આલિંગનના કે ચંદન વિલેપનના સુખ સાથે સરખામણી થઈ શકે એમ નથી.

જ્ઞાનમગ્નનું સુખ અતીન્દ્રિય હોવાથી વાણીનો વિષય બનતું નથી. તતા એ સુખ આધ્યાત્મિક હોવાથી સ્વાભાવિક છે, જ્યારે પ્રિયા-આલિંગનનું અને ચંદન વિલેપનનું સુખ કૃત્રિમ છે. આથી એ સુખની પ્રિયા-આલિંગનના અને ચંદન-વિલેપનના સુખની સાથે સરખામણી થઈ શકે જ નહિ.

શમશૈત્યપુષો યસ્ય વિપ્રુષોઽપિ મહાકથા ।
કિં સ્તુમો જ્ઞાનપીયૂષે તત્ર સર્વાઙ્ગમગ્નતામ્ ? ॥૭॥

(૭) શમ રૂપ શીતલતાની પુષ્ટિ કરનાર જે જ્ઞાનામૃતમના બિંદુની પણ મહા કથા છે, તે જ્ઞાનમૃતમાં સંપૂર્ણ પણે મગ્નતાની શી રીતે સ્તુતિ કરીએ ?

જેને જ્ઞાન રૂપ અમૃતનું બિંદુ પણ પ્રાપ્ત થયું છે તેના સુખનું વર્ણન કરવું કઠીન છે તો જેને સંપૂર્ણ પણે જ્ઞાનામૃતની પ્રાપ્તિ થઈ છે તેના સુખનું વર્ણન શી રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે.

યસ્ય દૃષ્ટિઃ કૃપાવૃષ્ટિર્ગિરઃ શમસુધાકિરઃ ।
તસ્મૈ નમઃ શુભજ્ઞાનધ્યાનમગ્નાય યોગિને ॥૮॥

(૮) જેની દૃષ્ટિ કરુણાની વૃષ્ટિ કરે છે અને વાણી પ્રશમ રૂપ અમૃતને છાંટે છે, પ્રશસ્ત જ્ઞાનધ્યાનમાં મગ્ન તે યોગીને નમસ્કાર હો !

## અથ સ્થિતરાષ્ટકમ્ ॥૩॥

વત્સ ! કિં ચંચલસ્વાન્તો ભ્રાન્ત્વા ભ્રાન્ત્વા વિષીદસિ।
નિધિં સ્વસન્નિધાવેવ સ્થિરતા દર્શયિષ્યતિ ॥૧॥

(૧) હે વત્સ ! તું ચંચલ ચિત્તવાળો બની સુખ માટે પૌદ્ગલિક વસ્તુઓને મેળવવા જ્યાં ત્યાં ભટકી ભટકીને ખેદ પામે છે. પૌદ્ગલિક વસ્તુઓ મળતી નથી તો તું દીન બનવાથી વિષાદ પામે છે જ, પરંતુ પૌદ્ગલિક વસ્તુો મળવા છતાં અતૃપ્તિ અને ઈર્ષ્યાથી વિષાદ પામે છે. માટે તું આત્મામાં સ્થિર થા. આત્મામાં સ્થિરતા તારી પાસે જ રહેલી અનંત જ્ઞાનાદિ ગુણો રૂપ સંપત્તિનું નિધાન બતાવશે.

જ્ઞાનદુગ્ધં વિનશ્યેત લોભવિક્ષોભકૂર્ચકૈઃ ।
અમ્લદ્રવ્યાદિવાસ્થૈર્યાદિતિ મત્વા સ્થિરો ભવ ॥૨॥

(૨) અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી લોભના વિકાર રૂપ કૂચા થવાથી જ્ઞાન રૂપ દૂધ બગડી જાય છે એમ જાણીને સ્થિર થા.

અસ્થિરે હૃદયે ચિત્રા વાઙ્નેત્રાકારગોપના ।
પુંશ્ચલ્યા ઇવ કલ્યાણકારિણી ન પ્રકીર્તિતા ॥૩॥

(૩) ચિત્ત અસ્થિર હોય તો, એટલે કે સુખબુદ્ધિથી પૌદ્ગલિક પદાર્થોમાં ભટકતું હોય તો વિચિત્ર વાણી, નેત્ર અને આકૃતિ-વિષાદિકની સંગોપના (અંદરના લાલસાને છુપાવવાની ક્રિયા) અસતી સ્ત્રીની જેમ કલ્યાણ કરનારી કહી નથી.

જેમ અસતી સ્ત્રીની દેખવાથી થતી પતિભક્તિ આદિ ક્રિયા દુષ્ટ આશય હોવાથી કલ્યાણ કરનારી બનતી નથી, તેમ પૌદ્ગલિક આશંસાથી થતી દ્રવ્ય ધર્મક્રિયા કલ્યાણ કરનારી બનતી નથી. (કેવળ પૌદ્ગલિક તીવ્ર આશંસાથી થતી ધર્મક્રિયા કપટ ક્રિયા છે.)

અન્તર્ગતં મહાશલ્યમસ્થૈર્યં યદિ નોદ્ધૃતમ્ ।
ક્રિયૌષધસ્ય કો દોષસ્તદા ગુણમયચ્છતઃ ॥૪॥

(૪) જો અંતરમાંથી મહાશલ્ય રૂપ અસ્થિરતા દૂર ન કરવામાં આવે તો ગુણ નહિ કરનાર ધર્મક્રિયા રૂપ ઔષધનો શો દોષ ?

શરીરમાં શલ્ય રહેલું હોય તો સારી પણ દવા લાભ ન કરે, એમાં દવાનો દોષ નથી. તેમ આત્મામાં પૌદ્ગલિક પદાર્થોની આશંસા રૂપ શલ્ય રહેલું હોય તો ધર્મક્રિયાઓ લાભ ન કરે, બલ્કે નુકશાન પણ કરે. એમાં ધર્મક્રિયાઓનો દોષ નથી, કિંતુ શલ્યનો દોષ છે. આથી શલ્ય કાઢવું જોઈએ.

સ્થિરતા વાઙ્મનઃકાયૈર્યેષામઙ્ગાઙ્ગિતાં ગતા ।
યોગિનઃ સમશીલાસ્તે ગ્રામેડરણ્યે દિવા નિશિ ॥૫॥

(૫) જેમની સ્થિરતા મન, વચન અને કાયાથી ચંદન-ગંધની જેમ એકીભાવને પામીછે, તે યોગીશ્વરો ગામ-નગરમાં અને જંગલમાં તથા દિવસે રાતે સમભાવવાળા હોય છે.

સ્થૈર્યરત્નપ્રદીપસ્તેદ્ દીપ્રઃ સઙ્કલ્પદીપજૈઃ ।
તદ્વિકલ્પૈરલ ધૂમૈરલંધૂમૈસ્તથાઽઽથવૈઃ ॥૬॥

(૬) જો સ્થિરતા રૂપ રત્નનો દીવો સદા દેદીપ્યમાન છે તો સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થયેલા વિકલ્પરૂપ ધૂમાડાનું તથા અત્યંત મલિન પ્રાણાતિપાત આદિ આસ્રવોનું શું કામ છે ? અર્થાત્ જે આત્મસ્વભાવમાં સ્થિર રહે છે તેને સંકલ્પ-વિકલ્પો અને આસ્રવો હોતા નથી.

પરભાવની ચિંતાને અનુસરનાર અશુદ્ધ ચપલતા એ સંકલ્પ છે અને તેનું વારંવાર સ્મરણ એ વિકલ્પ છે. જેમ તેલાદિનો દીપક થોડીવાર પ્રકાશ કરીને ઘરને ધૂમાડાથી કાળું બનાવી દે છે, તેમ સંકલ્પો ક્ષણિક હોવાથી ક્ષણવાર રહીને વિકલ્પોથી આત્માને મલિન બનાવે છે.

ઉદીરયિયસિ સ્વાન્તાદસ્થૈર્યં પવનં યદિ ।
સમાધેર્ધર્મમેઘસ્ય ઘટાં વિઘટાયિષ્યસિ ॥૭॥

(૭) જો અંતઃકરણમાંથી અસ્થિરતા રૂપ પવન

ઉત્પન્ન કરીશ તો ધર્મમેઘ સમાધિની શ્રેણિને વિખેરી નાખીશ.

જેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવા ધર્મની વૃષ્ટિ કરે તે ધર્મમેઘ સમાધિ. જેમ એકાએક ફુંકાયેલો પ્રચંડ પવન વાદળાની શ્રેણિ વિખેરી નાંખે છે, તેમ સ્થિર પણ આત્મામાં જો તેવા પ્રકારના પ્રમાદાદિના યોગે અસ્થિરતા ઉત્પન્ન થાય તો જેના યોગે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવી ઉત્તમ થાય તો જેના યોગે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવી ઉત્તમ પ્રકારની સમાધિનો નાશ થાય. પરિણામે કેવળજ્ઞાન અટકી જાય.

ચારિત્રં સ્થિરતારૂપમતઃ સિદ્ધેષ્વપીષ્યતે ।
યતન્તાં યતયોડવશ્યમસ્યા એવ પ્રસિદ્ધયે ॥૮॥

(૮) યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે. આથી સિદ્ધોમાં પણ ચારિત્ર કહ્યું છે માટે યતિઓએ સ્થિરતાની જ પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.

## અથ મોહત્યાગાષ્ટકમ્ ॥૪॥

અહં મમેતિ મન્ત્રોડયં મોહસ્ય જગદાન્ધ્યકૃત્ ।
અયમેવ હિ નઞ્પૂર્વઃ પ્રતિમન્ત્રોડપિ મોહજિત્ ॥૧॥

(૧) હું અને મારું એ પ્રમાણે મોહરાજાનો મંત્ર છે. એ મંત્ર જગતને આંધળું કરે છે. નકાર પૂર્વક આ જ હું નથી મારું નથી એ પ્રમાણે વિરોધી મંત્ર પણ છે. તે મંત્ર મોહને જિતનાર છે. કારણ કે તે ધર્મરાજાનો મંત્ર છે.

શુદ્ધાત્મદ્રવ્યમેવાહં શુદ્ધજ્ઞાનં ગુણો મમ ।
નાન્યોડહં ન મમાન્યે ચેત્યદો મોહાસ્ત્રમુલ્વણમ્ ॥૨॥

(૨) પુદ્‌ગલસંગથી રહિત નિજ સત્તા રૂપે રહેલ શુદ્ધ આત્મા દ્રવ્ય જ હું છું, ધનવાન વગેરે રૂપે હું નથી. કેવળજ્ઞાન વગેરે ગુણો મારા છે, સંપત્તિ આદિ પદાર્થો મારા નથી. આવી ભાવના મોહને મારવાનું તીક્ષ્ણ શસ્ત્ર છે.

યો ન મુહ્યતિ લગ્નેષુ ભાવેષ્વૌદયિકાદિષુ ।
આકાશમિવ પઙ્કેન નાસૌ પાપેન લિપ્યતે ॥૩॥

(૩) જે વળગેલા ઔદયિક આદિ ભાવોમાં રાગ-દ્વેષ કરતો નથી, તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી.

કર્મના ઉદયથી પ્રાપ્ત થતા કામભોગાદિના નિમિત્તમાત્રથી કર્મબંધ થતો નથી, પરંતુ તેમાં રાગદ્વેષ થાય

તો કર્મબંધ થાય છે. કર્મબંધનું મુખ્ય કારણ રાગદ્વેષ છે. આથી કર્મના ઉદયથી આવતા સુખ-દુઃખમાં રાગ-દ્વેષ ન કરનાર કર્મોથી લેપાતો નથી. તીર્થંકર વગેરે જીવોનું ગૃહસ્થાવાસનું જીવન આ વિષયમાં દૃષ્ટાંત રૂપ છે.

પશ્યન્નેવ પરદ્રવ્યનાટકં પ્રતિપાટકમ્ ।
ભવચક્રપુરસ્થોઽપિ નામૂઢઃ પરિખિદ્યતિ ॥૪॥

(૪) અનાદિ અનંત કર્મ પરિણામ રાજાના પાટનગર રૂપ ભવચક્ર નામના નગરમાં રહેવા છતાં એકેંદ્રિય આદિ નગરની પોળે પોળે પુદ્‌ગલદ્રવ્યના જન્મ, જરા અને મરણ આદિ નાટકને જોતો મોહ રહિત આત્મા ખેદ પામતો નથી.

વિકલ્પચષકૈરાત્મા પીતમોહાસવો હ્યયમ્ ।
ભવોચ્ચતાલમુત્તાલપ્રપઞ્ચમધિતિષ્ઠતિ ॥૫॥

(૫) વિકલ્પ રૂપ મદ્યપાનના પાત્રથી મોહ રૂપ મદિરાનું પાન કરનાર આ આત્મા જ્યાં હાથ ઊંચા કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે. એવા સંસાર રૂપ દારુના પીઠાનો આશ્રય કરે છે.

જેમ દારુના પીઠામાં દારુ પીને નશામાં રહેલો માણસ સ્વૃપરના વિવેકથી રહિત બનીને તાળીઓ આપવી વગેરે અયોગ્ય ચેષ્ટાઓ કરે છે તેમ મોહાધીન જીવ વિષયસેવનાદિ અનુચિત પ્રવૃત્તિ કરે છે.

નિર્મલં સ્ફટિકસ્યેવ સહજં રૂપમાત્મનઃ ।
અધ્યસ્તોપાધિસમ્બન્ધો જડસ્તત્ર વિમુહ્યતિ ॥૬॥

(૬) આત્માનું સ્વાભાવિક સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મળ છે. મૂઢ જીવ નિર્મલ આત્મામાં કર્મજન્ય ઉપાધિના સંબંધનો આરોપ કરીને મૂંઝાય છે.

આત્માના સ્વાભાવિક સ્વરૂપને નહિ જાણનારા જીવો આત્મા શુદ્ધ હોવા છતાં કર્મના યોગથી મનુષ્ય આદિ રૂપે દેખાતા આત્માને ખરેખર મનુષ્ય વગેરે રૂપે માનીને મુંઝાય છે.

અનારોપસુખં મોહત્યાગાદનુભવન્નપિ ।
આરોપપ્રિયલોકેષુ વક્તુમાશ્ચર્યવાન્ ભવેત્ ॥૭॥

(૭) મોહના ત્યાગથી (-ક્ષયોપશમથી) સહજ સુખનો અનુભવ કરનાર પણ આરોપિત સુખમાં

પ્રીતિવાળા લોકને સહજ સુખ કહેવામાં આશ્ચર્ય પામે છે. સહજ સુખનું સ્વરૂપ વાણીથી સમજાવી શકાતું ન હોવાથી મૂઢ જીવોને આ.સહજ સુખ શી રીતે સમજાવવું એમ આશ્ચર્ય પામે છે.

યશ્ચિદર્પણવિન્યસ્તસમસ્તાચારચારુધીઃ ।
ક્વ નામ સ પરદ્રવ્યેઽનુપયોગિનિ મુહ્યતિ ? ॥૮॥

(૮) જે જ્ઞાન રૂપ દર્પણમાં સ્થાપન કરેલા સમસ્ત (જ્ઞાનાદિ પાંચ) આચારોથી સુંદર બુદ્ધિવાળો છે તે કામમાં ન આવે તેવા પુદ્ગલાદિ પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે ? અર્થાત્ સમ્યગ્જ્ઞાનપૂર્વક જ્ઞાનાદિ આચારોમાં ઓતપ્રોત બનેલો આત્મા પરદ્રવ્યમાં ક્યાંય મોહ પામતો નથી.

## અથ જ્ઞાનાષ્ટકમ્ ॥૫॥

મજ્જત્યજ્ઞઃ કિલાજ્ઞાને વિષ્ઠાયામિવ શૂકરઃ ।
જ્ઞાની નિમજ્જતિ જ્ઞાને મરાલ ઈવ માનસે ॥૧॥

(૧) જેમ ભૂંડ વિષ્ઠામાં મગ્ન બને છે, તેમ અજ્ઞાની- સ્વપરના વિવેકથી રહિત જીવ ખરેખર

અજ્ઞાનમાં-પુદ્ગલદ્રવ્યમાં મશગૂલ બને છે. જેમ હંશ માનસરોવરમાં અત્યંત મશગૂલ બને છે, તેમ જ્ઞાની-સ્વપરના વિવેકવાળો જીવ જ્ઞાનમાં-આત્મસ્વરૂપમાં અતિશય લીન બને છે.

નિર્વાણપદમ્પ્યેકં ભાવ્યતે યન્મુહુર્મુહુઃ ।
તદેવ જ્ઞાનમુત્કૃષ્ટં નિર્બન્ધો નાસ્તિ ભૂયસા ॥૨॥

(૨) મોક્ષના સાધનભૂત એક પણ પદની જે વારંવાર ભાવના-આગમ અને શ્રુતયુક્તિથી મનન થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. ઘણું ભણવાનો આગ્રહ નથી.

સાવધાની :- આનો અર્થ એ નથી કે ઘણું ન ભણવું. સમ્યગ્દર્શનાદિ ગુણોની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ માટે ઘણું ભણવાની બહુ જરૂર છે. અહીં ઘણું ભણવાનો આગ્રહ નથી એવું કથન ભાવનાજ્ઞાનની મહત્તા બતાવવા કરવામાં આવ્યું છે. ભાવનાજ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે અને ભાવનાજ્ઞાન પૂર્વકની જ ક્રિયા શીઘ્ર મોક્ષ આપનારી બને છે. એક પણ પદના ભાવનાજ્ઞાનથી કલ્યાણ થાય છે. આથી જ સામાયિક પદ માત્રની ભાવનાથી-ભાવનાજ્ઞાનથી અનંતા જીવો

મોક્ષ પામ્યા છે એમ શાસ્ત્રમાં સંભળાય છે. ભાવનાજ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે, અને તે વિના ઘણું જ્ઞાન પણ પોપટના પાઠરૂપ છે.

સ્વભાવલાભસંસ્કારકારણં જ્ઞાનમિષ્યતે ।
ધ્યાન્ધ્યમાત્રમતસ્ત્વન્યત્તથા ચોક્તં મહાત્મના ॥૩॥

(૩) જેનાથી આત્મસ્વભાવની પ્રાપ્તિ થાય તેવા સંસ્કારનું-વાસનાનું કારણ બને તે જ્ઞાન ઇષ્ટ છે. તે સિવાયનું જ્ઞાન બુદ્ધિનો અંધાપો છે. તે જ પ્રમાણે મહાત્મા પતંજલ ઋષિએ કહ્યું છે. અહીં પતંજલ ઋષિને પ્રથમ યોગદષ્ટિની અપેક્ષાએ મહાત્મા તરીકે જણાવેલ છે.

'વાદાંશ્ચ પ્રતિવાદાંશ્ચ વદન્તોऽનિશ્ચિતાંસ્તથા ।
તત્ત્વાન્તં નૈવ ગચ્છન્તિ તિલપીલકવદ્ ગતૌ' ॥૪॥

મહાત્મા પતંજલ ઋષિનું વચન :-

(૪) અનિર્ધારિત અર્થવાળા પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષને કહેતાં કહેતાં છ માસ સુધી કંઠશોષ કરે, પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે તત્ત્વનો પાર પામતા નથી.

સ્વદ્રવ્યગણપર્યાયચર્યા વર્યા પરાઙન્યથા ।
ઈતિ દત્તાત્મસંતુષ્ટિર્મુષ્ટિજ્ઞાનસ્થિતિર્મુનેઃ ॥૫॥

(૫) પોતાના શુદ્ધ આત્મદ્રવ્યમાં, પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન ચારિત્રાદિ ગુણોમાં અને પોતાના શુદ્ધ વ્યંજન-અર્થ પર્યાયમાં રમણતા હિતકર છે. પરાઙન્યથા-પરદ્રવ્ય ગુણ-પર્યાયમાં રમણતા હિતકર નથી. આ પ્રમાણે મુનિના જ્ઞાનનો સંક્ષેપથી સાર છે, જે મુનિના આત્માને સંતોષ આપે છે.

અષ્ટ પ્રવચન માતાથી આરંભી ૧૪ પૂર્વો સુધી મુનિનું શ્રુતજ્ઞાન હોય છે. એ બધા જ્ઞાનનો સંક્ષેપથી સાર શો ? એ પ્રશ્નના ઉત્તરમાં અહીં જણાવ્યું છે કે પોતાના શુદ્ધ આત્મ દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં રમણતા હિતકર છે અને પર દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રમણતા અહિતકર છે. મુનિના શ્રુતજ્ઞાનનો સંક્ષેપથી આ સાર છે. સંક્ષેપથી સારવાળું આ જ્ઞાન મુનિના આત્માને પરમ સંતોષ આપે છે. આથી મુનિ બાહ્ય ભાવોમાં ન રમતાં કેવળ સ્વભાવમાં જ રમે છે.

અસ્તિ ચેદ્ ગ્રન્થિભિજ્જ્ઞાનં કિં ચિત્રૈસ્તન્ત્રયન્ત્રણૈઃ ?।
પ્રદીપાઃ ક્વોપયુજ્યન્તે તમોઘ્ની દૃષ્ટિરેવ ચેત્ ? ॥૬॥

(૬) જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું આત્મ પરિણતિવાળું જ્ઞાન છે તો વિવિધ પ્રકારના શાસ્ત્રોના બંધનનું શું કામ છે ? જો દૃષ્ટિ જ અંધકારનો નાશ કરનારી છે. તો દીવાઓની શી જરૂર ?

દીપક અંધકાર દૂર કરવાનું સાધન છે. આથી જેની આંખ જ અંધકારનો નાશ કરતી હોય તેને દીપકની જરૂર પડતી નથી. તેમ, શાસ્ત્રો હેય-ઉપાદેયના વિવેક રૂપ (આત્મપરિણતિમત્) જ્ઞાનનું સાધન છે, આથી જો ગ્રંથીભેદથી (સમ્યક્ત્વની પ્રાપ્તિથી) એ જ્ઞાન થઈ જાય તો વિવિધ શાસ્ત્રોની જરૂર પડતી નથી.

મિથ્યાત્વશૈલપક્ષચ્છિજ્જ્ઞાનદમ્ભોલિશોભિતઃ ।
નિર્ભયઃ શક્રવદ્યોગી નન્દત્યાનન્દનન્દને ॥૭॥

(૭) મિથ્યાત્વ રૂપ પર્વતની પાખને છેદનાર, જ્ઞાન રૂપ વજ્રા વડે શોભાયમાન, અને નિર્ભય યોગી આનંદરૂપ નંદનવનમાં ઇન્દ્રની જેમ ક્રીડા કરે છે.

અર્થાત્ આવા યોગી (સ્વાભાવિક) સુખ અનુભવે છે.

પીયૂષસમુદ્રોત્થં રસાયનમનૌષધમ્ ।
અનન્યાપેક્ષમૈશ્વર્યં જ્ઞાનમાહુર્મનીષિણઃ ॥૮॥

(૮) પંડિતો જ્ઞાનને સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું અમૃત, ઔષધ વિનાનું રસાયણ અને અન્યની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય કહે છે.

લોકપ્રસિદ્ધ અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થયું છે.(એવી લોકમાન્યતા છે.) જ્યારે જ્ઞાન રૂપ અમૃત આત્મામાં જ પ્રગટ થાય છે. લોકપ્રસિદ્ધ રસાયણ માટે ઔષધના પ્રયોગો કરવા પડે છે, જ્યારે જ્ઞાન રૂપ અમૃત માટે તેવા પ્રયોગો કરવા પડતા નથી. લૌકિક ઐશ્વર્ય માટે સંપત્તિ આદિ બાહ્ય સાધનોની અપેક્ષા રહે છે, જ્યારે જ્ઞાન રૂપ ઐશ્વર્ય માટે તેની જરૂર પડતી નથી.

## અથ શમાષ્ટકમ્ ॥૬॥

વિકલ્પવિષયોત્તીર્ણઃ સ્વભાવાલમ્બનઃ સદા ।
જ્ઞાનસ્ય પરિપાકો યઃ સ શમઃ પરિકીર્તિતઃ ॥૧॥

(૧) જેમાં ઇષ્ટપણાની અને અનિષ્ટપણાની કલ્પના નથી અને નિરંતર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન છે એવો જ્ઞાનનો પરિપાક એ શમ છે. આ શમ યોગના પાંચ ભેદોમાં સમતારૂપ ચોથો ભેદ છે. યોગના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમાધિ અને વૃત્તિસંક્ષય એમ પાંચ ભેદો છે. ઉચિત વૃત્તિવાળા વ્રતધારીનું મૈત્રી વગેરે ભાવ સહિત જિનપ્રણીત શાસ્ત્રાનુસારે જીવાદિ તત્ત્વોનું ચિંતન તે અધ્યાત્મયોગ છે.

અનિચ્છન્ કર્મવૈષમ્યં બ્રહ્માંશેન સમં જગત્ ।
આત્માભેદેન યઃ પશ્યેદસૌ મોક્ષંગમી શમી ॥૨॥

(૨) જે કર્મકૃત વર્ણાશ્રમાદિ ભેદને ઇચ્છતો નથી અને ચૈતન્ય સત્તાની અપેક્ષાએ એકસ્વરૂપવાળા જગતના જીવોને પોતાના આત્માથી અભિન્નપણે જુએ છે તે ઉપશાંત યોગી મોક્ષગામી બને છે.

આરુરુક્ષુર્મુનિર્યોગં શ્રયેદ્ બાહ્યક્રિયામપિ ।
યોગારૂઢઃ શમાદેવ શુધ્યત્યન્તર્ગતક્રિયઃ ॥૩॥

(૩) સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતા મુનિ

બાહ્ય આવશ્યકાદિ ક્રિયાને પણ સેવે છે, યોગ ઉપર ચઢેલા મુનિ અભ્યંતર ક્રિયાવાળા હોય છે, અને ઉપશમથી જ શુદ્ધ થાય છે.

અહીં યોગારૂઢ થવા એટલે કે સમભાવને સિદ્ધ કરવા શું કરવું જોઈએ અને યોગારૂઢ થયા પછી શું કરવાનું રહે છે એ બે પ્રશ્નોનો ખુલાસો કરવામાં આવ્યો છે. તેમાં પહેલાં યોગારૂઢ થવા આવશ્યકાદિ બાહ્ય ક્રિયાની જરૂર છે એ વાત જણાવી. યોગારૂઢ થવા ઈચ્છાનારા મુનિ પ્રીતિ, ભક્તિ અને વચન રૂપ શુભ સંકલ્પમય અનુષ્ઠાનો દ્વારા અશુભ સંકલ્પોને હઠાવીને યોગારૂઢ થયા પછી બાહ્યક્રિયાઓની જરૂર નથી. યોગારૂઢ મુનિ બાહ્ય ક્રિયા વિના માત્ર શમથી-સિદ્ધ કરેલી સમતાથી જ શુદ્ધ થયા છે.

ધ્યાનવૃષ્ટેર્દયાનદ્યાઃ શમપૂરે પ્રસર્પતિ ।
વિકારતીરવૃક્ષાણાં મૂલાદુન્મૂલનં ભવેત્ ॥૪॥

(૪) ધ્યાન રૂપ વૃષ્ટિથી દયા રૂપ નદીનું શમ રૂપ પૂર વધે છે ત્યારે વિકાર રૂપ કાંઠાનાં વૃક્ષોનું મૂળથી ઉન્મૂલન થઈ જાય છે.

અહીં "ધ્યાન રૂપ વૃષ્ટિથી" એમ કહીને ધ્યાન એ શમનું સાદન છે એમ જણાવ્યું છે. ધ્યાન શમનું સાધન છે માટે જ પાંચ પ્રકારના યોગમાં ધ્યાન પછી સમતાનો નિર્દેશ છે.

જ્ઞાનધ્યાનતપ:શીલસમ્યક્ત્વસહિતોડપ્યહો ! ।
તં નાપ્નોતિ ગુણં સાધુર્ય પ્રાપ્નોતિ શમાન્વિતઃ ॥૫॥

(૫) કેવું આશ્ચર્ય ! શમથી અલંકૃત મુનિ જે ગુણો મેળવે છે તે ગુણો જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમ્યક્ત્વથી સહિત પણ સાધુ શમ વિના મેળવી શકતો નથી.

જ્ઞાનાદિ ગુણો હોવા છતાં શમ ગુણ ન આવે ત્યાં સુધી વીતરાગદશા, કેવળજ્ઞાન વગેરે ગુણો મેળવી શકાતા નથી. જ્ઞાનાદિ ગુણો શમ દ્વારા જ વીતરાગદશા, કેવળજ્ઞાન, વગેરે ગુણોનાં કારણ છે. અર્થાત્ જ્ઞાનાદિ ગુણોથી શમનો લાભ અને શમના લાભથી વીતરાગ દશા આદિ ગુણોનો લાભ થાય છે. આથી જ્ઞાનાદિ ગુણ યુક્ત સાધુએ એ ગુણો દ્વારા શમ ભાવને મેળવવાનું લક્ષ્ય રાખવું જોઈએ એવું અહીં ગર્ભિત રીતે સૂચન કર્યું છે.

સ્વયમ્ભૂરમણસ્પર્દ્ધિવર્ધિષ્ણુસમતારસઃ ।
મુનિર્યેનોપમીયતે કોડપિ નાસૌ ચરાચરે ॥૬॥

(૬) જે મુનિનો સમતારસ સ્વયંભૂરમણ સંમુદ્રની સ્પર્ધા કરી રહ્યો છે એ હજી ય વધી રહ્યો છે તે મુનિની તુલના કરી શકાય એવો કોઈ પદાર્થ જગતમાં નથી.

શમસૂક્તસુધાસિક્તં યેષાં નક્તંદિનં મનઃ ।
કદાપિ તે ન દહ્યન્તે રાગોરગવિષોર્મિભિઃ ॥૭॥

(૭) જેમનું મન સમતાના સુભાષિતો રૂપ અમૃતથી રાત-દિવસ સિંચાયેલું રહે છે તેઓ કદી પણ રાગ રૂપ સર્પના વિષના તરંગોથી બળતા નથી.

ગર્જજ્જ્ઞાનગજોત્તુઙ્ગરઙ્ગદ્ધ્યાનતુરઙ્ગમાઃ ।
જયન્તિ મુનિરાજસ્ય શમસામ્રાજ્યસંપદઃ ॥૮॥

(૮) જેમાં જ્ઞાન રૂપ હાથીઓ ગર્જના કરી રહ્યા છે અને ધ્યાન રૂપ અશ્વો ખેલી રહ્યા છે એવી, મુનિરૂપ રાજાની શમ રૂપ સામ્રાજ્યની સંપત્તિ સર્વોત્કૃષ્ટ છે.

અથ ઈન્દ્રિયજયાષ્ટકમ્ ॥૭॥

બિભેષિ યદિ સંસારાન્મોક્ષપ્રાપ્તિં ચ કાંક્ષસિ ।
તદેન્દ્રિયજયં કર્તું સ્ફોરય સ્ફારપૌરુષમ્ ॥૧॥

(૧) જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષ મેળવવાને ઇચ્છે છે તો ઈંદ્રિયોનો જય કરવા દેદીપ્યમાન પરાક્રમને ફોરવ, અર્થાત્ મહા પરાક્રમ કર.

ઈંદ્રિયોને પોત પોતાના વિષયથી રોકવી એ વાસ્તવિક ઈંદ્રિય જય નથી, કિંતુ શુભ કે અશુભ રૂપ આદિ વિષયમાં રાગદ્વેષ ન કરવા એ ઈંદ્રિય જય છે. અલબત્ત, ઈંદ્રિયજય માટે ઈંદ્રિયોને વિષયોથી દૂર રાખવી એ જરૂરી છે, એથી ઈંદ્રિયજય સુકર બને છે, પણ એટલા માત્રથી ઈંદ્રિયજય થઈ ગયો છે એમ ન કહી શકાય. ઈંદ્રિયોનો વિષયો સાથે સંબંધ થવા છતાં વિવેકના બળે તેમાં રાગ-દ્વેષ ન કરવા એ જ વાસ્તવિક ઈંદ્રિયજય છે.

વૃદ્ધાસ્તૃષ્ણાજલાપૂર્ણૈરાલવાલૈઃ કિલેન્દ્રિયૈઃ ।
મૂર્છામતુચ્છાં યચ્છન્તિ વિકારવિષપાદપાઃ ॥૨॥

(૨) ખરેખર ! તૃષ્ણા રૂપ જળ વડે સંપૂર્ણ ભરેલા ઈંદ્રિયો રૂપ કયારાઓથી મોટા થયેલા વિકાર રૂપ વિષવૃક્ષો ગાઢ મૂર્ચ્છા આપે છે મોહ પમાડે છે.

સરિત્સહસ્રદુષ્પૂરસમુદ્રોદસોદરઃ ।
તૃપ્તિમાન્નેન્દ્રિયગ્રામો ભવ તૃપ્તોઽન્તરાત્મના ।।૩।।

(૩) હજારો નદીઓથી ન પૂરી શકાય એવા સમુદ્રનાં તળિયા જેવો ઈંદ્રિઓનો સમૂહ ગમે તેટલા વિષયો આપવામાં આવે તો પણ તૃપ્ત થતો નથી. માટે ઈંદ્રિયોને મનગમતા વિષયો આપીને તૃપ્ત કરવાની ધાંધલ છોડીને આત્માના સહજ સુખથી તૃપ્ત થા.

આત્માનં વિષયૈઃ પાશૈર્ભવવાસપરાङ्મુખમ્ ।
ઈન્દ્રિયાણિ નિબધ્નન્તિ મોહરાજસ્ય કિઙ્કરાઃ ।।૪।।

(૪) મોહરાજાના. ચાકર રૂપ ઈંદ્રિયો સંસારવાસથી વિમુખ થયેલા આત્માને પણ વિષયો રૂપ બંધનોથી બાંધે છે ?

ગિરિમૃત્સ્નાં ધનં પશ્યન્ ધાવતીન્દ્રિયમોહિતઃ ।
અનાદિનિધનં જ્ઞાનં ધનં પા ર્વે ન પશ્યતિ ।।૫।।

(૫) ઈંદ્રિયોથી મોહ પામેલો જીવ પર્વતની માટીને સુવર્ણ-ચાંદી આદિ ધન રૂપે જોતો ચારે તરફ દોડે છે, પણ પોતાની જ પાસે અનાદિ અનંત જ્ઞાન રૂપ ધનને જોતો નથી.

પુરઃપુરઃસ્ફુરત્તૃષ્ણા મૃગતૃષ્ણાનુકારિષુ ।
ઈન્દ્રિયાર્થેષુ ધાવન્તિ ત્યક્ત્વા જ્ઞાનામૃતં જડાઃ ॥૬॥

(૬) આગળ આગળ વધતી જતી તૃષ્ણાવાળા મૂર્ખ લોકો જ્ઞાન રૂપ અમૃતને છોડીને ઝાંઝવાના જળ સરખા ઈંદ્રિયોના રૂપાદિ વિષયોમાં દોડે છે.

પતઙ્ગભૃઙ્ગમીનેભસારઙ્ગા યાન્તિ દુર્દશામ્ ।
એકૈકેન્દ્રિયદોષાચ્ચેદ્ દુષ્ટૈસ્તૈઃ કિં ન પઞ્ચભિઃ ? ॥૭॥

(૭) જો પતંગિયું, ભ્રમર, મત્સ્ય, હાથી અને હરણ એક એક ઈંદ્રિયના દોષથી મરણાદિ રૂપ દુર્દશાને પામે છે તો દુષ્ટ પાંચે ઈંદ્રિયોથી શું ન થાય ? અર્થાત્ અનેક પ્રકારે દુર્દશા થાય

વિવેકદ્વિપહર્યક્ષૈઃ સમાધિધનતસ્કરૈઃ ।
ઈન્દ્રિયૈર્યો ન જિતોઽસૌ ધીરાણાં ધુરિ ગણ્યતે ॥૮॥

(૮) વિવેક રૂપ હાથીને હણવામાં સિંહે સમાન અને સાધિ રૂપ ધન ચોરવામાં ચોર સમાન ઇંદ્રિયોથી જે જીતાયો નથી તે ધીર પુરુષોમાં અગ્રેસર ગણાય છે.

## અથ ત્યાગાષ્ટકમ્ ॥૮॥

સંયતાત્મા શ્રયે શુદ્ધોપયોગં પિતરં નિજમ્ ।
ધૃતિમમ્બાં ચ પિતરૌ તન્માં વિસૃજતં ધ્રુવમ્ ॥૧॥

(૧) હે માતાપિતા ! સંયમને અભિમુખ થયેલો હું રાગ-દ્વેષ રહિત શુદ્ધ આત્મજ્ઞાન રૂપ પોતાના પિતાનો અને આત્મરતિ રૂપ માતાનો આશ્રય કરું છું. આથી હવે તમે મને અવશ્ય છોડો.

યુષ્યમાકં સઙ્ગમોડનાદિર્બન્ધવોડનિયતાત્મનામ્ ।
ધ્રુવૈકરૂપાન્ શીલાદિબન્ધૂનિત્યધુના શ્રયે ॥૨॥

(૨) હે બંધુઓ ! બંધુ તે શત્રુ થાય અને શત્રુ તે બંધુ થાય એ પ્રમાણે અનિશ્ચિત પર્યાયવાળા તમારો સંબંધ (પ્રવાહથી) અનાદિથી છે. આથી હવે નિશ્ચિત રૂપે એક સ્વરૂપવાળા (નિયમાહિત કરવાના જ સ્વરૂપાળા) શીલ, સત્ય, શમ, દમ સંતોષાદિ બંધુઓનો

આશરો લઉં છું.

કાન્તા મે સમતૈવૈકા જ્ઞાતયો મે સમક્રિયાઃ ।
બાહ્યવર્ગમિતિ ત્યક્ત્વા ધર્મસંન્યાસવાન્ ભવેત્ ॥૩॥

(૩) એક સમતા જ મારી વહાલી પત્ની છે, સમાન આચારવાળા સાધુઓ જ મારા સંબંધીઓ છે. આ પ્રમાણે (પહેલી બીજી ગાથામાં અને ત્રીજી ગાથાના પૂર્વાર્ધમાં જણાવ્યા પ્રમાણે) બાહ્ય પરિવારનો ત્યાગ કરીને બાહ્યઋદ્ધિ આદિ સંબંધી ઔદયિક ભાવ રૂપ ધર્મના ત્યાગવાળો થાય, અર્થાત્ ઔદયિક ભાવને છોડી ક્ષયોપશમિક ભાવવાળો થાય.

ધર્માસ્ત્યાજ્યાઃ સુસઙ્ગોત્થાઃ ક્ષાયોપશમિકા અપિ ।
પ્રાપ્ય ચન્દગન્ધાભં ધર્મસંન્યાસમુત્તમમ્ ॥૪॥

(૪) બાવના ચંદનના ગંધ સમાન ઉત્તમ ધર્મસંન્યાસને પામીને સત્સંગથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક ધર્મો પણ તજવા લાયક છે.

ગુરુત્વં સ્વસ્ય નોદેતિ શિક્ષાસાત્મ્યેન યાવતા ।
આત્મતત્ત્વપ્રકાશેન તાવત્સેવ્યો ગુરૂત્તમઃ ॥૫॥

(૫) જ્યાં સુધી ગ્રહણ અને આસેવન એ બંને શિક્ષાના સમ્યક્ પરિણમનથી શુદ્દ આત્મ સ્વરૂપના (સંશય અને વિપર્યાસથી રહિત) બોધ વડે પોતાના આત્મામાં ગુરુપણું ન આવે ત્યાં સુધી ઉત્તમ ગુરુ (જ્ઞાનાદાતા આચાર્ય) સેવવા જોઈએ.

જ્ઞાનાચારાદયોઽપીષ્ટાઃ શુદ્ધસ્વસ્વપદાવધિ ।
નિર્વિકલ્પે પુનસ્ત્યાગે ન વિકલ્પો ન વા ક્રિયા ॥૬॥

(૬) જ્ઞાનાચારાદિ પણ પોતપોતાના શુદ્ધપદની મર્યાદા સુધી ઈષ્ટ છે-સેવન કરવા જોઈએ. નિર્વિકલ્પ ત્યાગની અવસ્થામાં વિકલ્પ નથી અને ક્રિયા પણ નથી.

જ્ઞાનાચારનું શુદ્ધ પદ કેવળજ્ઞાન છે. આથી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનાચારનું સેવન જરૂરી છે. દર્શનાચારનું શુદ્ધ પદ ક્ષાયિક સમ્યક્ત્વ છે. આથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દર્શનાચારનું સેવન જરૂરી છે. એ પ્રમાણે સ્વશુદ્ધ પદ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચારિત્રાચારનું સેવન કરવું જોઈએ. સ્વશુદ્ધ પદ પરમ શુક્લ ધ્યાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તપાચારનું પાલન કરવું જોઈએ.

આત્મવીર્યનું સેવન જરૂરી છે.

યોગસંન્યાસતસ્ત્યાગી યોગાનપ્યખિલાંસ્ત્યજેત્ ।
ઈત્યેવં નિર્ગુણં બ્રહ્મ પરોક્તમુપપદ્યતે ॥૭॥

(૭) ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગી યોગના નિરોધથી સર્વયોગોનો પણ ત્યાગ કરે. આ પ્રમાણે બીજાએ કહેલ ગુણરહિત આત્મા પણ ઘટે છે.

વસ્તુતસ્તુ ગુણૈઃ પૂર્ણમનન્તૈર્ભાસતે સ્વતઃ ।
રૂપં ત્યક્તાત્મનઃ સાધોર્નિરભ્રસ્ય વિધોરિવ ॥૮॥

(૮) પરમાર્થથી તો વાદળાંઓથી રહિત ચંદ્રની જેમ સર્વિભાવોથી રહિત આત્મા કેવળ જ્ઞાનાદિ અનંતગુણોથી પરિપૂર્ણ સ્વયમેવ ભાસે છે પ્રગટે છે. અર્થાત્ જેમ વાદળ દૂર થતા ચંદ્રનો સ્વાભાવિક પ્રકાશ ગુણ પ્રગટ થાય છે તેમ સર્વ વિભાવો દૂર થતાં આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે. આથી આત્મા સર્વથા નિર્ગુણ છે એવી માન્યતા મિથ્યા છે.

## અથ ક્રિયાષ્ટકમ્ ॥૯॥

જ્ઞાની ક્રિયાપરઃ શાન્તો ભાવિતાત્મા જિતેન્દ્રિયઃ ।
સ્વયં તીર્ણો ભવામ્ભોધેઃ પરાંસ્તારયિતું ક્ષમઃ ॥૧॥

(૧) જ્ઞાની, ક્રિયામાં તત્પર, ઉપશાંત, જ્ઞાનાદિ ગુણોથી ભાવિતાત્મા અને જિતેંદ્રિય સાધુ સ્વયં સંસાર સમુદ્રથી તરેલો છે અને બીજાને તારવાને સમર્થ છે.

ક્રિયાવિરહિત હન્ત જ્ઞાનમાત્રમનર્થકમ્ ।
ગતિં વિના પથજ્ઞોઽપિ નાપ્નોતિ પુરમીપ્સિતમ્ ॥૨॥

(૨) ક્રિયારહિત એકલું જ્ઞાન (મોક્ષફળ મેળવવા માટે) નિરર્થક છે. માર્ગનો જાણકાર પણ ચાલવાની ક્રિયા વિના ઈચ્છિત શહેરમાં પહોંચતો નથી.

સ્વાનુકૂલાં ક્રિયાં કાલે જ્ઞાનપૂર્ણોઽપ્યપેક્ષતે ।
પ્રદીપઃ સ્વપ્રકાશોઽપિ તૈલપૂર્ત્યાદિકં યથા ॥૩॥

(૩) જેમ દીપક સ્વયં સ્વપ્રકાશ રૂપ હોવા છતાં, તેલ પૂરવા આદિ ક્રિયાની અપેક્ષા રાખે છે, તેમ પૂર્ણ જ્ઞાની પણ અવસરે સ્વભાવ રૂપ કાર્યને અનુકૂળ ક્રિયાની અપેક્ષા રાખે છે.

બાહ્યભાવં પુરસ્કૃત્ય યે ક્રિયાં વ્યવહારતઃ ।
વદને કવલક્ષેપં વિના તે તૃપ્તિકાઙ્ક્ષિણઃ ॥૪॥

(૪) જેઓ બાહ્યભાવને આગળ કરીને વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે તેઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઇચ્છે છે.

સાર :- આવશ્યકાદિ ક્રિયાઓ કરવી એ તો બાહ્યભાવ છે. મુક્તિ બાહ્યભાવથી ન થાય, કિંતુ અંતરના પરિણામથી થાય. આથી મુક્ત મેળવવા બાહ્ય ક્રિયાઓની જરૂર નથી એમ કહીને ક્રિયાઓનો નિષેધ કરનારાઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઇચ્છનારા છે. જેમ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ન થાય તેમ આવશ્યાદિ ક્રિયાઓ વિના પણ મોક્ષ ન થાય.

ગુણવદ્બહુમાનદેર્નિત્યસ્મૃત્યા ચ સત્ક્રિયા ।
જાતં ન પાતયેદ્ભાવમજાતં જનયેદપિ ॥૫॥

(૫) અધિક ગુણવંતનો બહુમાન વગેરેથી અને લીધેલા નિયમોના નિત્ય સ્મરણથી શુભક્રિયા ઉત્પન્ન થયેલા શુભભાવને ન પાડે અને નહિ ઉત્પન્ન થયેલા ભાવને ઉત્પન્ન કરે.

(આદિ શબ્દથી પાપની જુગુપ્સા, અતિચારોની આલોચના, દેવ-ગુરુની ભક્તિ અને ઉત્તરગુણની શ્રદ્ધાનું

ગ્રહણ કરવું. ઉત્તરગુણની શ્રદ્ધા એટલે ઉત્તરગુણની ઇચ્છા. સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોય તો અણુવ્રત વગેરેની ઇચ્છા રાખવી, અણુવ્રતનો સ્વીકાર કર્યો હોય તો મહાવ્રતોની ઇચ્છા રાખવી એમ મળેલા ગુણોથી ઉપરના ગુણો ઇચ્છા ઉત્તરગુણ શ્રદ્ધા છે.)

ક્ષાયોપશમિકે ભાવે યા ક્રિયા ક્રિયતે તયા ।
પતિતસ્યાપિ તદ્‌ભાવપ્રવૃદ્ધિર્જાયતે પુનઃ ॥૬॥

(૬) ક્ષાયોપશમિક ભાવમાં કરવામાં આવતી ક્રિયાથી શુભભાવથી પડી ગયેલાના પણ શુભ ભાવની ફરી વૃદ્ધિ થાય છે. અર્થાત્ જેના શુભ ભાવો મંદ પડી ગયા છે તેના પણ શુભ ભાવોક્ષાયોપશમિક ભાવથી ક્રિયા કરતાં કરતાં વધે છે, અને જેના શુભભાવો મંદ પડ્યા નથી તેના શુભભાવો ક્રિયા કરતાં કરતાં અધિક વધે છે. અથવા સ્થિર રહે છે. આ જ વાત હવે પછીના શ્લોકમાં કહી છે.

ગુણવૃદ્ધયૈ તતઃ કુર્યાત્ ક્રિયામસ્ખલનાય વા ।
એકં તુ સંયમસ્થાનં જિનાનામવતિષ્ઠતે ॥૭॥

(૭) (ક્ષાયોપશમિક ભાવની ક્રિયામાં શુભ ભાવોને વધરાવાનો અને સ્થિર રાખવાનો ગુણ છે.) આથી ગુણની વૃદ્ધિ માટે અથવા·સ્થિરતા માટે ક્રિયા કરવી જોઈએ. એક જ સંયમસ્થાન તો કેવળજ્ઞાનીને જ રહે છે.

કેવળજ્ઞાનીના પરિણામો એક સરખા રહેતા હોવાથી તેમને આવશ્યકાદિ ક્રિયાની જરૂર નથી. પણ કેવળજ્ઞાની સિવાય બીજાઓના પરિણામની હાનિ-વૃદ્ધિ થયા કરે છે. આથી તેમને સારા પરિણામની રક્ષા અને વૃદ્ધિ માટે આવશ્યકાદિ ક્રિયાની જરૂર છે.

વચનોડષ્ઠાનતોડસઙ્ગા ક્રિયા સઙ્ગતિમઙ્ગતિ ।
સેયં જ્ઞાનક્રિયાડભેદભૂમિરાનન્દપિચ્છલા ॥૮॥

(૮) વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિ રૂપ અસંગ ક્રિયા સંગતિને-યોગ્યતાને પામે છે. અર્થાત્ વચનાનુષ્ઠાનથી અનુક્રમે અસંગક્રિયા સિદ્ધ થાય છે. તે આ (અસંગક્રિયા) જ્ઞાનક્રિયાની અભેદભૂમિકા છે. કારણ કે અસંગભાવ રૂપ ક્રિયા શુદ્ધોપયોગ રૂપ જ્ઞાન

અને શુદ્ધવીર્યોલ્લાસ રૂપ ક્રિયા સાથે તાદાત્મ્ય-એકરૂપતા ધારણ કરે છે. તથા તે અસંગક્રિયા સ્વાભાવિક આનંદરૂપ અમૃતરસથી ભિંજાયેલી છે.

## અથ તૃપ્ત્યષ્ટકમ્ ॥૧૦॥

પીત્વા જ્ઞાનામૃતં ભુક્ત્વા ક્રિયાસુરલતાફલમ્ ।
સામ્યતામ્બૂલમાસ્વાદ્ય તૃપ્તિં યાતિ પરાં મુનિઃ ॥૧॥

(૧) જ્ઞાન રૂપ અમૃત પીને, ક્રિયા રૂપ કલ્પવેલડીના ફળ ખાઈને અને સમતા રૂપ તાંબૂલનો આસ્વાદ કરીને મુનિ ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે.

સ્વગુણૈરેવ તૃપ્તિશ્ચેદાકાલમવિનશ્વરી ।
જ્ઞાનિનો વિષયૈઃ કિં તૈર્યૈર્ભવેત્તૃપ્તિરિત્વરી ॥૨॥

(૨) જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિ ગુણો વડે સદાકાળ વિનાશ ન પામે તેવી તૃપ્તિ થતી હોવાથી ક્ષણિક તૃપ્તિ કરનારા વિષયોની જરા ય પડી હોતી નથી.

યા શાન્તૈકરસાસ્વાદાદ્ભવેત્તૃપ્તિરતીન્દ્રિયા ।
સા ન જિહ્વેન્દ્રિયદ્વારા ષડ્રસાસ્વાદનાદપિ ॥૩॥

(૩) કોઈની તુલનામાં ન આવે તેવા શાંત રસના આસ્વાદથી અનુભવ ગમ્ય જેવી તૃપ્તિ થાય છે તેવી તૃપ્તિ જિહ્વા ઈંદ્રિયથી ષડ્રસના ભોજનથી પણ થતી નથી.

સંસારે સ્વપ્નવન્મિથ્યા તૃપ્તિઃ સ્યાદાભિમાનિકી ।
તથ્યા તુ ભ્રાન્તિશૂન્યસ્ય સાત્મવીર્યવિપાકકૃત્ ॥૪॥

(૪) જેમ સ્વપ્નમાં મોદક ખવાથી કે જોવાથી વાસ્તવિક તૃપ્તિ થતી નથી, તેમ સંસારમાં વિષયોથી માની લીધેલી જુઠી તૃપ્તિ થાય છે. સાચી તૃપ્તિ તો મિથ્યાજ્ઞાન રહિત સમ્યગ્દષ્ટિને હોય છે. તે તૃપ્તિ આત્મવીર્યનો વિપાક-પુષ્ટિ કરનારી છે. અર્થાત્ તૃપ્તિથી આત્મવીર્યની પુષ્ટિ-વૃદ્ધિ થાય છે. (તૃપ્તિનું લક્ષણ આત્મવીર્યની પુષ્ટિ છે.

પુદ્ગલૈઃ પુદ્ગલાસ્તૃપ્તિં યાન્ત્યાત્મા પુનરાત્મના ।
પરતૃપ્તિસમારોપો જ્ઞાનિનસ્તન્ન યુજ્યતે ॥૫॥

(૫) પુદ્ગલોથી પુદ્ગલો જ ઉપચય રૂપ તૃપ્તિ પામે છે. તથા આત્મગુણ-પરિમામથી આત્મા તૃપ્તિ પામે છે. આથી પુદ્ગલની તૃપ્તિનો આત્મામાં ઉપચાર

કરવો એ અભ્રાન્ત જ્ઞાનીને ઘટતો નથી. અન્યદ્રવ્યના ધર્મનો અન્યદ્રવ્યમાં આરોપ કરે તે જ્ઞાની કેમ કહેવાય ?

(ભાવ :- સ્વાદિષ્ટ ભોજનથી શરીરમાં ઉપચય = પુષ્ટિ-વૃદ્ધિ થાય છે. ભોજન પુદ્ગલો છે અને શરીર પણ પુદ્ગલ છે. આથી પુદ્ગલોથી પુદ્ગલો તૃપ્તિ પામે છે, નહિ કે આત્મા. આત્મા અને પુદ્ગલ બંને ભિન્ન દ્રવ્યો છે. આથી પુદ્ગલનો તૃપ્તિ રૂપ ધર્મ આત્મામાં ક્યાંથી આવે ? આમ છતાં, ભોજનાદિ પુદ્ગલોથી આત્મા તૃપ્તિ પામે છે એમ માનવું એ અજ્ઞાનતા છે. જ્ઞાની આવું ન માને, જ્ઞાની તો આત્મગુણપરિણામથી જ આત્મા તૃપ્તિ પામે છે એમ માને. જેમ અહીં ભોજનના દૃષ્ટાંતથી પુદ્ગલોથી પુદ્ગલો તૃપ્તિ પામે છે એની ઘટના કરી તેમ પાંચે ય ઈંદ્રિયોના વિષયોના દૃષ્ટાંતથી ઘટના કરી લેવી.)

મધુરાજ્યમહાશાકાગ્રાહ્યે બાહ્યે ચ ગોરસાત્ ।
પરબ્રહ્માણિ તૃપ્તિર્યા જનાસ્તાં જાનતેઽપિ ન ॥૬॥

(૬) મનોહર રાજ્યની મોટી આશાવાળાઓથી

ન અનુભવી શકાય અને વાણીથી ન કહી શકાય તેવા પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને અજ્ઞાન લોકો જાણતા પણ નથી ! તો અનુભવે ક્યાંથી ?

વિષયોર્મિવિષોદ્‌ગારઃ સ્યાદતૃપ્તસ્ય પુદ્‌ગલૈઃ ।
જ્ઞાનતૃપ્તસ્ય તુ ધ્યાનસુધોદ્‌ગારપરમ્પરા ॥૭॥

(૭) પુદ્‌ગલથી અતૃપ્તને વિષયવિલાસ રૂપ વિષના (ખરાબ) ઓડકાર આવે છે. જ્ઞાનથી તૃપ્તને ધ્યાન રૂપ અમૃતના (મીઠા) ઓડકારની પરંપરા ચાલે છે.

સુખિનો વિષયાતૃપ્તા નેન્દ્રોપેન્દ્રાદયોડપ્યહો ।
ભિક્ષુરેકઃ સુખી લોકે જ્ઞાનતૃપ્તો નિરઞ્જનઃ ॥૮॥

(૮) કેવું આશ્ચર્ય ! વિષયોથી અતૃપ્ત ઈંદ્ર વગેરે પણ સુખી નથી. આ જગતમાં જ્ઞાનથી તૃપ્ત થયેલ અને કર્મ રૂપ અંજનની મલિનતાથી રહિત સાધુ જ સુખી છે.

## અથ નિર્લેપાષ્ટકમ્ ॥૧૧॥

સંસારે નિવસન્ સ્વાર્થસજ્જઃ કજ્જલવેશ્મનિ ।
લિપ્યતે નિખિલો લોકો જ્ઞાનસિદ્ધો ન લિપ્યતે ॥૧॥

(૧) રાગ-દ્વેષાદિ રૂપ કાજળના ઘર સમાન સંસારમાં રહેતા અને પોતાના ધન સ્વજનાદિ વગેરે સ્વાર્થમાં તત્પર જગતના બધા જીવો કર્મથી લેપાય છે, પણ જ્ઞાનસિદ્ધ=હેયોપાદેયના યથાર્થ બોધથી પોતાના આત્મામાં જ લીન રહેનાર પુરુષ લેપાતો નથી.

નાહં પુદ્‌ગલભાવાનાં કર્તા કારયિતાઽપિ ચ ।
નાનુમન્તાપિ ચેત્યામત્મજ્ઞાનવાન્ લિપ્યતે કથમ્ ॥૨॥

(૨) શુદ્ધ આત્મા હું પુદ્‌ગલના કર્મ, શરીર વગેરે ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદન કરનાર નથી એ પ્રમાણે સમભાવવાળા આત્મજ્ઞાની કર્મથી કેમ લેપાય?

લિપ્યતે પુદ્‌ગલસ્કન્ધો ન લિપ્યે પુદ્‌ગલૈરહમ્ ।
ચિત્રવ્યોમાઞ્જનેનેવ ધ્યાયન્નિતિ ન લિપ્યતે ॥૩॥

(૩) પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલો વડે લેપાય છે પણ હું પુદ્‌ગલોથી લેપાતો નથી, જેમ ચિત્રામણવાળું-વિવિધ રંગવાળું આકાશ અંજનથી-કૃષ્ણ રંગના દ્રવ્યથી લેપાતું નથી તેમ. આ પ્રમાણે ધ્યાન કરતો આત્મા કર્મોથી લેપાતો નથી.

લિપ્તતાજ્ઞાનસમ્પાતપ્રતિઘાતાય કેવલમ્ ।
નિર્લેપજ્ઞાનમગ્નસ્ય ક્રિયા સર્વોપયુજ્યતે ॥૪॥

(૪) પ્રશ્ન : - આત્મા નિર્લેપ છે એવી જ્ઞાનધારામાં ચઢેલા ઉચ્ચ કક્ષાના યોગીઓ કર્મથી બંધાતા નથી. આથી આવા યોગીઓને બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓની શી જરૂર છે ? એ ક્રિયાઓ તો ચિત્તશુદ્ધિ દ્વારા કર્મબંધથી અટકવા માટે છે. નિર્લેપ જ્ઞાનમાં મગ્ન યોગીઓ તો ચિત્તશુદ્ધિ થવાથી નિર્લેપ જ્ઞાનના યોગે જ કર્મબંધથી અટકી ગયા છે, પછી એમને એ ક્રિયાઓની શી જરૂર.

તપઃશ્રુતાદિના મત્તઃ ક્રિયાવાનપિ લિપ્યતે ।
ભાવનાજ્ઞાનસમ્પન્નો નિષ્ક્રિયોઽપિ ન લિપ્યતે ॥૫॥

(૫) તપ, શ્રુત આદિથી અભિમાનવાળો આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તો પણ કર્મથી લેપાય છે, જ્યારે ભાવનાજ્ઞાનવાળો ક્રિયા રહિત હોય તો પણ કર્મથી લેપાતો નથી.

અલિપ્તો નિશ્ચયેનાત્મા લિપ્તશ્ચ વ્યવહારતઃ ।
શુદ્ધ્યત્યલિપ્તયા જ્ઞાની ક્રિયાવાન્ લિપ્તયા દશા ॥૬॥

(૬) નિશ્ચયનયથી આત્મા કર્મથી લેપાયેલો નથી, વ્યવહારનયથી લેપાયેલો છે. જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે. ક્રિયાવાળો લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

જ્ઞાનક્રિયાસમાવેશઃ સહૈવોન્મીલને દ્વયોઃ ।
ભૂમિકાભેદતસ્ત્વત્ર ભવેદકૈકમુખ્યતા ॥૭॥

(૭) ઉપરના વિષયનો સાર એ આવ્યો કે શુદ્ધિ માટે બંને યોગની જરૂર છે.હવે આપણે આમાં જરા ઊંડા ઊતરીએ, સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં એ બંને યોગ સાથે હોય છે. હા, એ બંનેમાં ગૌણતા પ્રધાનતા આવશ્ય હોય છે. ઉપર કહ્યું તેમ પ્રથમ કર્મયોગ હોય છે. પણ કર્મયોગ વખતે જ્ઞાનયોગ ન જ હોય એમ નહિ, કિંતુ ગૌણ રૂપે હોય છે. કર્મયોગ પ્રધાન રૂપે હોય છે. કર્મયોગ સિદ્ધ થયા પછી જ્ઞાનયોગ હોય છે. જ્ઞાનયોગ દશામાં કર્મયોગ ગૌણ રૂપે હોય છે, અને જ્ઞાનયોગ મુખ્યરૂપે હોય છે. આ જ વાત અહીં (સાતમા શ્લોકમાં) કહે છે-

સજ્ઞાનં યદનુષ્ઠાનં ન લિપ્તં દોષપઙ્કતઃ ।
શુદ્ધબુદ્ધસ્વભાવાય તસ્મૈ ભગવતે નમઃ ॥૮॥

(૮) જેનું જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન (ક્રિયા) દોષ રૂપ કચરાથી લેપાયેલું નથી તે નિર્મળ જ્ઞાનમય સ્વભાવવાળા ભગવંતને નમસ્કાર હો.

## અથ નિઃસ્પૃહાષ્ટકમ્ ॥૧૨॥

સ્વભાવલાભાત્ કિમપિ પ્રાપ્તવ્યં નાવશિષ્યતે ।
ઇત્યાત્મૈશ્વર્યસમ્પન્નો નિઃસ્પૃહો જાયતે મુનિઃ ॥૧॥

(૧) આત્માના સ્વભાવ સિવાય બીજું કંઈ પણ મેળવવાનું બાકી રહેતું નથી એ પ્રમાણે આત્માના ઐશ્વર્યને પામેલો મુનિ નિઃસ્પૃહ થાય છે.

સંયોજિતકરૈઃ કે કે પ્રાર્થ્યન્તે ન સ્પૃહાવહૈઃ ।
અમાત્રજ્ઞાનપાત્રસ્ય નિઃસ્પૃહસ્ય તૃણં જગત્ ॥૨॥

(૨) સ્પૃહાવાળા જીવો બે હાથ જોડીને કોની કોની પાસે માગતા નથી ? અર્થાત્ જે જે જ દાતા મળે તે તે બધાની જ પાસે માગે છે. અપરિમિત જ્ઞાનના પાત્ર નિઃસ્પૃહ મુનિને તો આખું જગત તૃણ તુલ્ય છે.

છિન્દન્તિ જ્ઞાનદાત્રેણ સ્પૃહાવિષલતાં બુધાઃ ।
મુખશોષં ચ મૂર્ચ્છાં ચ દૈન્યં યચ્છતિ યત્ફલમ્ ॥૩॥

(૩) જેનું ફળ મુખશોષ, મૂર્ચ્છા અને દીનતા આપે છે તે સ્પૃહારૂપ વિષવેલીને અધ્યાત્મના જ્ઞાની પંડિતો જ્ઞાનરૂપ દાતરડા વડે કાપી નાખે છે.

નિષ્કાસનીયા વિદુષા સ્પૃહા ચિત્તગૃહાદ્ બહિઃ ।
અનાત્મરતિચાણ્ડાલીસંગમઙ્ગીકરોતિ યા ॥૪॥

(૪) આત્મવિરુદ્ધ પુદ્ગલરતિ રૂપ ચાંડાલીનો સહવાસ સ્વીકારનારી સ્પૃહાને પંડિતે ચિત્તરૂપ ઘરમાંથી બહાર કાઢી નાખવી જોઈએ.

સ્પૃહાવન્તો વિલોક્યન્તે લઘવસ્તૃણતૂલવત્ ।
મહાશ્ચર્યં તથાપ્યેતે મજ્જન્તિ ભવવારિધૌ ॥૫॥

(૫) સ્પૃહાવાળા જીવો તૃણ અન આકડાના રૂ જેવા હલકા દેખાય છે, તો પણ તેઓ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબે છે ! આ મહાન આશ્ચર્ય છે. કારણ કે હલકી વસ્તુ ડૂબે નહિ.

ગૌરવં પૌરવન્દ્યત્વાત્પ્રકૃષ્ટત્વં પ્રતિષ્ઠયા ।
ખ્યાતિં જાતિગુણાત્સ્વસ્ય પ્રાદુષ્કુર્યાન્ન નિઃસ્પૃહઃ ॥૬॥

(૬) સ્પૃહા રહિત સાધુ અહો ! હું તો નગરના

લોકોને વંદનીય છું એવા ઘમંડથી પોતાની મોટાઈનાં બણગાં ન ફૂંકે, જુઓ, લોકમાં મારી કેવી પ્રતિષ્ઠા-ખ્યાતિ છે એમ જ્યાં ત્યાં કહેતો ન ફરે, હું કેવા ઉચ્ચકુળનો છું એવા ગર્વથી પોતાની પ્રસિદ્ધિથી દૂર રહે.

ભૂશય્યા ભૈક્ષમશનં જીર્ણં વાસો વનં ગૃહમ્ ।
તથાપિ નિઃસ્પૃહસ્યાહો ચક્રિણોઽપ્યધિકં સુખમ્ ॥૭॥

(૭) પૃથ્વી એ જ શય્યા, ભિક્ષાથી મળેલો આહાર, જૂનું વસ્ત્ર, અને વન એ જ ઘર હોવા છતાં સ્પૃહારહિતને ચક્રવર્તિથી પણ અધિક સુખ છે ! આ એક આશ્ચર્ય છે !

પરસ્પૃહા મહાદુઃખં નિઃસ્પૃહત્વં મહાસુખમ્ ।
એતદુક્તં સમાસેન લક્ષણં સુખદુઃખયોઃ ॥૮॥

(૮) પરની-પુદ્ગલની ઈચ્છા મહા દુઃખ છે અને પરની-પુદ્ગલની ઈચ્છાનો અભાવ મહા સુખ છે. સુખ અને દુઃખનું સંક્ષેપથી આ લક્ષણ છે.

## અથ મૌનાષ્ટકમ્ ॥૧૩॥

મન્યતે યો જગત્તત્ત્વં સ મુનિઃ પરિકીર્તિતઃ ।
સમ્યક્ત્વમેવ તન્મૌનં મૌનં સમ્યક્ત્વમેવ વા ॥૧॥

(૧) જગતના તત્ત્વોને જાણે તે મુનિ એમ તીર્થંકરોએ કહ્યું છે. આથી સમ્યક્ત્વ જ મુનિપણું-મુનિનો ધર્મ છે, અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે.

આત્માઽઽત્મન્યેવ યચ્છુદ્ધં, જાનાત્યાત્માનમાત્મના ।
સેયં રત્નત્રયે જ્ઞપ્તિરુચ્યાચારૈકતા મુનેઃ ॥૨॥

(૨) આત્મા આત્માથી આત્મામાં જ શુદ્ધ આત્માને જાણે એ (-જાણવું) જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ત્રણ રત્નો વિશે જ્ઞાન, રુચિ અને આચારની એકતા છે. આવી એકતા મુનિને હોય છે.

જ્ઞાતા આત્મા છે, માટે કર્તા આત્મા છે. શુદ્ધ સ્વભાવરૂપ આત્મામાં જ જાણવાનું છે, માટે આધાર પણ આત્મા છે. આત્મા જ્ઞાન રૂપ છે અને જ્ઞાન રૂપ વીર્ય વડે જાણવાનું છે, આથી આત્મા જ કરણ છે. શુદ્ધ-કર્મની ઉપાધિથી રહિત આત્માને જાણવાનો હોવાથી આત્મા જ કર્મ છે.

ચારિત્રમાત્મચરણાદ્, જ્ઞાનં વા દર્શનં મુનેઃ ।
શુદ્ધજ્ઞાનનયે સાધ્યં, ક્રિયાલાભાત્ ક્રિયાનયે ॥૩॥

(૩) આ ગાથામાં મુનિને જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવી રીતે સાધ્ય બને છે-પ્રાપ્ત કરી શકાય છે તે જણાવ્યું છે ક્રિયાનયના અભિપ્રાય મુજબ ક્રિયાલાભથી જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધ્ય છે પ્રાપ્ત કરી શકાય છે. ચારિત્રનું પાલન કરવાથી એટલે કે આશ્યકાદિ ક્રિયાઓ કરવાથી ચારિત્ર સાધ્ય છે. અર્થાત્ જે શ્રદ્ધાપૂર્વક ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તેનામાં ચારિત્ર, જ્ઞાન અને દર્શન એ ત્રણે છે. શ્રદ્ધાપૂર્વક જિનદર્શનાદિ ક્રિયાથી દર્શન-જ્ઞાન સાધ્ય છે, અર્થાત્ જે શ્રદ્ધાપૂર્વક જિનદર્શનાદિ ક્રિયા કરતો હોય તેનામાં દર્શન-જ્ઞાન છે. આવું મંતવ્ય ક્રિયાનયનું છે.

યતઃ પ્રવૃત્તિર્ન મણૌ, લભ્યતે વા ન તત્ફલમ્ ।
અતાત્ત્વિકી મણિજ્ઞપ્તિ-ર્મણિશ્રદ્ધા ચ સા યથા ॥૪॥

તથા યતો ન શુદ્ધાત્મ-સ્વભાવચરણં ભવેત્ ।
ફલં દોષનિર્વત્તિર્વા-ન તજ્જ્ઞાનં ન દર્શનમ્ ॥૫॥

(૪-૫) જેમ મણિ લેવાની પ્રવૃત્તિ ન થાય, અથવા (પ્રવૃત્તિ તો થઈ પણ) પ્રવૃત્તિનું અલંકારાદિમાં જડવા આદિ રૂપ ફળ ન મળે તો તે મણિનું જ્ઞાન અને

"આ મણિ છે" એવી મણિની શ્રદ્ધા અતાત્ત્વિક-અસત્ય છે, તેમ જેનાથી નિજ શુદ્ધ સ્વભાવમાં રમણતા ન થાય અથવા રાગ દ્વેષાદિ દોષોની નિવૃત્તિ રૂપ ફળ ન આવે તે જ્ઞાન નથી અને તે દર્શન પણ નથી.

યથા શોફસ્ય પુષ્ટત્વં, યથા વા વધ્યમણ્ડનમ્ ।
તથા જાનન્ ભવોન્માદ-માત્મતૃપ્તો મુનિર્ભવેત્ ॥૬॥

(૬) સંસારના ઉન્માદને સોજાની પુષ્ટિ અને વધ કરવા લઈ જતા પુરુષને કરેણફૂલની માળા વગેરેથી કરવામાં આવતા શણગાર સમાન (પરિણામે દુઃખનું કારણ) જાણતો મુનિ આત્મામાં સંતુષ્ટ થાય.

સુલભં વાગનુચ્ચારં, મૌનમેકેન્દ્રિયેષ્વપિ ।
પુદ્ગલેષ્વપ્રવૃત્તિસ્તુ યોગાનાં મૌનમુત્તમમ્ ॥૭॥

(૭) નહિ બોલવા રૂપ મૌન તો એકેંદ્રિયોમાં પણ સુલભ છે. પુદ્ગલોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ રોકવી એ ઉત્કૃષ્ટ મૌન છે.

જ્યોતિર્મયીવ દીપસ્ય, ક્રિયા સર્વાપિ ચિન્મયી ।
યસ્યાનન્યસ્વભાવસ્ય, તસ્ય મૌનમનુત્તરમ્ ॥૮॥

(૮) જેમ દીપકની ઊર્ધ્વગમન, અધોગમન વગરે સઘળી ય ક્રિયા પ્રકાશમય હોય છે, તેમ પુદ્ગલના ભાવમાં નહિ પરિણમેલા (=આત્મામાં રમણ કરતા) જે મુનિની આહાર-નીહાર આદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે, તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

## અથ વિદ્યાષ્ટકમ્ ॥૧૪॥

નિત્યશુચ્યાત્મતાખ્યાતિ-રનિત્યાશુચ્યનાત્મસુ ।
અવિદ્યા તત્ત્વધીર્વિદ્યા, યોગાચાર્યૈઃ પ્રકીર્તિતા ॥૧॥

(૧) અનિત્ય પર સંયોગમાં નિત્યપણાની, નવ દ્વારોથી અશુચિ વહેવડાવતા અપવિત્ર શરીરમાં પવિત્રતાની અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિમાં આત્મપણાની (હું પણાની અને મારાપણાની) બુદ્ધિ એ અવિદ્યા છે, તત્ત્વબુદ્ધિ એટલે કે આત્મામાં જ નિત્યપણાની, પવિત્રપણાની અને આત્મપણાની બુદ્ધિ એ વિદ્યા છે, એમ યોગદૃષ્ટિસંપન્ન પાતંજલિ આદિ યોગાચાર્યોએ કહ્યું છે.

યઃ પશ્યેન્નિત્યમાત્માન-મનિત્યં પરસઙ્ગમમ્ ।
છલં લબ્ધું ન શક્નોતિ, તસ્ય મોહમલિમ્લુચઃ ॥૨॥

(૨) જે આત્માને નિત્ય-સર્વકાળે અવિચલિત સ્વરૂપે જુએ છે અને પરસંયોગને અનિત્ય જુએ છે તેનું છિદ્ર મેળવવાને મોહ રૂપ ચોર સમર્થ બનતો નથી.

તરઙ્ગતરલાં લક્ષ્મી-માયુર્વાયુવદસ્થિરમ્ ।
અદભ્રધીરનુધ્યાયે-દભ્રવદ્ ભઙ્ગુરં વપુઃ ॥૩॥

(૩) વિદ્વાન લક્ષ્મીને સમુદ્રના તરંગોની જેમ ચપળ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળની જેમ વિનાશશીલ ચિંતવે.

શુચીન્યપ્યશુચીકર્તું, સમર્થેઽશુચિસંભવે ।
દેહે જલાદિના શૌચ-ભ્રમો મૂઢસ્ય દારુણઃ ॥૪॥

(૪) પવિત્ર પદાર્થોને અપવિત્ર બનાવવામાં સમર્થ અને અશુચિમાં ઉત્પન્ન થયેલ શરીરમાં મોહથી મુંઝાયેલ બ્રાહ્મણ વગેરેનો પાણી આદિથી પવિત્રતાનો ભ્રમ (-સ્નાનાદિથી શરીર પવિત્ર થાય છે એવી ખોટી માન્યતા) ભયંકર છે.

યઃ સ્નાત્વા સમતાકુણ્ડે, હિત્વા કશ્મલજં મલમ્ ।
પુનર્ન યાતિ માલિન્યં, સોઽન્તરાત્મા પરઃ શુચિઃ ॥૫॥

(૫) જે સમતા રૂપ કુંડમાં સ્નાન કરીને પાપથી થયેલા મેલને દૂર કરીને ફરી પાપ રૂપ મેલથી મલિન બનતો નથી તે અંતરાત્મા ઉત્કૃષ્ટ પવિત્ર છે.

અંતરાત્મા એટલે સમ્યગ્દષ્ટિ આત્મા. સમ્યગ્દષ્ટિ અંશે સ્નાતક-ભાવસ્નાન કરનાર છે. કારણ કે એક વાર પણ સમ્યગ્દર્શન પામ્યા પછી ક્યારેય (સમ્યગ્દર્શન ચાલ્યું જાય તો પણ) આયુષ્ય સિવાય સાત કર્મસંબંધી અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો અને ઉત્કૃષ્ટ રસનો બંધ થતો નથી. આથી સમ્યગ્દષ્ટિ આત્મા ઉત્કૃષ્ટ પાપ રૂપ મેલથી ક્યારેય મલિન બનતો નથી.

આત્મબોધો નવઃ પાશો, દેહગેહધનાદિષુ ।
યઃ ક્ષિપ્તોડપ્યાત્મના તેષુ, સ્વસ્ય બન્ધાય જાયતે ॥૬॥

(૬) શરીર, ઘર, ધન વગેરે પદાર્થોમાં આત્મપણાની (=હું પણાની અને મારાપણાની) બુદ્ધિ એ નવીન લોકોત્તર પાશ (-બંધન) છે. કારણ કે એ પાશ આત્માએ શરીર આદિમાં નાખ્યો હોવા છતાં પોતાના જ બંધ માટે થાય છે. લૌકિક દોરડું વગેરે પાશ તો જેના

ઉપર નાખ્યો હોય તેને બાંધે છે. જ્યારે શરીરાદિમાં આત્મબોધ રૂપ પાશ તો દેહાદિ ઉપર નાખ્યો છે, તો પણ તેમને બાંધતો નથી, ઊલટું નાખનારને જ બાંધે છે. આ એક આશ્ચર્ય છે !

મિથોયુક્તપદાર્થાના-મસંક્રમચમત્ક્રિયા ।
ચિન્માત્રપરિણામેન, વિદુષૈવાનુભૂયતે ॥૭॥

(૭) પરસ્પર મળેલા જીવ-પુદ્ગલાદિ (દ્રવ્યપર્યાય રૂપ) પદાર્થોની લક્ષણ અને સ્વરૂપથી ભિન્નતાના ચમત્કારને જ્ઞાનમાત્રના પરિણામવાળા વિદ્વાન જ અનુભવે છે.

જીવ અને શરીર જુદાં હોવા છતાં પરસ્પર એવા ઓતપ્રોત થઈ ગયા છે કે જેથી આ દેહ છે અને આ જીવ છે, આ પર્યાયો શરીરના છે કે આ પર્યાયો જીવના છે એવો વિભાગ અજ્ઞાન લોકો અનુભવી શકતા નથી, વિશિષ્ટ જ્ઞાની જ અનુભવી શકે છે. વિશિષ્ટ જ્ઞાની શરીર અને જીવના લક્ષણોથી બંનેને ભિન્ન અનુભવી શકે છે.

卐

અવિદ્યાતિમિરધ્વંસે, દશા વિદ્યાઞ્જનસ્પૃશા ।
પશ્યન્તિ પરમાત્માન-માત્મન્યેવ હિ યોગિનઃ ॥૮॥

(૮) યોગીઓ મિથ્યાજ્ઞાન રૂપ અંધકારનો નાશ થતાં તત્ત્વબુદ્ધિ રૂપ અંજનનો સ્પર્શ કરનારી દૃષ્ટિથી પોતાના આત્મામાં જ પરમાત્માને જુએ છે.

બાહાત્મા = મિથ્યાજ્ઞાની, પહેલા ગુણઠાણે રહેલા જીવો. અંતરાત્મા = સમ્યગ્દષ્ટિ, ચોથાથી બારમા ગુણ સ્થાન સુધીના જીવો. પરમાત્મા= કેવલજ્ઞાની, ૧૩-૧૪ ગુણસ્થાને રહેલા જીવો.

## અથ વિદ્યાષ્ટકમ્ ॥૧૫॥

કર્મ જીવં ચ સંશ્લિષ્ટં, સર્વદા ક્ષીરનીરવત્ ।
વિભિન્નીકુરુતે યોઽસૌ, મુનિહંસો વિવેકવાન્ ॥૧॥

(૧) સદા દૂધ-પાણીની જેમ પરસ્પર મળેલાં જીવ અને જ્ઞાનાવરણીયાદિ કર્મને લક્ષણાદિના ભેદથી ભિન્ન કરનાર-સમજનાર રાજહંશ જેવા સાધુ વિવેકી છે. આજીવથી જીવના ભેદનું જ્ઞાન તે વિવેક.

દેહાત્માદ્યવિવેકોઽયં, સર્વદા સુલભો ભવે ।
ભવકોટ્યાપિ તદ્ભેદ-વિવેકસ્ત્વતિદુર્લભઃ ॥૨॥

(૨) સંસારમાં શરીર-જીવાદિના અભેદજ્ઞાન રૂપ અવિવેક સદા સુલભ છે. તેનું ભેદજ્ઞાન કોટિજન્મોથી પણ અતિશય દુર્લભ છે.

સંસારમાં સઘળા ય ભવસ્થ જીવો શરીરજીવના અભેદની વાસનાથી વાસિત જ છે, ભેદજ્ઞાની કોઈક જ હોય છે, એવો ભાવ આ શ્લોકનો છે.

શુદ્ધેઽપિ વ્યોમ્નિ તિમિરાદ્, રેખાભિર્મિશ્રતા યથા ।
વિકારૈર્મિશ્રતા ભાતિ, તથાત્મન્યવિવેકતઃ ॥૩॥

(૩) પ્રશ્ન :- શરીર અને જીવ તદ્દન જુદા છે એ વાત સમજાઈ ગઈ. હવે જીવનું સ્વરૂપ કેવું છે તે કહો. જીવમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે વિચિત્ર ભાવો દેખાય છે. એથી અમને જીવ ક્રોધાદિ સ્વભાવવાળો દેખાય છે. અમારી આ દૃષ્ટિ બરોબર છે ? ઉત્તર :- ના. આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત શુદ્ધ છે. પ્રશ્ન :- આત્મા શુદ્ધ છે તો તેમાં અમને ક્રોધાદિ વિકારો કેમ દેખાય છે ? ઉત્તર :- અવિવેકથી = અજ્ઞાનતાથી.

વિવેકીને તો આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત શુદ્ધ દેખાય છે. જેમ શુદ્ધ પણ આકાશમાં તિમિર રોગથી નીલ-પીતાદિ રેખાઓ વડે ચિત્ર-વિચિત્રતા દેખાય છે, તેમ શુદ્ધ પણ આત્મામાં અજ્ઞાનતાથી કામ-ક્રોધાદિ વિકારો વડે મિશ્રતા-કર્મ આદિ વિકારો દેખાય છે. આત્મા તો નિર્વિકાર શુદ્ધ છે. અજ્ઞાનતા તિમિર રોગ સમાન છે. કામ-ક્રોધાદિ વિકારો નીલ-પીતાદિ રેખા સમાન છે. આત્મા સ્વચ્છ આકાશ સમાન છે.

યથા યૌધૈઃ કૃતં યુદ્ધં, સ્વામિન્યેવોપચર્યતે ।
શુદ્ધાત્મન્યવિવેકેન, કર્મસ્કન્ધોર્જિતં તથા ॥૪॥

(૪) પ્રશ્ન :-જીવમાં કર્મ આદિ વિકારો કરનાર તો જીવ જ છે ને ? ઉત્તર :-ના. પ્રશ્ન :- તો જીવ કર્મ બાંધે છે એમ કેમ કહેવાય છે ? ઉત્તર :-ઉપચારથી. જેમ સુભટોએ કરેલા યુદ્ધનો (રાજાએ યુદ્ધ કર્યું એમ) રાજામાં ઉપચાર થાય છે, સુભટોએ કરેલો જય-પરાજય રાજાનો કહેવાય છે, તેમ અવિવેકે કરેલા કર્મપુદ્‌ગલના પુણ્ય-પાપ રૂપ વિલાસનો શુદ્ધ આત્મામાં આરોપ કરવામાં આવે છે.

અવિવેકના યોગે ક્રોધાદિ પરિણામ થાય છે. ક્રોધાદિ પરિણામના યોગે કાર્મણવર્ગણાના પુદ્ગલો શુભાશુભ કર્મરૂપે પરિણામે છે. આથી કર્મોનું મૂળ કારણ અવિવેક-અજ્ઞાન છે. આમ, અવિવેકથી થયેલા કર્મ રૂપ વિકારોનો શુદ્ધ આત્મામાં "આત્માએ કર્મો કર્યાં" એમ ઉપચાર થાય છે.

ઈષ્ટકાદ્યપિ હિ સ્વર્ણં, પીતોન્મત્તો યથેક્ષતે ।
આત્માઽભેદભ્રમસ્તદ્વદ્, દેહાદાવિવેકિનઃ ॥૫॥

(૫) જેણે ધતૂરો પીધો છે તે જેમ ઈંટ વગેરેને પણ ખરેખર સુવર્ણ રૂપે જુએ છે તેમ વિવક રહિત જીવને શરીરાદિને વિશે આત્મા સાથે એકતાનો વિપરીત બોધ થાય છે, અર્થાત્ તે શરીરાદિને જ આત્મા રૂપે માને છે.

ઈચ્છન્ ન પરમાન્ ભાવાન્, વિવેકાદ્રેઃ પતત્યધઃ ।
પરમં ભાવમન્વિચ્છન્, નાઽવિવેકે નિમજ્જતિ ॥૬॥

(૬) પરમભાવોને નહિ ઈચ્છતો, એટલેકે સાત્ત્વિક, રાજસ અને તામસભાવની ઈચ્છા થવાથી પરમભાવ ગ્રાહક (નિશ્ચય) નય સંમત શુદ્ધ ચૈતન્યની

ઉપેક્ષા કરતો, આત્મા વિવેક રૂપ પર્વતના અપ્રમત્તભાવ રૂપ શિખર ઉપરથી નીચે પડે છે. સર્વવિશુદ્ધ આત્મભાવનું અન્વેષણ કરતો આત્મા અવિવેકમાં નિમગ્ન થતો નથી.

આત્મન્યેવાત્મનઃ કુર્યાદ્, યઃ ષટ્કારકસંગતિમ્ ।
ક્વાવિવેકજ્વરસ્યાસ્ય, વૈષમ્યં જડમજ્જનાત્ ? ॥૭॥

(૭) આત્મામાં જ આત્માના છ કારકના અર્થને ઘટાવનારને પુદ્ગલની મગ્નતાથી થતા અવિવેક રૂપ જ્વરની વિષમતા ક્યાંથી હોય ?

જાણવાની ક્રિયાથી આત્મામાં જ છ કારકની ઘટના આ પ્રમાણે છે - જે સ્વતંત્રપણે ક્રિયા કરે તે કર્તા. આત્મા સહજભાવથી સ્વતંત્રપણે જાણવાની ક્રિયા કરે છે માટે આત્મા કર્તા છે. ક્રિયાના ફલનો આશ્રય તે કર્મ. અહીં જાણવાની ક્રિયાનું ફળ જ્ઞાન છે. તેનો આશ્રય આત્મા છે. કારણ કે આત્માએ જાણવાની ક્રિયાથી શુદ્ધ આત્માને જ જાણવાનો છે. (આત્મા સિવાય બીજું કશું જાણવાનું નતી) ક્રિયામાં જે સાધકતમ-પ્રકૃષ્ટ ઉપકારક હોય તે કરણ. જાણવામાં જ્ઞાનોપયોગ અત્યંત જરૂરી છે.

જ્ઞાનોપયોગ વિના ન જાણી શકાય. આત્મા જ્ઞાનોપયોગમય છે. આથી આત્મા જ કરણ છે. ક્રિયાથી જે અભિપ્રેત હોય તે સંપ્રદાન. જાણવાની ક્રિયાથી આત્મા જ અભિપ્રેત છે. કારણ કે આત્મા માટે જ જાણવાનું છે. છૂટા પડવાની અવધિ-હદ તે અપાદાન. જાણવાની ક્રિયામાં પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયો વધારે શુદ્ધ છે. આથી પૂર્વપૂર્વ જ્ઞાનપુર્યાયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયોની જુદા પડવાની અવધિ-હદ પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયો છે. આત્મા જ્ઞાનપર્યાય રૂપ છે. આ:થી આત્મા અપાદાન છે. ક્રિયાનો આધાર તે અધિકરણ. આત્મામાં જ જ્ઞાન થવાનું છે માટે જાણવાની ક્રિયાનો આધાર આત્મા છે. આમ જાણવાની ક્રિયાથી આત્મામાં છ કારક ઘટાવવાથી આત્મા આત્માવડે આત્મા માટે આત્મામાંથી આત્મામાં આત્માને જાણે છે એવો અર્થ થાય.

**સંયમાસ્ત્રં વિવેકેન, શાણેનોત્તેજિતં મુનેઃ ।**
**ધૃતિધારોલ્બણં કર્મ-શત્રુચ્છેદક્ષમં ભવેત્ ॥૮॥**

(૮) સંતોષ રૂપ ધારથી ઉત્કટ અને વિવેક રૂપ

સરાણથી અતિશય તીક્ષ્ણ કરેલું મુનિનું સંયમ રૂપ શસ્ત્ર કર્મ રૂપ શત્રુનું છેદન કરવા સમર્થ છે.

## અથ માધ્યસ્થ્યાષ્ટકમ્ ॥૧૬॥

સ્થીયતામનુપાલમ્ભં, મધ્યસ્તેનાન્તરાત્મના ।
કુતર્કકર્કરક્ષેપૈસ્ત્યજ્યતાં બાલચાપલમ્ ॥૧॥

(૧) શુદ્ધ અંતરંગ પરિણામોથી મધ્યસ્થ થઈને ઠપકો ન આવે તેમ રહો. ઠપકો ન આવે એ માટે કુયુક્તિ રૂપ કાંકરા નાંખવાની બાલચપલતાનો ત્યાગ કરો.

મનોવત્સો યુક્તિગવીં, મધ્યસ્થ્યસ્યાનુધાવતિ ।
તામાકર્ષતિ પુચ્છેન, તુચ્છાગ્રહમનઃકપિઃ ॥૨॥

(૨) મધ્યસ્થ પુરુષનો મન રૂપ વાછરડો યુક્તિ રૂપ ગાયની પાછળ દોડે છે. કદાગ્રહવાળા પુરુષનો મન રૂપ વાનર યુક્તિને પુંછડાથી ખેંચે છે.

મધ્યસ્થનું ચિત્ત જ્યાં યુક્તિ હોય ત્યાં જાય છે, અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થ યુક્તિ પ્રમાણે સિદ્ધાંતને સિદ્ધ કરે છે, જ્યારે કદાગ્રહી યુક્તિની ઉપેક્ષા કરીને કે યુક્તિને ગમે તેમ ખેંચીને યેન

કેન પ્રકારેણ સ્વપક્ષ-પોતે માનેલું સિદ્ધ કરવા મથે છે. યુક્તિનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવો એ યુક્તિનો અયોગ્ય રીતે ઉપયોગ કરીને યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થની દૃષ્ટિ તત્ત્વ તરફ હોય છે, અને કદાગ્રહીની દૃષ્ટિ સ્વપક્ષ તરફ હોય છે.

નયેષુ સ્વાર્થસત્યેષુ, મોઘેષુ પરચાલને ।
સમશીલં મનો યસ્ય, સ મધ્યસ્થો મહામુનિઃ ॥૩॥

(૩) પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં નિષ્ફળ નયોમાં જેનું મન સમાનભાવ ધારણ કરે છે, અર્થાત્ આ નયો સાચા છે અને આ નયો જટ્ટા છે એમ વિભાગ કર્યા વિના બધા નયો પ્રત્યે સમભાવ રાખે છે તે મહામુનિ મધ્યસ્થ છે.

સ્વસ્વકર્મકૃતાવેશાઃ, સ્વસ્વકર્મભુજો નરાઃ ।
ન રાગં નાપિ ચ દ્વેષં, મધ્યસ્થસ્તેષુ ગચ્છતિ ॥૪॥

(૪) પોતપોતાના કરેલા કર્મને વશ બનેલા, અને પોતપોતાના કર્મના ફળને ભોગવનારા મનુષ્યોમાં

મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષ કરતો નથી.

મનઃ સ્યાદ્ વ્યાપૃતં, યાવત્પરદોષગુણગ્રહે ।
કાર્યં વ્યગ્રં વરં તાવન્મધ્યસ્થેનાત્મભાવને ॥૫॥

(૫) જેટલો ટાઈમ પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન રોકાયેલું રહે છે, તેટલો ટાઈમ તેને મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનમાં રત રાખવું સારું છે.

વિભિન્ના અપિ પન્થાનઃ, સમુદ્રં સરિતામિવ ।
મધ્યસ્થાનાં પરં બ્રહ્મ, પ્રાપ્નુવન્ત્યેકમક્ષયમ્ ॥૬॥

(૬) જેમ નદીઓના જુદા જુદા પણ માર્ગો સમુદ્રને મળે છે, તેમ અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ વગેરે મધ્યસ્થોના (મુક્તિપદના) જુદા જુદા માર્ગો-ઉપાયો ક્ષય રહિત એક પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્તાત્ મધ્યસ્થ બનીને મુક્તિની સાધના કરનારા બધા મોડા વહેલા કેવલજ્ઞાન પામીને પરમાત્મા બને છે.

સ્વાગમં રાગમાત્રેણ, દ્વેષમાત્રતા પરાગમમ્ ।
ન શ્રયામસ્ત્યજામો વા, કિન્તુ મધ્યસ્થયા દશા ॥૭॥

(૭) અમે (સત્યાસત્યનો વિચાર કર્યા વિના)

કેવળ રાગથી પોતાના સિદ્ધાંતનો સ્વીકાર કરતા નથી, તેમ કેવળ દ્વેષથી પર સિદ્ધાંતનો ત્યાગ કરતા નથી. કિંતુ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વસિદ્ધાંતનો સ્વીકાર અને પર સિદ્ધાંતનો ત્યાગ કરીએ છીએ.

મધ્યસ્થયા દૃશા સર્વેષ્વપુનર્બન્ધકાદિષુ ।
ચારિસઞ્જીવિનીચાર-ન્યાયાદાશાસ્મહે હિતમ્ ॥૮॥

(૮) અમે અપુનર્બંધક આદિ સર્વ પ્રકારના જીવોમાં મધ્યસ્થદૃષ્ટિથી ચારિસંજીવનીચાર ન્યાયથી હિત ઇચ્છીએ છીએ. અહીં આદિ શબ્દથી માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરિત અને સર્વવિરતિ જીવો સમજવા.

## અથ નિર્ભયાષ્ટકમ્ ॥૧૭॥

યસ્ય નાસ્તિ પરાપેક્ષા, સ્વભાવાઽદ્વૈતગામિનઃ ।
તસ્ય કિં ન ભયભ્રાન્તિ-ક્લાન્તિસન્તાનતાનવમ્ ?॥૧॥

(૧) કેવળ આત્મસ્વભાવમાં રમનારા અને પરની (દેવલોકાદિ સુખની) અપેક્ષાથી રહિતને ભયની ભ્રાન્તિથી થતા ખેદની પરંપરા પાતળી બની જાય છે.

ભવસૌખ્યેન કિં ભૂરિ-ભયજ્વલનભસ્મના ? ।
સદા ભયોજ્ઝિતજ્ઞાન-સુખમેવ વિશિષ્યતે ॥૨॥

(૨) બહુ ભય રૂપ અગ્નિની રાખ સમાન સંસાર સુખોથી શું ? અર્થાત્ સંસારસુખ ભય રૂપ અગ્નિથી બળી ગયેલું હોવાથી નકામું છે. સદા ભયથી રહિત જ્ઞાનસુખ જ સર્વસુખોથી ઉત્તમ છે.

ન ગોપ્યં ક્વાપિ નરોપ્યં, હેયં દેયં ચ ન ક્વચિત્ ।
ક્વ ભયેન મુનેઃ સ્થેયં, જ્ઞેયં જ્ઞાનેન પશ્યતઃ ? ॥૩॥

(૩) જાણવા યોગ્ય વસ્તુને જ્ઞાનથી જાણતા મુનિને ક્યાંય છુપાવવા જેવું નથી, તેની પાસે ક્યાંય રાખી મૂકવા જેવું નથી, ક્યાંય છોડવા જેવું નથી, અને ક્યાંય આપવા જેવું નથી. આથી મુનિને ક્યાંય ભય હોતો નથી.

એકં બ્રહ્માસ્ત્રમાદાય, નિઘ્નન્મોહચમૂં મુનિઃ ।
વિભેતિ નૈવ સંગ્રામ-શીર્ષસ્થ ઈવ નાગરાટ્ ॥૪॥

(૪) શુદ્ધજ્ઞાન રૂપ શસ્ત્ર પકડીને મોહની સેનાના ચૂરેચૂરા કરતા મુનિ યુદ્ધના મોખરે રહેલા શ્રેષ્ઠ હાથીની

જેમ ભય પામતા જ નથી.

મયૂરી જ્ઞાનદૃષ્ટિશ્ચેત્, પ્રસર્પતિ મનોવને ।
વેષ્ટનં ભયસર્પાણાં, ન તદાનન્દચન્દને ॥૫॥

(૫) જો મન રૂપ વનમાં મોરલી જેવી જ્ઞાનદૃષ્ટિ ફરતી હોય તો આનંદ રૂપ ચંદનવૃક્ષમાં ભય રૂપ સર્પો ન વીંટાય.

કૃતમોહાસ્ત્રવૈફલ્યં, જ્ઞાનવર્મ બિભર્તિ યઃ ।
ક્વ ભીસ્તસ્ય ક્વ વા ભઙ્ગઃ, કર્મસઙ્ગરકેલિષુ ॥૬॥

(૬) મોહના શસ્ત્રને નિષ્ફલ કરનાર જ્ઞાન બખ્તરને જે પહેરે છે તેને કર્મના યુદ્ધની ક્રીડામાં ન ભય હોય અને ન તો પરાજય હોય.

તૂલબલ્લઘવો મૂઢા, ભ્રમન્ત્યભ્રે ભયાનિલઃ ।
નૈકં રોમાપિ તૈર્જ્ઞાન-ગરિષ્ઠાનાં તુ કમ્પતે ॥૭॥

(૭) આકડાના રૂની જેમ હલકા મૂઢ જીવો ભય રૂપ પવનથી આકાશમાં (લોકકાશમાં) ભમે છે. જ્ઞાનથી ભારે બનેલા મુનિઓનું તેનાથી (ભય રૂપ પવનથી) એક રૂંવાડું પણ ફરકતું નથી.

ચિત્તે પરિણતં યસ્ય, ચારિત્રમકુતોભયમ્ ।
અખણ્ડજ્ઞાનરાજ્યસ્ય, તસ્ય સાધોઃ કુતો ભયમ્ ॥૮॥

(૮) જેમાં કોઈથી ભય નથી એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમ્યું છે, અને અખંડિત જ્ઞાન રૂપ સામ્રાજ્ય જેને પ્રાપ્ત થયું છે તે સાધુને ક્યાંથી ભય હોય ?

## અથ અનાત્મપ્રશંસાષ્ટકમ્ ॥૧૮॥

ગુણૈર્યદિ ન પૂર્ણોઽસિ, કૃતમાત્મપ્રશંસયા ।
ગુણૈરેવાસિ પૂર્ણશ્ચેત્, કૃતમાત્મપ્રશંસયા ॥૧॥

(૧) મહાનુભાવ ! જો તું કેવળજ્ઞાન આદિ ગુણોથી પૂર્ણ નથી તો જાત પ્રશંસા નકામી છે. જો તું ગુણોથી પૂર્ણ છે તો પણ જાત પ્રશંસાની જરૂર નથી.

જે ગુણોથી અપૂર્ણ છે તેને આત્મપ્રશંસા કરવી યોગ્ય નથી. કારણ કે તેનાથી ફોગટ ફુલાવાનું થાય છે. જે ગુણોથી પૂર્ણ છે તેને આત્મપ્રશંસા કરવાની જરૂર જ રહેતી નથી. કારણ કે એના ગુણો ગુલાબપુષ્પની સુવાસની જેમ સ્વતઃ ચોતરફ ફેલાય છે. આચારઃ કુલમાખ્યાતિ આચરણ જ કુળને કહે છે એ ન્યાયે

સ્વયમેવ ગુણો પ્રગટ થાય છે.

શ્રેયોદ્રુમસ્ય મૂલાનિ, સ્વોત્કર્ષામ્ભઃપ્રવાહતઃ ।
પુણ્યાનિ પ્રકટીકુર્વન્, ફલં કિં સમવાપ્સ્યસિ ? ॥૨॥

(૨) સ્વોત્કર્ષ રૂપ પાણીના પ્રવાહથી કલ્યાણ રૂપ વૃક્ષનાં મૂળિયાં જેવાં સુકૃતોને પ્રગટ કરતો તું ફળ નહિ પામે. જે વૃક્ષનાં મૂળિયાં પ્રગટ થઈ જાય તે વૃક્ષમાં ફલ ન આવે.

આલમ્બિતા હિતાય સ્યુઃ, પરૈઃ સ્વગુણરશ્મયઃ ।
અહો સ્વયં ગૃહીતાસ્તુ, પાતયન્તિ ભવોદધૌ ॥૩॥

(૩) બીજાઓએ (સ્તુતિ આદિથી) ગ્રહણ કરેલા સ્વગુણ રૂપ દોરડાં હિત માટે થાય ભવ રૂપ કૂવામાંથી બહાર કાઢે, પણ જો સ્વયં ગ્રહણ કર્યાં હોય તો ભવ રૂપ સમુદ્રમાં પાડે છે.

ઉચ્ચત્વદૃષ્ટિદોષોત્થ-સ્વોત્કર્ષજ્વરશાન્તિકમ્ ।
પૂર્વપુરુષસિંહેભ્યો, ભૃશં નીચત્વભાવનમ્ ॥૪॥

(૪) પૂર્વે થઈ ગયેલા મહાપુરુષો રૂપ સિંહોથી અતિશય હીનપણાથી ભાવના ઉચ્ચપણાની દૃષ્ટિ રૂપ

દોષથી ઉત્પન્ન થયેલ સ્વાભિમાનના ભાવ રૂપ જ્વરને મટાડે છે.

જ્ઞાનાદિગુણોથી ભરેલા ગૌતમસ્વામી વગેરે પૂર્વના મહાપુરુષો ક્યાં ? અને નિર્ગુણ હું ક્યાં ? એ મહાપુરુષોની અપેક્ષાએ મારામાં કંઈ જ નથી એમ વિચારવાથી અહંકાર ઘટે છે. અહંકાર ઘટવાથી સ્વોત્કર્ષ પણ ઘટે છે. જેમ કફ આદિ દોષથી તાવ આવે છે તેમ હું કંઈક છું એવી ઉચ્ચપણાની દૃષ્ટિ રૂપ દોષથી અહંકાર થાય છે. એટલે જેમ કફ વગેરે દોષ દૂર થતાં તાવ દૂર થાય છે તેમ ઉક્ત ભાવનાથી અહંકાર દોષ દૂર થાય છે.

શરીરરૂપલાવણ્ય-ગ્રામારામધનાદિભિઃ ।
ઉત્કર્ષ- પરપર્યાયૈશ્ચિદાનન્દઘનસ્ય કઃ ? ॥૫॥

(૫) ચિદાનંદથી પૂર્ણને શરીર, રૂપ, લાવણ્ય, ગામ, બગીચો, ધન આદિ પરદ્રવ્ય ધર્મોથી અતિશય અભિમાન શો ? અર્થાત્ શરીર આદિથી અભિમાન કરવો એ ચિદાનંદપૂર્ણ માટે ઠીક ન ગણાય.

ઉત્તમ પુરુષ પારકા ધનથી પોતાને ધનવાન ન

માને, કારણ કે તેનાથી એને કોઈ લાભ થતો નથી, આથી તે પારકા ધનથી અભિમાન ન કરે. તે પ્રમાણે વિવેકી આત્મા શરીર આદિ પરપર્યાયોથી પોતાને ગુણવાન ન માને, કારણ કે એનાથી પોતાને કોઈ લાભ થતો નથી. આથી તે શરીર આદિથી અભિમાન ન કરે.

શુદ્ધાઃ પ્રત્યાત્મસામ્યેન, પર્યાયાઃ પરિભાવિતાઃ ।
અશુદ્ધશ્ચાપકૃષ્ટત્વાન્નોત્કર્ષાય મહામુનેઃ ॥૬॥

(૬) શુદ્ધનયથી વિચારતાં સહજ શુદ્ધ પર્યાયો દરેક આત્મામાં (એકેંદ્રિયાદિમાં પણ) તુલ્ય હોવાથી અને અશુદ્ધનયથી વિચારતાં વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વનયોમાં પરિણત સાધુને તે (શુદ્ધ અને અશુદ્ધ) પર્યાયો અભિમાન માટે થતા નથી.

શુદ્ધપર્યાયો દરેક આત્મામાં સમાન હોવાથી અમુક જીવ ઉચ્ચ મોટો છે, એવો ભેદ ન રહેવાથી હું અમુક જીવથી ઉચ્ચ છું, મારામાં અમુક જીવથી અમુક વિશેષતા છે એમ અભિમાન કરવાનો પ્રસંગ જ રહેતો નથી. શરીર, ધન, રાજ્ય વગેરે પુદ્ગલ પર્યાયો તો સદા

સાથે રહેતા ન હોવાથી તથા અન્ય જીવોએ પણ ભોગવેલા હોવાથી (એઠા અન્નની જેમ) તુચ્છ છે. તુચ્છ વસ્તુઓનો અભિમાન શો ? આમ, મહામુનિ બંને પ્રકારના પર્યાયોથી અભિમાન કરતા નથી.

ક્ષોભં ગચ્છન્ સમુદ્રોઽપિ, સ્વોત્કર્ષપવનેરિતઃ ।
ગુણૌઘાન્ બુદબુદીકૃત્ય, વિનાશયસિ કિં મુધા ॥૭॥

(૭) મહાનુભાવ ! સમુદ્ર=સાધુવેશની મર્યાદા સહિત હોવા છતાં, સ્વોત્કર્ષ રૂપ પવનથી પ્રેરાઈને ક્ષોભ પામતો તું જ્ઞાનાદિગુણોના પુંજને પરપોટા રૂપે કરીને ફોગટ શા માટે વિનાશ કરે છે ? જેમ સમુદ્રને પવનના બળે પાણીને પરપોટા રૂપે કરીને વિનાશ કરવો યોગ્ય નથી, તેમ ઉત્તમ પુરુષને ઉત્કર્ષથી પોતાના ગુણોનો વિનાસ કરવો યોગ્ય નથી.

નિરપેક્ષાનવચ્છિન્ના-ઽનન્તચિન્માત્રમૂર્તયઃ ।
યોગિનો ગલિતોત્કર્ષા-ઽપકર્ષાનલ્પકલ્પનાઃ ॥૮॥

અપેક્ષારહિત (અનવચ્છિન્ન-)દેશની મર્યાદા-રહિત (અનન્ત-) કાળની મર્યાદા રહિત (ચિન્માત્ર-

મૂર્તયઃ-) જ્ઞાનમાત્ર શરીર છે જેમનું એવા બને છે. (નિરપેક્ષ વગેરે ત્રણ વિશેષણો ચિદ્‌ના-જ્ઞાનના છે.)

(૮) ઉત્કર્ષ-અપકર્ષની ઘણી કલ્પનાઓથી રહિત યોગીઓને અપેક્ષા, દેશમાન અને કાલમાનથી રહિત જ્ઞાનમાત્ર શરીર રહે છે, અર્થાત્ મુક્તિની પ્રાપ્તિ તાય છે. મુક્તિમાં ઔદારિકાદિ શરીર ન હોય, કિંતુ કેવળજ્ઞાન રૂપ શરીર હોય.

## અથ તત્ત્વદૃષ્ટ્યષ્ટકમ્ ॥૧૯॥

રૂપે રૂપવતી દૃષ્ટિ-દૃષ્ટ્વા રૂપં વિમુહ્યતિ ।
મજ્જત્યાત્મનિ નીરૂપે, તત્ત્વદૃષ્ટિસ્ત્વરૂપિણી ॥૧॥

(૧) પૌદ્‌ગલિક દૃષ્ટિ (રૂપવાળી હોવાથી) રૂપ જોઈને તેમાં મોહ પામે છે. જ્યારે તત્ત્વદૃષ્ટિ (રૂપ રહિત હોવાથી) રૂપ રહિત આત્મામાં મગ્ન થાય છે.

ભ્રમવાટી બહિર્દૃષ્ટિ-ભ્રમચ્છાયા તદીક્ષણમ્ ।
અભ્રાન્તસ્તત્ત્વદૃષ્ટિસ્તુ, નાસ્યાં શેતે સુખાશયા ॥૨॥

(૨) બાહ્યદૃષ્ટિ ભ્રાન્તિની વાડી છે. બાહ્યદૃષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિની છાયા છે. ભ્રાન્તિ રહિત

તત્ત્વદૃષ્ટિવાળો આત્મા સુખની ઇચ્છાથી ભ્રાન્તિની છાયામાં શયન કરતો નથી.

ગ્રામારામદિ મોહાય, યદ્ દૃષ્ટં બાહ્યયા દૃશા ।
તત્ત્વદૃષ્ટ્યા તદેવાન્ત-ર્નીતં વૈરાગ્યસંપદે ॥૩॥

(૩) બાહ્યદૃષ્ટિથી જોયેલા ગામ-ઉદ્યાન વગેરે પદાર્થો મોહ માટે થાય છે, તે જ પદાર્થો તત્ત્વદૃષ્ટિથી જોયા હોય તો વૈરાગ્યની સંપત્તિ માટે થાય છે.

અહીં બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિમાં કેટલો ભેદ છે તે બતાવ્યું છે. એક જ ક્રિયા દૃષ્ટિના ભેદથી ભિન્ન ભિન્ન પરિણામ આપનારી બને છે. બાહ્યદૃષ્ટિથી જોતાં જે વસ્તુ મોહ વધારે છે, તે જ વસ્તુ તત્ત્વદૃષ્ટિથી જોતાં મોહનો નાશ કરે છે.

બાહ્યદૃષ્ટેઃ સુધાસાર-ઘટિતા ભાતિ સુન્દરી ।
તત્ત્વદૃષ્ટેસ્તુ સા સાક્ષાદ્, વિણ્મૂત્રપિઠરોદરી ॥૪॥

(૪) બાહ્યદૃષ્ટિને રૂપાળી સ્ત્રી અમૃતના સારથી ઘડેલી ભાસે છે. તત્ત્વદૃષ્ટિને તો તેનું ઉદર પ્રત્યક્ષ વિષ્ઠા-મૂત્રથી ભરેલી હાંડલી ભાસે છે.

લાવણ્યલહરીપુણ્યં, વપુઃ પશ્યતિ બાહ્યદગ્ ।
તત્ત્વદૃષ્ટિઃ શ્વકાકાનાં, ભક્ષ્યં કૃમિકુલાકુલમ્ ॥૫॥

(૫) બાહ્યદૃષ્ટિ શરીરને સૌંદર્યની લહરીઓથી પવિત્ર જુએ છે. તત્ત્વદૃષ્ટિ તેને કૂતરા-કાગડાઓને ભક્ષણ કરવા યોગ્ય અને કૃમિઓના સમૂહથી ભરેલું જુએ છે.

ગજાશ્વૈર્ભૂપભવનં, વિસ્મયાય બહિર્દશઃ ।
તત્રાઽશ્વેભવનાત્કોઽપિ, ભેદસ્તત્ત્વદશસ્તુ ન ॥૬॥

(૬) બાહ્યદૃષ્ટિને હાથી-ઘોડાઓથી શોભતું રાજમંદિર આશ્ચર્ય માટે થાય છે. પણ તત્ત્વદૃષ્ટિને તો આવું રાજમંદિર અશ્વ-હાથીઓનું વન જ લાગે છે.

ભસ્મના કેશલોચેન, વપુર્ધૃતમલેન વા ।
મહાન્તં બાહ્યદગ્ વેત્તિ, ચિત્સામ્રાજ્યેન તત્ત્વવિત્ ॥૭॥

(૭) બાહ્યદૃષ્ટિ શરીરે રાખ ચોળવાથી, મસ્તકે મુંડન કરવાથી અને શરીર ઉપર મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ જાણે છે, માને છે. પણ તત્ત્વજ્ઞાની જ્ઞાનની પ્રભુતાથી મહાન માને છે.

ન વિકારાય વિશ્વસ્યો-પકારાયૈવ નિર્મિતાઃ ।
સ્ફુરત્કારુણ્યપીયૂષ-વૃષ્ટયસ્તત્ત્વદૃષ્ટયઃ ॥૮॥

(૮) વિકાસ પામતી કરુણા રૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરુષોનું નિર્માણ (-જન્મ) વિકાર માટે નહિ, કિંતુ વિશ્વના ઉપકાર માટે છે.

## અથ સર્વસમૃદ્ધ્યષ્ટકમ્ ॥૨૦॥

બાહ્યદૃષ્ટિપ્રચારેષુ, મુદ્રિતેષુ મહાત્મનઃ ।
અન્તરેવાવાભાસન્તે, સ્ફુટાઃ સર્વાઃ સમુદ્ધયઃ ॥૧॥

(૧) વિષય સેવન આદિ બાહ્ય પ્રવૃત્તિ રોકવાથી મહાત્માઓને આત્મામાં જ સર્વઋદ્ધિઓ સ્વાનુભાવથી સ્પષ્ટ દેખાય છે.

હું સ્વરૂપે આનંદમય છું, નિર્મળ, અખંડ અને સર્વ પ્રકાશક જ્ઞાનવાળો છું, ઈંદ્રાદિ સંપત્તિઓ ઔપચારિક છે, હું અવિનાશી છું, ઈંદ્રાદિ સંપત્તિ વિનાશી છે, આવા પ્રકારના આત્મસ્વરૂપના જ્ઞાનવાળા મહાત્માને પોતાના આત્મામાં જ સર્વ સંપત્તિઓ ભાસે છે. પણ, ઈંદ્રિયોની વિષયોમાં થતી પ્રવૃત્તિ રોકવી

જોઈએ. આત્મજ્ઞાન થવા છતાં જો ઈંદ્રિયોની વિષયોમાં પ્રવૃત્તિ ચાલુ રહે તો આત્મામાં રહેલી સંપત્તિનો અનુભવ ન થાય.

સમાધિર્નન્દનં ધૈર્યં, દમ્ભોલિઃ સમતા શચી ।
જ્ઞાનં મહાવિમાનં ચ, વાસવશ્રીરિયં મુનેઃ ॥૨॥

(૨) ઈંદ્રની ઋદ્ધિ મુનિમાં પણ ઘટે છે. મુનિને સમાધિ (-ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા) રૂપ નંદનવન, ધૈર્ય રૂપ વજ્રા, સમતા રૂપ ઈંદ્રાણી, સ્વરૂપબોધ રૂપ મહાન વિમાન હોય છે.

વિસ્તારિતક્રિયાજ્ઞાન-ચર્મચ્છત્રો નિવારયન્ ।
મોહમ્લેચ્છમહાવૃષ્ટિં, ચક્રવર્તી ન કિં મુનિઃ ॥૩॥

(૩) ક્રિયારૂપ ચર્મરત્ન અને જ્ઞાનરૂપ છત્રરત્નને વિસ્તારીને મોહરૂપ મ્લેચ્છોની (વાસનારૂપ) વૃષ્ટિને રોકતા મુનિ શું ચક્રવર્તિ નથી ?

નવબ્રહ્મસુધાકુણ્ડ-નિષ્ઠાધિષ્ઠાયકો મુનિઃ ।
નાગલોકેશવદ્ભાતિ, ક્ષમાં રક્ષન્ પ્રયત્નતઃ ॥૪॥

(૪) નવપ્રકારના બ્રહ્મચર્ય રૂપ અમૃતકુંડોની સ્થિતિના સ્વામી અને પ્રયત્નથી ક્ષમાનું પાલન કરતા મુનિ નાગલોકના સ્વામી શેષનાગની જેમ શોભે છે.

શેષનાગ નવ અમૃતકુંડોનો અધિષ્ઠાતા છે અને ક્ષમાને-પૃથ્વીને ધારણ કરે છે એવી લોકોકિત છે. આ લોકોક્તિને અહીં મુનિ સાથે ઘટાવવામાં આવી છે. બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરવામાં સમર્થ હોવાથી મુનિને તેના સ્વામી કહ્યાં છે.

મુનિરધ્યાત્મકૈલાસે, વિવેકવૃષભસ્થિતઃ ।
શોભતે વિરતિજ્ઞપ્તિ-ગઙ્ગાગૌરીયુતઃ શિવઃ ॥૫॥

(૫) અધ્યાત્મ રૂપ કૈલાસપર્વતમાં વિવેક (=સત્યાસત્યનો નિર્ણય) રૂપ વૃષભ ઉપર બેઠેલા અને વિરતિરૂપ ગંગા અને જ્ઞાનરૂપ ગૌરીની સાથે રહેતા મુનિરૂપ મહાદેવ શોભે છે.

મહાદેવ સ્ફટિકમય કૈલાસપર્વતમાં વાસ કરે છે. વૃષભ તેનું વાહન છે. ગૌરી (-પાર્વતી) અને ગંગા તેની પત્નીઓ છે.

જ્ઞાનદર્શનચન્દ્રાર્ક-નેત્રસ્ય નરકચ્છિદઃ ।
સુખસાગરમગ્નસ્ય, કિં ન્યૂનં યોગિનો હરેઃ ? ॥૬॥

(૬) જ્ઞાન-દર્શન (=વિશેષ અને સામાન્ય બોધ) રૂપ ચંદ્ર-સૂર્ય જેનાં નેત્રો છે એવા, નરક ગતિનો નાશ કરનારા અને સુખરૂપ સમુદ્રમાં લીન થયેલા યોગીને કૃષ્ણથી જરા ય ઓછું નથી.

કૃષ્ણનાં ચંદ્ર અને સૂર્ય એ બે નેત્રો છે. તે નરકાસુરનો નાશ કરે છે. તે અષાઢ સુદ અગિયારસથી ક્ષીરસમુદ્રમાં શેષનાગની શય્યામાં પોઢી જાય છે અને કારતક સુદ અગિયારસે જાગે છે એવું શિવધર્મના અનુયાયીઓ માને છે.

યા સૃષ્ટિર્બ્રહ્મણો બાહ્યા, બાહ્યાપેક્ષાવલમ્બિની ।
મુનેઃ પરાનપેક્ષાન્ત-ર્ગુણસૃષ્ટિસ્તતોઽધિકા ॥૭॥

(૭) બ્રહ્માની બાહ્ય સૃષ્ટિ(=વિશ્વનિર્માણ)થી મુનિની આંતરિક ગુણસૃષ્ટિ (=આત્મગુણોનું પ્રકટીકરણ) ઉત્કૃષ્ટ છે. કારણ કે બ્રહ્માની બાહ્યસૃષ્ટિ બાહ્ય કારણની અપેક્ષા રાખે છે, જ્યારે મુનિની આંતરિક ગુણસૃષ્ટિ પરની અપેક્ષાથી રહિત છે.

રત્નૈસ્ત્રિભિઃ પવિત્રા યા, સ્રોતોભિરિવ જાહ્નવી ।
સિદ્ધયોગસ્ય સાપ્યર્હત્પદવી ન દવીયસી ॥૮॥

(૮) ત્રણ પ્રવાહોથી પવિત્ર ગંગાનદીની જેમ સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નોથી પવિત્ર અરિહંત પદવી પણ સિદ્ધયોગ સાધુને દૂર નથી.

સિદ્ધયોગીને સમાપત્તિ આદિ ધ્યાનથી તીર્થંકરનાં દર્શન થાય છે. ગંગા પાતાલ, મનુષ્ય અને સ્વર્ગ લોકમાં વહે છે, આથી તેના ત્રણ પ્રવાહો છે.

## અથ કર્મવિપાકચિન્તનાષ્ટકમ્ ॥૨૧॥

દુઃખં પ્રાપ્ય ન દીનઃ સ્યાત્, સુખં પ્રાપ્ય ચ વિસ્મિતઃ।
મુનિ- કર્મવિપાકસ્ય, જાનન્ પરવશં જગત્ ॥૧॥

(૧) જગતના જીવો કર્મના શુભાશુભ પરિણામને આધીન થયેલા છે એમ જાણતા મુનિ દુઃખમાં દીન ન બને અને સુખમાં હર્ષ ન પામે.

યેષાં ભ્રૂભઙ્ગમાત્રેણ, ભજ્યન્તે પર્વતા અપિ ।
તૈરહો કર્મવૈષમ્યે, ભૂપૈર્ભિક્ષાપિ નાપ્યતે ॥૨॥

(૨) આંખનાં ભવાં ફેરવવા માત્રથી પર્વતોના પણ ચૂરેચૂરા કરી નાખનારા રાજાઓને અશુભ કર્મોનો ઉદય થતાં માગી ભિક્ષા પણ મળતી નથી. આ કેવું આશ્ચર્ય છે !

જાતિચાતુર્યહીનોડપિ, કર્મણ્યભ્યુદયાવહે ।
ક્ષણાદ્ રંકોડપિ રાજા સ્યાચ્છત્રચ્છન્નદિગન્તરઃ ॥૩॥

(૩) જાતિ અને ચતુરાઈથી હીન પણ પુણ્યકર્મનો ઉદય થતાં નંદ આદિની જેમ ક્ષણવારમાં છત્રથી દિશામંડળને ઢાંકનાર રાજા થાય છે.

વિષમા કર્મણઃ સૃષ્ટિ-ર્દષ્ટા કરભપૃષ્ઠવત્ ।
જાત્યાદિભૂતિવૈષમ્યાત્, કા રતિસ્તત્ર યોગિનઃ ॥૪॥

(૪) કોઈ ઉચ્ચ જાતિમાં જન્મે, તો કોઈ નીચ જાતિમાં જન્મે, કોઈ રાજા બને, તો કોઈ ભિખારી બને, કોઈ પંડિતશિરોમણિ બને, તો કોઈ મૂર્ખશેખર બને...આમ કર્મની સૃષ્ટિ ઊંટની પીઠની જેમ વિષમ (=અસમાન) છે. કર્મસૃષ્ટિની આવી વિષમતા જોનારા યોગીને એમાં શાનો આનંદ આવે ?

આરૂઢાઃ પ્રશમશ્રેણિં, શ્રુતકેવલિનોઽપિ ચ ।
ભ્રામ્યન્તેઽનન્તસંસાર-મહો દુષ્ટેન કર્મણા ॥૫॥

(૫) અરે ! ઉપશમ શ્રેણિમાં અગિયારમાં ગુણસ્થાનક સુધી પહોંચેલાઓને અને ચૌદપૂર્વધરોને પણ દુષ્ટ કર્મ અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

અર્વાક્ સર્વાપિ સામગ્રી, શ્રાન્તેવ પરિતિષ્ઠતિ ।
વિપાકઃ કર્મણઃ કાર્ય-પર્યન્તમનુધાવતિ ॥૬॥

(૬) નજીકમાં રહેલી બીજી બધી સામગ્રી (=કારણો) કર્મવિપાક વિના જાણે થાકી ગઈ હોય તેમ ઊભી રહે છે. કર્મનો વિપાક કાર્યના છેડા સુધી દોડે છે.

અસાવચરમાવર્તે, ધર્મં હરતિ પશ્યતઃ ।
ચરમાવર્તિસાધોસ્તુ, છલમન્વિષ્ય હૃષ્યતિ ॥૭॥

(૭) આ કર્મવિપક ચરમ પુદ્‌ગલવપરાવર્ત સિવાયના કાળમાં જોવા છતાં-જાણવા છતાં ધર્મને લઈ લે છે, અને ચરમ પુદ્‌ગલપરાવર્તમાં રહેલા

સાધુનું છળ-અતિચાર આદિ દોષો શોધીને હર્ષ પામે છે.

સામ્યં બિભર્તિ યઃ કર્મ-વિપાકં હૃદિ ચિન્તયન્ ।
સ એવ સ્યાચ્ચિદાનન્દ-મકરન્દમધુવ્રતઃ ॥૮॥

(૮) કર્મના શુભાશુભ વિપાકને હૃદયમાં વિચારીને જે સમતા ધારણ કરે છે, તે જ જ્ઞાનાનંદ રૂપ પુષ્પપરિમલનો ભોગી ભ્રમર બને છે.

## અથ ભવોદ્વેગાષ્ટકમ્ ॥૨૨॥

યસ્ય ગમ્ભીરમધ્યસ્યા-ઽજ્ઞાનવજ્રમયં તલમ્ ।
રુદ્ધા વ્યસનશૈલૌઘૈઃ, પન્થાનો યત્ર દુર્ગમાઃ ॥૧॥

પાતાલકલશા યત્ર, ભૃતાસ્તૃષ્ણામહાનિલૈઃ ।
કષાયાશ્ચિત્તસંકલ્પ-વેલાવૃદ્ધિં વિતન્વતે ॥૨॥

સ્મરૌર્વાગ્નિર્જ્વલત્યન્ત-ર્યત્ર સ્નેહેન્ધનઃ સદા ।
યો ઘોરરોગશોકાદિ-મત્સ્યકચ્છપસંકુલઃ ॥૩॥

દુર્બુદ્ધિમત્સરદ્રોહૈ-ર્વિદ્યુદ્દુર્વાતગર્જિતૈઃ ।
યત્ર સાંયાત્રિકા લોકાઃ, પતન્ત્યુત્પાતસંકટે ॥૪॥

ज्ञानी तस्माद्भवाम्भोधे-
र्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं,
सर्वयत्नेन काङ्क्षति ॥५॥

(૧-૫) સંસાર સમુદ્રનો મધ્યભાગ અગાધ છે, તળિયું અજ્ઞાન રૂપ વજ્રથી બનેલું છે, ત્યાં જવાના માર્ગો સંકટ રૂપ પર્વતોથી ઘેરાયેલા અને મુશ્કેલીથી જઈ શકાય તેવા છે. (૨) એમાં તૃષ્ણા રૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ કષાયો રૂપ ચાર પાતાળ કળશો ચિત્તસંકલ્પ રૂપ વેલાની ભરતી કરે છે. (૩) એના મધ્યભાગમાં સ્નેહ રૂપ કાષ્ઠોથી કામ રૂપ વડવાનલ સળગી રહ્યો છે. એ ભયંકર રોગ-શોકાદિ રૂપ મત્સ્ય-કાચબાઓથી સંકીર્ણ છે. (૪) એમાં પાપબુદ્ધિ, મત્સર, દ્રોહ આદિરૂપ વિજળીઓ, વાવાઝોડાં અને ગર્જનાઓથી વહાણમાં બેઠેલા મુસાફરો ઉત્પાત રૂપ સંકટમાં પડે છે. (૫) આવા અતિભયંકર સંસાર-સમુદ્રથી સદા કંટાળેલા જ્ઞાની સર્વપ્રકારના ઉદ્યમથી-કોઈ પણ રીતે તેને તરવાનો ઉપાય ઇચ્છે છે.

તૈલપાત્રધરો યદ્વદ્, રાધાવેધોદ્યતો યથા ।
ક્રિયાસ્વનન્યચિત્તઃ સ્યાદ્ ભવભીતસ્તથા મુનિઃ ॥૬॥

(૬) જેમ મૃત્યુભયથી રાજાની આજ્ઞા મુજબ સંપૂર્ણ ભરેલું તેલનું પાત્ર લઈને સંપૂર્ણ નગરમાં ફરનાર શ્રેષ્ઠિપુત્રે રસ્તામાં નાટક વગેરે થવા છતાં, તેલનું એક પણ ટીપું પડી ન જાય એ માટે નાટક વગેરે તરફ દૃષ્ટિ કર્યા વિના તેલપાત્રમાં જ ચિત્ત રાખ્યું હતું, તથા રાધાવેધ સાધવા તૈયાર થયેલા સુરેંદ્રદત્ત રાજકુમારે મસ્તકછેદના ભયથી રાધાવેધ સાધવાની ક્રિયામાં જ ચિત્ત રાખ્યું હતું, તેમ ભવથી ભય પામેલા મુનિ ચારિત્રક્રિયાઓમાં જ એકાગ્ર ચિત્તવાળા હોય છે.

વિષં વિષસ્ય વહ્નેશ્ચ, વહ્નિરેવ યદૌષધમ્ ।
તત્સત્યં ભવભીતાના-મુપસર્ગેઽપિ યન્ન ભીઃ ॥૭॥

(૭) ઝેરનું ઔષધ ઝેર છે, અગ્નિનું ઔષધ અગ્નિ છે એમ જે કહેવાય છે તે સત્ય છે. કારણ કે ભવથી ભય પામેલા મુનિઓને ઉપસર્ગમાં પણ ભય હોતો નથી.

ભવભય દુઃખભયને દૂર કરવાનો ઉપાય છે. આથી જ ભવના ભયવાળા મુનિઓને ઉપસર્ગ આદિથી આવતા દુઃખનો ભય હોતો નથી.

**સ્થૈર્યં ભવભયાદેવ, વ્યવહારે મુનિર્વ્રજેત્ ।**
**સ્વાત્મારામસમાધૌ તુ, તદપ્યન્તર્નિમજ્જતિ ॥૮॥**

(૮) મુનિ વ્યવહાર દશામાં-પ્રાથમિક (નીચલી) કક્ષામાં હોય ત્યારે ભવભયથી જ ચારિત્રમાં સ્થિરતા પામે છે. પણ તે મુનિ જ્યારે ઉચ્ચકક્ષા પ્રાપ્ત કરીને આત્મરમણતા રૂપ સમાધિમાં રહે છે ત્યારે ભવભય પણ સમાધિમાં જ વિલીન થઈ જાય છે.

## અથ લોકસંજ્ઞાત્યાગાષ્ટકમ્ ॥૨૩॥

**પ્રાપ્તઃ ષષ્ઠં ગુણસ્થાનં, ભવદુર્ગાદ્રિલઙ્ઘનમ્ ।**
**લોકસંજ્ઞારતો ન સ્યાન્મુનિર્લોકોત્તરસ્થિતિઃ ॥૧॥**

(૧) સંસાર રૂપ વિષમ પર્વતના ઉલ્લંઘન રૂપ છઠ્ઠા ગુણસ્થાનને પામેલા અને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની મર્યાદાવાળા મુનિ "લોકોએ કર્યું તે જ કરવું, શાસ્ત્રાર્થનો વિચાર ન કરવો," આવી દુર્બુદ્ધિ રૂપ

લોકસંજ્ઞામાં રત ન થાય.

યથા ચિન્તામણિં દત્તે, બઠરો બદરોફલૈઃ ।
હહા ! જહાતિ સદ્ધર્મં, તથૈવ જનરઞ્જનૈઃ ॥૨॥

(૨) કેવી દુઃખની બીના ! જેમ મૂર્ખ બોર લઈને ચિંતામણિ આપી દે છે, તે જ પ્રમાણે અવિવેકી વિવિધ લોક રંજનોથી સુધર્મનો ત્યાગ કરે છે. અર્થાત્ તપ-ત્યાગ વગેરે ધર્મ યશકીર્તિ, લોકાકર્ષણ વગેરે માટે કરે છે, આથી તેને ધર્મનું જેવું ફળ મળવું જોઈએ તેવું ફળ મળતું નથી.

લોકસંજ્ઞામહાનદ્યા-મનુશ્રોતોડનુગા ન કે ? ।
પ્રતિશ્રોતોડનુગસ્ત્વેકો, રાજહંસો મહામુનિઃ ॥૩॥

(૩) લોકસંજ્ઞા રૂપ મહાનદીના પ્રવાહમાં તણાઈ જનારા કોણ નથી ? રાજહંસ સમાન એક મહામુનિ જ એ પ્રવાહની સામે ચાલે છે.

લોકમાલમ્બ્ય કર્તવ્યં કૃતં બહુભિરેવ ચેત્ ।
તદા મિથ્યાદશાં ધર્મો, ન ત્યાજ્યઃ સ્યાત્કદાચન ॥૪॥

(૪) જો લોકને અનુસરીને ઘણાઓએ જે કર્યું

હોય તે જ કરવાનું હોય તો ક્યારે પણ મિથ્યાદષ્ટિઓનો ધર્મ નહિ છોડી શકાય. કારણ કે તેને આચરનારા ઘણા છે.

શ્રેયોઽર્થિનો હિ ભૂયાંસો, લોકે લોકોત્તરે ન ચ ।
સ્તોકા હિ રત્નવણિજઃ, સ્તોકાશ્ચ સ્વાત્મસાધકાઃ ॥૫॥

(૫) મોક્ષના અર્થીઓ લૌકિક માર્ગમાં અને લોકોત્તર માર્ગમાં થોડા જ હોય છે એ નિશ્ચિત છે. જેમ રત્નના વેપારી થોડા જ હોય છે, તેમ પોતાના આત્માની સાધના કરનારા થોડા જ હોય છે. ચોથા શ્લોકમાં કહેલા "મિથ્યાદષ્ટિ ઘણા છે અને સમ્યગ્દષ્ટિ બહુ જ થોડા છે" એ ભાવને આ ગાથામાં સાબિત કર્યો છે.

લોકસંજ્ઞાહતા હન્ત ! નીચૈર્ગમનદર્શનૈઃ ।
શંસયન્તિ સ્વસત્યાઙ્ગ-મર્મઘાતમહાવ્યથામ્ ॥૬॥

(૬) કેવી અફસોશની વાત ! લોકસંજ્ઞાથી હણાયેલા જીવો, ધીમું ચાલવું, નીચું જોવું વગેરે ક્રિયાથી પોતાના સત્યવ્રત રૂપ અગંમર્મમાં પ્રહારની મહાપીડાને જણાવે છે.

આત્મસાક્ષિકસદ્ધર્મ-સિદ્ધૌ કિં લોકયાત્રયા ।
તત્ર પ્રસન્નચન્દ્રશ્ચ, ભરતશ્ચ નિદર્શને ॥૭॥

(૭) ધર્મની સિદ્ધિ આત્મસાક્ષીએ (આત્મપરિણામથી) થાય છે, નહિ કે લોકસાક્ષીએ. આથી લોકને પોતાનો ધર્મ જણાવવાથી શો લાભ ? આત્મસાક્ષીએ જ સાચા ધર્મની સિદ્ધિ થાય છે એ વિષયમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ભરત મહારાજા દૃષ્ટાંત રૂપ છે.

લોકસંજ્ઞોજ્ઝિતઃ સાધુઃ, પરબ્રહ્મસમાધિમાન્ ।
સુખમાસ્તે ગતદ્રોહ-મમતામત્સરજ્વરઃ ॥૮॥

(૮) લોકસંજ્ઞાથી મુક્ત, પરબ્રહ્મમાં લીન, દ્રોહ, મમતા અને મત્સર રૂપ જ્વરથી રહિત સાધુ સુખે રહે છે.

## અથ શાસ્ત્રદૃષ્ટયષ્ટકમ્ ॥૨૪॥

ચર્મચક્ષુર્ભૃતઃ સર્વે, દેવાશ્ચાવધિચક્ષુષઃ ।
સર્વતશ્ચક્ષુષઃ સિદ્ધાઃ, સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ ॥૧॥

(૧) સઘળા મનુષ્યોને ચર્મની આંખ હોય છે. દેવોને અવધિજ્ઞાન રૂપ ચક્ષુ હોય છે. સિદ્ધોને કેવળજ્ઞાન રૂપ ચક્ષુ હોય છે. સાધુઓને શાસ્ત્ર એ જ ચક્ષુ હોય છે.

પુરઃસ્થિતાનિબોર્ધ્વાધ-સ્તિર્યગ્લોકવિવર્તિનઃ ।
સર્વાન્ ભાવાનવેક્ષન્તે, જ્ઞાનિનઃ શાસ્ત્રચક્ષુષા ॥૨॥

(૨) જ્ઞાનીઓ શાસ્ત્ર રૂપ ચક્ષુથી (સૌધર્મ દેવ લોકાદિ) ઊર્ધ્વલોકમાં, (નરકાદિ) અધોલોકમાં, અને (જંબૂદ્વીપાદિ) તિર્ચ્છા લોકમાં રહેલા સર્વભાવોને જાણે આંખ સામે રહ્યા હોય એમ પ્રત્યક્ષ જુએ છે. અહીં શ્રુતસહચરિત માનસ અચક્ષુદર્શનથી દેખે છે એમ જાણવું. અર્થાત્ શ્રુતના બળે મનથી જુએ છે.

શાસનાત્ત્રાણશક્તેશ્ચ, બુધૈઃ શાસ્ત્રં નિરુચ્યતે ।
વચનં વીતરાગસ્ય, તત્તુ નાન્યસ્ય કસ્યચિત્ ॥૩॥

(૩) હિતનો ઉપદેશ આપીને રક્ષણ કરે તે શાસ્ત્ર. વિદ્વાનોએ શાસ્ત્રશબ્દની આવી વ્યત્પુત્તિ કરી છે. આવું શાસ્ત્ર વીતરાગનું જ વચન છે. અન્ય કોઈનું વચન શાસ્ત્ર નથી.

શાસ્ત્રે પુરસ્કૃતે તસ્માદ્ વીતરાગઃ પુરસ્કૃતઃ ।
પુરસ્કૃતે પુનસ્તસ્મિન્, નિયમાત્ સર્વસિદ્ધયઃ ॥૪॥

(૪) વીતરાગનું વચન શાસ્ત્ર હોવાથી શાસ્ત્ર

આગળ કર્યું એટલે વીતરાગ જ આગળ કર્યા. કારણ કે શાસ્ત્રના ઉપયોગથી વીતરાગની સ્મૃતિ થાય છે. સર્વ પ્રવૃત્તિમાં વીતરાગને આગળ કરવાથી અવશ્ય સર્વ અર્થોની સિદ્ધિ થાય છે.

અદૃષ્ટાર્થેઽનુધાવન્તઃ, શાસ્ત્રદીપં વિના જડાઃ ।
પ્રાપ્નુવન્તિ પરં ખેદં, પ્રસ્ખલન્તઃ પદે પદે ॥૫॥

(૫) નહિ જોયેલા મોક્ષમાર્ગ વગેરે વિષયમાં શાસ્ત્રરૂપ દીપ વિના (મોક્ષમાર્ગ વગેરે અર્થની) પાછળ દોડતા અવિવેકી પુરુષો પગલે પગલે ઠોકર ખાઈને બહુ ક્લેશ પામે છે.

મોક્ષમાર્ગમાં શાસ્ત્રની ઉપેક્ષા કરીને પોતાની મતિકલ્પનાથી પ્રવૃત્તિ કરનારા જડ જીવો દુર્ગતિ રૂપ ખાડામાં પડીને બહુ દુઃખ પામે છે એ આ ગાથાનો ભાવ છે.

શુદ્ધોઞ્છાદ્યપિ શાસ્ત્રાજ્ઞા-નિરપેક્ષસ્ય નો હિતમ્ ।
ભૌતહન્તુર્યથા તસ્ય, પદસ્પર્શનિવારણમ્ ॥૬॥

(૬) જેમ ભૌતમતિને હણનાર ભીલને

ભૌતમતિના પાદસ્પર્શનું નિવારણ હિતકર ન હતું, તેમ શાસ્ત્રાજ્ઞાથી નિરપેક્ષ સાધુને બેંતાળીશ દોષથી રહિત શુદ્ધ આહારની ગવેષણા પણ હિતકર નથી.

અજ્ઞાનાડહિમહામન્ત્રં, સ્વાચ્છન્દ્યજ્વરલઙ્ઘનમ્ ।
ધર્મારામસુધાકુલ્યાં, શાસ્ત્રમાહુર્મહર્ષય: ॥૭॥

(૭) મહર્ષિઓ શાસ્ત્રને અજ્ઞાનરૂપ સર્પનું ઝેર ઉતારવા માહામંત્ર સમાન, સ્વચ્છંદતારૂપ જ્વરને દૂર કરવા લાંઘણ સમાન, ધર્મરૂપ બગીચાને વિકસાવમાં અમૃતની નીક સમાન કહે છે.

શાસ્ત્રોક્તાચારકર્તા ચ, શાસ્ત્રજ્ઞ: શાસ્ત્રદેશક: ।
શાસ્ત્રૈકદગ્મહાયોગી, પ્રાપ્નોતિ પરમં પદમ્ ॥૮॥

(૮) શાસ્ત્રમાં કહેલા આચારોનું પાલન કરનાર, શાસ્ત્રના જ્ઞાતા, શાસ્ત્રનો ઉપદેશ આપનાર અને શાસ્ત્રમાં જ દૃષ્ટિવાળા યોગી મોક્ષ પામે છે.

## અથ પરિગ્રહાષ્ટકમ્ ॥૨૫॥

ન પરાવર્તતે રાશે-ર્વક્રતાં જાતુ નોજ્ઝતિ ।
પરિગ્રહગ્રહ: કોડયં, વિડમ્બિતજગત્ત્રય: ? ॥૧॥

(૧) અરે ! આ પરિગ્રહ રૂપ ગ્રહ વળી કયો છે ! તે રાશિથી પાછો ફરતો નથી, અર્થાત્ એક રાશિ છોડીને બીજી રાશિમાં જતો નથી, ક્યારે પણ વક્રતાને છોડતો નથી, એટલે કે પાછળ પડતો નથી, અને ત્રણે જગતના જીવોને વિટંબણા પમાડે છે.

પરિગ્રહગ્રહાઽઽવેશાદ્, દુર્ભાષિતરજઃકિરામ્ ।
શ્રૂયન્તે વિકૃતાઃ કિં ન, પ્રલાપા લિઙ્ગિનામપિ ? ॥૨॥

(૨) પરિગ્રહ રૂપ ગ્રહનો (આત્મામાં) પ્રવેશ થવાથી ઉત્સૂત્ર વચન રૂપ ધૂળને ફેંકનારા જૈન વેશધારી સાધુઓના પણ લેવાની ઇચ્છા આદિના વિકારવાળા અસંબદ્ધ વચનો સંભળાય છે. ત્યારે બીજાઓની તો વાત જ શી કરવી ?

યસ્ત્યક્ત્વા તૃણવદ્ બાહ્ય-માન્તરં ચ પરિગ્રહમ્ ।
ઉદાસ્તે તત્પદામ્ભોજં, પર્યુપાસ્તે જગત્ત્રયી ॥૩॥

(૩) જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહને તણખલાની જેમ છોડીને સમભાવે રહે છે, તેના ચરણકળમને ત્રણે જગતના જીવો સેવે છે.

ચિત્તેઽન્તર્ગ્રન્થગહને, બહિર્નિર્ગ્રન્થતા વૃથા ।
ત્યાગાત્કઞ્ચુકમાત્રસ્ય, ભુજગો ન હિ નિર્વિષઃ ॥૪॥

(૪) જો ચિત્ત અભ્યંતર પરિગ્રહથી ખીચોખીચ ભરેલું હોય તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિરર્થક જ છે. માત્ર ઉપરની કાંચળીના ત્યાગથી સર્પ વિષરહિત બની જતો જ નથી.

ત્યક્તે પરિગ્રહે સાધોઃ, પ્રયાતિ સકલં રજઃ ।
પાલિત્યાગે ક્ષણાદેવ, સરસઃ સલિલં યથા ॥૫॥

(૫) જેમ પાળ નીકળી જતાં સરોવરમાંથી ક્ષણવારમાં સઘળું પાણી ચાલ્યું જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ થતાં સાધુનાં સઘળાં પાપો ચાલ્યાં જાય છે.

ત્યક્તપુત્રકલત્રસ્ય, મૂર્છામુક્તસ્ય યોગિનઃ ।
ચિન્માત્રપ્રતિબદ્ધસ્ય, કા પુદ્ગલનિયન્ત્રણા ? ॥૬॥

(૬) પુત્ર, સ્ત્રી આદિ સઘળા બાહ્યપરિગ્રહથી અને મૂર્છા રૂપ આંતર પરિગ્રહથી મુક્ત બનીને જ્ઞાનમાં જ રત રહેનારા મુનિને કયું પુદ્ગલબંધન હોય ? અર્થાત્ તેને કર્મબંધ ન થાય.

ચિન્માત્રાદીપકો ગચ્છેદ્, નિર્વાતસ્થાનસન્નિભૈઃ ।
નિષ્પરિગ્રહતાસ્થૈર્યં, ધર્મોપકરણૈરપિ ॥૭॥

(૭) જ્ઞાનના (જ) દીપક રૂપ અપ્રમત્ત સાધુ પવનરહિત સ્થાન તુલ્ય ધર્મોપકરણોથી પણ નિષ્પરિગ્રહતાની સ્થિરતા પામે છે, અર્થાત્ ધર્મોપકરણો જ્ઞાન અને ચારિત્રમાં સહાયક હોવાથી અપ્રમત્ત સાધુ ધર્મોપકરણ રાખવા છતાં પરિગ્રહ રહિત છે.

મૂર્છાચ્છન્નધિયાં સર્વં, જગદેવ પરિગ્રહઃ ।
મૂર્ચ્છયા રહિતાનાં તુ, જગદેવાપરિગ્રહઃ ॥૮॥

(૮) જેમની બુદ્ધિ મૂર્છાથી આચ્છાદિત બની ગઈ છે તેમને સંપૂર્ણ જગત જ પરિગ્રહ છે, અને મૂર્છાથી રહિત યોગીઓને તો સંપૂર્ણ જગત જ અપરિગ્રહ છે.

## અથાનુભવાષ્ટકમ્ ॥૨૬॥

સન્ધ્યેવ દિનરાત્રિભ્યાં, કેવલશ્રુતયોઃ પૃથક્ ।
બુધૈરનુભવો દૃષ્ટઃ કેવલાર્કાઽરુણોદયઃ ॥૧॥

(૧) જેમ સંધ્યા દિવસ અને રાતથી જુદી છે, તેમ

કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જુદો કેવળજ્ઞાન રૂપ સૂર્યના અરુણોદય સમાન અનુભવ પંડિતોએ જોયો છે.

વ્યાપારઃ સર્વશાસ્ત્રણાં, દિક્પ્રદર્શન એવ હિ ।
પારં તુ પ્રાપયત્યેકો-ડનુભવો ભવવારિધેઃ ॥૨॥

(૨) સર્વશાસ્ત્રોનો ઉપાયપ્રદર્શન રૂપ વ્યાપાર દિશાસૂચન માટે જ છે, અર્થાત્ શાસ્ત્ર મોક્ષના ઉપાયો બતાવીને માત્ર દિશા સૂચન કરે છે. સંસાર સમુદ્રનો પાર તો એક અનુભવ જ પમાડે છે.

અતીન્દ્રિયં પરં બ્રહ્મ, વિશુદ્ધાનુભવં વિના ।
શાસ્ત્રયુક્તિશતેનાપિ, ન ગમ્યં યદ્ બુધા જગુઃ ॥૩॥

જ્ઞાયેરન્ હેતુવાદેન, પદાર્થા યદ્યતીન્દ્રિયાઃ ।
કાલેનૈતાવતા પ્રાજ્ઞૈઃ કૃતઃ સ્યાત્ તેષુ નિશ્ચયઃ ॥૪॥

(૩-૪) ઈંદ્રિયોથી ન જાણી શકાતો અને સઘળી ઉપાધિથી રહિત શુદ્ધ આત્મા વિશુદ્ધ અનુભવ વિના સેંકડો શાસ્ત્રયુક્તિઓથી પણ જાણી શકાય નહિ. આથી જ પંડિતોએ કહ્યું છે કે-

જો અતીંદ્રિય પદાર્થો શાસ્ત્રોક્ત યુક્તિઓથી

હથેલીમાં રહેલા આમળાની પેઠે જાણી શકાતા હોત તો પંડિત પુરુષોએ આટલા કાળ સુધીમાં ક્યારેય તે પદાર્થોમાં અમુક પદાર્થો અમુક સ્વરૂપે જ છે એમ અસંદિગ્ધ નિર્ણય કરી નાખ્યો હોત.

કેષાં ન કલ્પનાદર્વી, શાસ્ત્રક્ષીરાન્નગાહિની ।
વિરલાસ્તદ્રસાસ્વાદ-વિદોઽનુભજિહ્વયા ॥૫॥

(૫) કોની કલ્પના રૂપ કડછી શાસ્ત્રરૂપ ક્ષીરાન્નમાં પ્રવેશ કરનારી નથી ? અર્થાત્ શાસ્ત્રદ્વારા આત્માની વિચારણા બધા પંડિતો કરે છે. પણ અનુભવ રૂપ જિહ્વાથી તેના રસાસ્વાદનો અનુભવ કરનારા તો વિરલા જ હોય છે.

શાસ્ત્રજ્ઞાન બાહ્યજ્ઞાન છે. સાક્ષાત્ અનુભવ અંતરંગ જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન ધરાવનારા પંડિતામાં વિરલા જ અનુભવ જ્ઞાન પામે છે.

પશ્યતુ બ્રહ્મ નિર્દ્વન્દ્વં, નિર્દ્વન્દ્વાનુભવં વિના ।
કથં લિપીમયી દૃષ્ટિ-ર્વાઙ્મયી વા મનોમયી ? ॥૬॥

(૬) ક્લેશરહિત આત્માને ક્લેશરહિત પ્રત્યક્ષ

સાક્ષાત્કાર (અનુભવ) થયા વિના લિપીમયી, વાઙ્મયી કે મનોમયી દષ્ટિ કેવી રીતે જુએ ?

ભાવાર્થ :- (લિપીમયી દષ્ટિ-) પુસ્તકોના વાંચનથી થતો બોધ, (વાઙ્મયી દષ્ટિ-) આતમા સંબંધી ચર્ચા-વાદવિવાદ આદિથી થતો બોધ, અને (મનોમયી દષ્ટિ-) આત્મા સંબંધી ચિંતન-મનન આદિથી થતો બોધ સર્વ પ્રકારના ક્લેશથી રહિત શુદ્ધ બ્રહ્મને ન જોઈ શકે, કિંતુ અનુભવ રૂપ બોધ જ જોઈ શકે.

**ન સુષુપ્તિરમોહત્વાદ્, નાપિ ચ સ્વાપજાગરૌ ।**
**કલ્પનાશિલ્પવિશ્રાન્તે-સ્તુર્યૈવાનુભવો દશા ॥૭॥**

(૭) નિદ્રા, સ્વપ્ન, જાગ્રદ્ અને ઉજ્જાગર એમ ચાર દશા છે. તેમાં અનુભવ નિદ્રાદશા નથી. સ્વપ્ન દશા કે જાગ્રદ્ દશા પણ નથી, કિંતુ ચોથી જ ઉજ્જાગર દશા છે. નિદ્રાદશામાં મોહ છે, જ્યારે અનુભવ દશામાં મોહ હોતો નથી. આથી અનુભવ નિદ્રા દશા નથી. સ્વપ્ન અને જાગ્રદ્ દશામાં કલ્પનાઓ-વિકલ્પો હોય છે, જ્યારે અનુભવ દશામાં કલ્પનાનો અભાવ હોય છે. આથી

અનુભવ સ્વપ્ન કે જાગ્રદ્ દશા પણ નથી, કિંતુ ચોથી ઉજ્જાગર દશા છે.

અદિગત્યાખિલં શબ્દ-બ્રહ્મ શાસ્ત્રદશા મુનિઃ ।
સ્વસંવેદ્યં પરં બ્રહ્મા-નુભવેનાઽધિગચ્છતિ ॥૮॥

(૮) મુનિ શાસ્ત્રરૂપ દૃષ્ટિથી સંપૂર્ણ શાબ્દબ્રહ્મને (-શ્રુતને) જાણીને અનુભવ જ્ઞાનથી સ્વપ્રકાશ રૂપ વિશુદ્ધ આત્માને જાણે છે. આત્મા સ્વપ્રકાશ રૂપ છે, એટલે કે એને જાણવા-જોવા માટે અન્ય સાધનની જરૂર પડતી નથી. જેમ ઘટ વગેરેને જોવા સૂર્ય આદિના પ્રકાશની જરૂર રહે છે, તેમ આત્માને જોવા આત્મા સિવાય અન્યના પ્રકાશની જરૂર નથી. આત્મા દીપકની જેમ સ્વયં પ્રકાશરૂપ છે.

## અથ યોગાષ્ટકમ્ ॥૨૭॥

મોક્ષેણ યોજનાદ્ યોગઃ, સર્વોઽપ્યાચાર ઇષ્યતે ।
વિશિષ્ય સ્થાનવર્ણાર્થા-લમ્બનૈકાગ્રયગોચરઃ ॥૧॥

(૧) આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ. યોગશબ્દનો આ (વ્યુત્પત્તિસિદ્ધ) અર્થ ધર્મના સઘળા

આચારોમાં ઘટતો હોવાથી સામાન્યથી ધર્મના સઘળા ય આચારો યોગ રૂપ છે. વિશેષ રૂપે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા એમ પાંચ પ્રકારે યોગ છે.

સ્થાન=કાયોત્સર્ગ, પદ્માસન વગેરે આસન.

વર્ણ=શબ્દ, ક્રિયામાં બોલાતા સૂત્રો. અર્થ=ક્રિયામાં બોલાતા સૂત્રોનો અર્થ. આલંબન=બાહ્ય પ્રતિમા વગેરેનું ધ્યાન. એકાગ્રતા=બાહ્ય અલંબન વિના નિર્વિકલ્પ ચૈતન્યમાત્રની સમાધિ. આનાલંબન યોગ છે.

કર્મયોગદ્વયં તત્ર, જ્ઞાનયોગત્રયં વિદુઃ ।
વિરતેષ્વેવ નિયમાદ્, બીજમાત્રં પરેષ્વપિ ॥૨॥

(૨) પાંચ યોગમાં પ્રારંભના બે યોગ (સ્થાન, વર્ણ કર્મયોગ છે, અને અંતિમ ત્રણ (અર્થ, આલંબન, એકાગ્રતા) જ્ઞાનયોગ છે, એમ જ્ઞાનીઓ જાણે છે. પાંચ પ્રકારનો આ યોગ દેશવિરતિ અને સર્વિરતિ જીવોમાં અવશ્ય હોય છે, અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિ જીવોમાં કેવળ બીજ રૂપ હોય છે.

કૃપાનિર્વેદસંવેગ-પ્રશમોત્પત્તિકારિણઃ ।
ભેદાઃ પ્રતિયેકમત્રેચ્છા-પ્રવૃત્તિસ્થિરસિદ્ધયઃ ॥૩॥

(૩) સ્થાન આદિ પ્રત્યેક યોગના ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર ભેદ છે. એ ચાર ભેદ કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમને ઉત્પન્ન કરનારા છે.

કૃપા=પ્રાણીઓના દુઃખને અને દુઃખનાં કારણોને યથાશક્તિને દૂર કરવાની ઈચ્છા રૂપ અનુકંપા. નિર્વેદ=ભવનું સ્વરૂપ જાણવાથી સંસાર અસાર લાગતાં તેનાથી છૂટવાની ઈચ્છા રૂપ વૈરાગ્ય. સંવેગ=મોક્ષની ઈચ્છા. પ્રશમ=કામ-ક્રોધની શાંતિ.

ઈચ્છા તદ્વત્કથાપ્રીતિઃ, પ્રવૃત્તિઃ પાલનં પરમ્ ।
સ્થૈર્યં બાધકભીહાનિઃ, સિદ્ધિરન્યાર્થસાધનમ્ ॥૪॥

(૪) યોગની યોગ સંબંધી વાતો સાંભળતાં પ્રીતિ થાય એ ઈચ્છાયોગ. શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપૂર્ણ યોગપાલન એ પ્રવૃત્તિયોગ. યોગના પાલનમાં અતિચારોના ભયનો અભાવ તે સ્થિરતા યોગ. સ્થાનાદિયોગ બીજાઓના પણ હિતનું કારણ બને એ સિદ્ધિયોગ છે.

અર્થાલમ્બનયોશ્ચૈત્ય-વન્દનાદૌ વિભાવનમ્ ।
શ્રેયસે યોગિનઃ સ્થાન-વર્ણયોર્યત્ન એવ ચ ॥૫॥

(૫) ચૈત્યવંદનાદિ ક્રિયામાં અર્થ આલંબન યોગનું વારંવાર સ્મરણ જ તથા સ્થાન અને વર્ણમાં ઉદ્યમ જ યોગીના હિત માટે થાય છે.

ભાવાર્થ :-ચૈત્યવંદનાદિ ક્રિયામાં (અર્થ-) સૂત્રોના અર્થનો વિચાર કરતાં રહેવું જોઈએ, (આલંબન-) દૃષ્ટિ પ્રતિમાદિ આલંબન ઉપર સ્થિર રાખવી જોઈએ, (સ્થાન-) જે વખતે જે મુદ્રા જોઈએ તો મુદ્રા છે કે નહિ તેનો ઉપયોગ રાખવો જોઈએ, (વર્ણ-) સૂત્રો હીનાક્ષર આદિ દોષથી રહિત શુદ્ધ બોલાય છે કે નહિ તેનો ઉપયોગ રાખવો જોઈએ. અર્થાત્ ચિત્તને સ્થાનાદિ ચારમાં એકાગ્ર બનાવવું જોઈએ. પ્રશ્ન :-સ્થાનાદિ ચારેમાં એક સાથે ચિત્તનો ઉપયોગ કેવી રીતે રહે ? ઉત્તર :- અહીં ચિત્તનો ઉપયોગ સ્થાનથી ખસીને વર્ણ ઉપર, વર્ણથી ખસીને સ્થાન ઉપર કે અર્થ ઉપર, અર્થ ઉપરથી ખસીને આલંબન ઉપર કે વર્ણ ઉપર....એમ ફરતો હોવા છતાં બહુ જ ઝડપથી ફરતો હોવાથી ઉત્પલશતપત્રના ભેદની જેમ સ્થાનાદિ ચારેમાં ચિત્તની એકાગ્રતા કહેવાય. આમાં મુખ્યપણે મનમાં અર્થનો

વિચાર ચાલે અને વચ્ચે વચ્ચે આલંબનાદિ બરોબર છે કે નહિ તેનો પણ સૂક્ષ્મ ઉપયોગ થતો રહે.

આલમ્બનમિહ જ્ઞેયં. દ્વિવિધં રૂપ્યરૂપિ ચ ।
અરૂપિગુણસાયુજ્ય-યોગોઽનાલમ્બનઃ પરઃ ॥૬॥

(૬) અહીં આલંબનના રૂપી અને અરૂપી એમ બે ભેદ છે. સિદ્ધસ્વરૂપની સાથે તાદાત્મ્ય (-એકતા) એ અનાલંબન યોગ છે. અનાલંબન યોગ ઉત્કૃષ્ટ યોગ છે.

પ્રીતિભક્તિવચોઽસંગૈઃ, સ્થાનાદ્યપિ ચતુર્વિધમ્ ।
તસ્માદયોગયોગાપ્તે-ર્મોક્ષયોગઃ ક્રમાદ્ ભવેત્ ॥૭॥

(૭) પૂર્વે (ગા. ૧-૨માં) જણાવેલા યોગના સ્થાન આદિ ૨૦ ભેદોમાં પ્રત્યેક ભેદ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચાર પ્રકારે છે. સ્થાનાદિ યોગથી અનુક્રમે શૈલેશી અવસ્થા રૂપ અયોગની પ્રાપ્તિ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

સ્થાનાદ્યયોગિનસ્તીર્થો-ચ્છેદાદ્યાલમ્બનાદપિ ।
સૂત્રદાને મહાદોષ, ઈત્યાચાર્યાઃ પ્રચક્ષતે ॥૮॥

(૮) જેવા તેવાને પણ સૂત્ર ન ભણાવવામાં આવે

તો તીર્થનો ઉચ્છેદ થાય ઇત્યાદિ કારણે પણ સ્થાનાદિ યોગથી સર્વથા રહિતને ચૈત્યવંદનાદિ સૂત્ર ભણાવવામાં સૂત્રની આશાતના રૂપ મહાદોષ છે એમ પૂજ્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજ વગેરે આચાર્યો કહે છે.

## અથ નિયાગાષ્ટકમ્ ॥૨૮॥

યઃ કર્મ હુતવાન્ દીપ્તે, બ્રહ્માગ્નૌ ધ્યાનધાપ્પયા ।
સ નિશ્ચિતેન યાગેન, નિયાગપ્રતિપત્તિમાન્ ॥૧॥

(૧) જેણે પ્રદીપ્ત જ્ઞાનમય આત્મા રૂપ અગ્નિમાં ધ્યાન રૂપ ધાપ્યાથી જ્ઞાનાવરણીયાદિ કર્મનો હોમ કર્યો છે તે મુનિ ભાવયાગથી નિયાગને પામ્યા છે.

પાપધ્વંસિનિ નિષ્કામે, જ્ઞાનયજ્ઞે રતો ભવ ! ।
સાવદ્યૈઃ કર્મયજ્ઞૈઃ કિં, ભૂતિકામનયાऽऽવિલૈઃ ॥૨॥

(૨) મહાનુભાવ ! પાપનો નાશ કરનાર નિષ્કામ જ્ઞાનરૂપ યજ્ઞમાં આસક્ત થા. ભૌતિક સુખની ઇચ્છાથી મલિન અને પાપયુક્ત જ્યોતિષ્ટોમાદિ કર્મયજ્ઞોનું શું કામ છે ? ભૂતિકામઃ પશુમાલભેત વગેરે શ્રુતિના આધારે જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞો સકામ છે.

વેદોક્તત્વાન્મઃશુદ્ધયા, કર્મયજ્ઞોઽપિ યોગિનઃ ।
બ્રહ્મયજ્ઞ ઈતીચ્છન્તઃ, શ્યેનયાગં ત્યજન્તિ કિમ્ ॥૩॥

(૩) કર્મયજ્ઞ વેદોક્ત-વેદવિહિત હોવાના કારણે તેનાથી મનની શુદ્ધિ થતી હોવાથી જ્ઞાનયોગીને કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ થાય છે એમ માનનારા (કેટલાક વેદાનુયાયીઓ) શ્યેનયાગનો કેમ ત્યાગ કરે છે ?

બ્રહ્મયજ્ઞઃ પરં કર્મ, ગૃહસ્થસ્યાધિકારિણઃ ।
પૂજાદિ વીતરાગસ્ય, જ્ઞાનમેવ તુ યોગિનઃ ॥૪॥

(૪) ન્યાયસંપન્નવૈભવ વગેરે ગુણોથી યોગ્ય ગૃહસ્થને કેવલ વીતરાગની પૂજા વગેરે સ્વરૂપથી સાવદ્ય અનુષ્ઠાન બ્રહ્મયજ્ઞ છે. યોગીને સર્વ ઉપાધિથી રહિત શુદ્ધ જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.

ભિન્નોદ્દેશેન વિહિતં, કર્મ કર્મક્ષયાક્ષમમ્ ।
ક્લૃપ્તભિન્નાધિકારં ચ, પુત્રેષ્ટાદિવદિષ્યતામ્ ॥૫॥

(૫) ત્રીજી ગાથામાં જ્ઞાનયોગીને વેદવિહિત હોવાથી કર્તવ્યબુદ્ધિથી (પશુઓ પ્રત્યે દ્વેષ વિના) થયા કર્યજ્ઞથી ચિત્તશુદ્ધિ થતી હોવાથી કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ બને છે એવું વેદાનુયાયીઓ માને છે એમ પૂર્વપક્ષ રૂપે જણાવ્યું છે. તેનું

આ શ્વલોકમાં ખંડન કરવામાં આવ્યું છે. એટલે કે જ્ઞાનયોગીને કર્મયજ્ઞ બ્રહ્મયજ્ઞ રૂપ બને નહિ એમ સિદ્ધ કર્યું છે. તેમાં બે હેતુ આપ્યા છે. તેમાં પહેલો હેતુ ભિન્નોદ્દેશેન વિહિતં કર્મ કર્મક્ષયાક્ષમમ્ એ છે, અને બીજો હેતુના સમર્થનમાં પુત્રેષ્ટિયજ્ઞનું દૃષ્ટાંત આપ્યું છે.

બ્રહ્માર્પણમપિ બ્રહ્મ-યજ્ઞાન્તર્ભાવસાધનમ્ ।
બ્રહ્માગ્નૌ કર્મણૌ યુક્તં, સ્વકૃતત્વસ્મયે હુતે ॥૬॥

(૬) પૂર્વપક્ષ :- અમે જે કોઈ અનુષ્ઠાન કરીએ છીએ તેમાં મેં કર્યું એવા ભાવ રૂપ અહંકારનો ત્યાગ કરીને બ્રહ્મને-પરમાત્માને અર્પણ કરી દઈએ છીએ. આથી દરેક અનુષ્ઠાનમાં આ કાર્ય પરમાત્માઓ કર્યું છે, મેં નથી કર્યું એવી બુદ્ધિ રહે છે. બ્રહ્માર્પણ કરવાથી આવી બુદ્ધિ રહેતી હોવાથી બ્રહ્માર્પણ બ્રહ્મયજ્ઞના અંતર્ભાવનું કારણ છે, એટલે કે બ્રહ્માર્પણથી કર્મયજ્ઞનો બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવ (સમાવેશ) થઈ જાય છે. આથી જ્ઞાનયજ્ઞની જેમ કર્મયજ્ઞથી પણ આધ્યાત્મિક ભાવ રૂપ ફળ મળે છે.

બ્રહ્મણ્યર્પિતસર્વસ્વો, બ્રહ્મદગ્ બ્રહ્મસાધનઃ ।
બ્રહ્મણા જુહ્વદબ્રહ્મ, બ્રહ્મણિ બ્રહ્મગુપ્તિમાન્ ॥૭॥
બ્રહ્માધ્યયનિષ્ઠાવાન્, પરબ્રહ્મસમાહિતઃ ।
બ્રાહ્મણો લિપ્યંતે નાઘૈ-ર્નિયાગપ્રતિપત્તિમાન્ ॥૮॥

(૭-૮) જેણે બ્રહ્મમાં પોતાનું બધું અર્પણ કર્યું છે, અર્થાત્ જેણે ક્ષાયોપશમિક ભાવોને આત્મામાં સ્થાપન કર્યા છે, જેની આત્મામાં જ દષ્ટિ છે, જેનું બ્રહ્મરૂપ જ્ઞાન સાધન છે, અર્થાત્ જે જ્ઞાનથી જુએ છે-પ્રવૃત્તિ કરે છે, ઉપયોગ રૂપ બ્રહ્મ વડે આધાર રૂપ બ્રહ્મમાં અજ્ઞાન રૂપ અબ્રહ્મને હોમતો, બ્રહ્મચર્યનું પાનલ કરનાર, (૮) આચારંગના પ્રથમ શ્રુત સ્કંધના નવ અધ્યયનોમાં પ્રતિપાદિત આચારોની પરિણતિવાળો, પરબ્રહ્મમાં સમાધિવાળો, અર્થાત્ પરમાત્મામાં એક્તાની પરિણતિવાળો, અને ભાવયજ્ઞનો સ્વીકાર કરનાર સાધુ પાપથી લેપાતો નથી.

## અથ ભાવપૂજાષ્ટકમ્ ॥૨૯॥

દયામ્ભસા કૃતસ્નાનઃ, સંતોષશુભવસ્ત્રભૃત્ ।
વિવેકતિલકભ્રાજી, ભાવનાપાવનાશયઃ ॥૧॥

ભક્તિશ્રદ્ધાનઘુસૃણો-ન્મિશ્રપાટીરજદ્રવૈઃ ।
નવબ્રહ્માઙ્ગતો દેવં, શુદ્ધમાત્માનમર્ચય ॥૨॥

(૧-૨) મહાનુભાવ ! દયા રૂપ જળથી સ્નાન કરીને, સંતોષ રૂપ શુભ વસ્ત્રો પહેરીને, વિવેક રૂપ તિલક કરીને અને ભાવનાથી પવિત્ર આશયવાળો બનીને ભક્તિ-શ્રદ્ધા રૂપ કેશર મિશ્રિત ચંદન રસથી નવપ્રકારના બ્રહ્મચર્ય રૂપ નવ અંગે શુદ્ધ આત્મા રૂપ દેવની પૂજા કર.

ક્ષમાપુષ્પસ્રજં ધર્મ-યુગ્મક્ષૌમદ્વયં તથા ।
ધ્યાનાભરણસારં ચ, તદઙ્ગે વિનિવેશય ॥૩॥

(૩) શુદ્ધ આત્મા રૂપ દેવના અંગે ક્ષમા રૂપ પુષ્પમાળા, નિશ્ચય અને વ્યવહાર એ બે ધર્મ રૂપ ઉત્તમ વસ્ત્રયુગલ અને ધ્યાન રૂપ ઉત્તમ આભૂષણો મનના ભાવથી પહેરાવ.

મદસ્થાનભિદાત્યાગૈ-ર્લિખાઽગ્રે ચાષ્ટમઙ્ગલમ્ ।
જ્ઞાનાગ્નૌ શુભસંકલ્પ-કાકતુણ્ડં ચ ધૂપય ॥૪॥

(૪) એ દેવની આગળ આઠમદના ત્યાગ રૂપ

અષ્ટમંગલનું આલેખન કર, જ્ઞાન રૂપ અગ્નિમાં શુભ સંકલ્પ રૂપ કૃષ્ણાગરુનો ધૂપ કર.

અહીં ધૂપપૂજાથી શુભ સંકલ્પો જ્ઞાનામગ્નિમાં બળી જવાથી શુદ્ધ ઉપયોગ રૂપ નિર્વિકલ્પસમાધિ પૂજા થઈ. સાધુને અશુભ સંકલ્પોનો ત્યાગ થઈ ગયો છે અને ધૂપપૂજાથી શુભસંકલ્પોનો પણ ત્યાગ થયો. આથી નિર્વિકલ્પ સમાધિ દશા પ્રગટી.

પ્રાગ્ધર્મલવણોત્તારં, ધર્મસંન્યાસવહ્નિના ।
કુર્વન્ પૂરય સામર્થ્ય-રાજન્નીરાજનાવિધિમ્ ॥૫॥

(૫) એ દેવની સમક્ષ ધર્મસંન્યાસ રૂપ અગ્નિથી ઔદયિક અને ક્ષાયોપશિમક ધર્મ રૂપ લવણ ઉતારીને સામેર્યયોગ રૂપ શોભતી આરતિની વિધિ પૂરી કર.

સ્ફુરન્મંગલદીપં ચ, સ્થાપયાનુભવં પુરઃ ।
યોગનૃત્યપરસ્તૌર્ય-ત્રિકસંયમવાન્ ભવ ॥૬॥

(૬) એ દેવની આગળ અનુભવ રૂપ ઝળહળતા મંગલદીપની સ્થાપના કર. સંયમયોગ રૂપ નૃત્યમાં તત્પર બનીને ગીત, નૃત્ય અને વાજિંત્રની એકતા જેવા

સંયમવાળો થા.

ઉલ્લસન્મનસઃ સત્ય-ઘણ્ટાં વાદયતસ્તવ ।
ભાવપૂજારસ્યેત્થં, કરક્રોડે મહોદયઃ ॥૭॥

(૭) આ પ્રમાણે મનના ઉલ્લાસથી ભાવપૂજામાં લીન અને સત્ય રૂપ ઘંટને વગાડતા તને મોક્ષ હથેળીમાં છે.

દ્રવ્યપૂજોચિતા ભેદો-પાસના ગૃહમેધિનામ્ ।
ભાવપૂજા તુ સાધુના-મભેદોપાસનાત્મિકા ॥૮॥

(૮) ગૃહસ્થોને ભેદોપાસના રૂપ દ્રવ્યપૂજા ઉચિત છે-યોગ્ય છે અને સાધુઓને અભેદોપાસના રૂપ ભાવપૂજા ઉચિત છે.

પ્રભુ સેવ્ય છે, હું તેમનો સેવક છું એમ સેવ્ય-સેવકના ભેદપૂર્વક થતી દ્રવ્ય ઉપાસના=સેવા એ ભેદોપાસના છે અને પરમાત્મા સાથે આત્માની એકતાથી= અભેદ બુદ્ધિથી થતી ભાવસેવા એ અભેદોપાસના છે.

# અથ ધ્યાનાષ્ટકમ્ ॥૩૦॥

ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં, ત્રયં યસ્યૈકતાં ગતમ્ ।
મુનેરનન્યચિત્તસ્ય, તસ્ય દુઃખં ન વિદ્યતે ॥૧॥

(૧) ધ્યાન કરનાર, ધ્યાન કરવા યોગ્ય વિષય અને ધ્યાન એ ત્રણની એકતાને પામેલા અને આત્મસ્વરૂપમાં એકચિત્ત બનેલા મુનિને દુઃખ નથી.

ધ્યાતાન્તરાત્મા ધ્યેયસ્તુ, પરમાત્મા પ્રકીર્તિતઃ ।
ધ્યાનં ચૈકાગ્ર્યસંવિત્તિઃ, સમાપત્તિસ્તદેકતા ॥૨॥

(૨) ધ્યાતા સમ્યગ્દષ્ટિ આત્મા છે. ધ્યેય સિદ્ધ-અરિહંત ભગવાન છે. વિજાતીય જ્ઞાનના અંતર રહિત સજાતીય જ્ઞાનની ધારા રૂપ ધ્યાન છે. તે ત્રણેની એકતા એ સમાપત્તિ છે.

મણાવિવ પ્રતિચ્છાયા, સમાપત્તિઃ પરાત્મનઃ ।
ક્ષીણવૃત્તૌ ભવેદ્ ધ્યાના-દન્તરાત્મનિ નિર્મલે ॥૩॥

(૩) જેવી રીતે નિર્મલ મણિરત્નમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે, તેમ ગાઢ રાગાદિ રૂપ મલિન વૃત્તિઓ ક્ષીણ થઈ જવાથી નિર્મલ બનેલા અંતરાત્માં ધ્યાનથી

પરમાત્માનું પ્રતિબિંબ તે સામપત્તિ છે.

આપત્તિશ્ચ તતઃ પુણ્ય-તીર્થકૃતકર્મબન્ધતઃ ।
તદ્ભાવાભિમુખત્વેન, સંપત્તિશ્ચ ક્રમાદ્ ભવેત્ ॥૪॥

(૪) સમાપત્તિથી પુણ્યપ્રકૃતિ રૂપ તીર્થંકર નામ કર્મનો બંધ થવાથી આપત્તિ રૂપ ફલ મળે છે. અને તીર્થંકર નામ કર્મનો ઉદય નજીક આવતાં ક્રમશઃ સંપત્તિ રૂપ ફળ થાય છે.

ઈત્થં ધ્યાનફલાદ્ યુક્તં, વિંશતિસ્થાનકાદ્યપિ ।
કષ્ટમાત્રં ત્વભવ્યાના-મપિ નો દુર્લભં ભવે ॥૫॥

(૫) પ્રશ્ન : ધ્યાનથી સમાપત્તિ, આપત્તિ, અને સંપત્તિ એમ ત્રણ ફલો મળે છે. આથી એ સિદ્ધ થયું કે વીશસ્થાનક વગેરે તપ વિના પણ ધ્યાનમાત્રથી તીર્થંકર નામ કર્મનો બંધ થઈ શકે છે. જ્યારે શાસ્ત્રમાં તો વીસ સ્થાનકમાંથી ઓછામાં ઓછા કોઈ પણ એક સ્થાનકની આરાધના વિના તીર્થંકર નામ કર્મ ન બંધાય એવું વિધાન છે. આથી અહીં શાસ્ત્રના આવા વિધાન સાથે વિરોધ નહિ આવે ? ઉત્તર :- ના. ધ્યાનના ફલથી

વીશસ્થાનકની આરાધના વગેરે પણ ઘટે છે. જેમ ધ્યાનથી સમાપત્તિ આદિ ત્રિવિધ ફલની પ્રાપ્તિ થાય છે, તેમ વીશસ્થાનકની આરાધના વગેરેથી પણ પરંપરાએ ધ્યાનનું ત્રિવિધ ફળ મળે છે. વીશસ્થાનક વગેરે આરાધનાથી રાગાદિ મલિન વૃત્તિઓ ક્ષીણ થતાં આત્મા નિર્મલ બને છે. એથી ધ્યાન કરવાની યોગ્યતા આવે છે. ધ્યાનની યોગ્યતા આવ્યા પછી ધ્યાન થાય. ધ્યાનથી સમાપત્તિ આદિ ત્રિવિધ ફળ મળે. આમ વીશસ્થાનકની આરાધના વગેરે પણ (પરંપરાએ ધ્યાનનું ફળ મળતું હોવાથી) જરૂ-રી છે. હા, એટલું ખરું કે વીશસ્થાનક વગેરે તપ-અનુષ્ઠાનો સમ્યગ્દષ્ટિ ભવ્ય જીવને જ સફળ બને છે, અભવ્યને નહિ. અભવ્યને તો એ કાયકષ્ટ રૂપ જ છે. અભવ્યને કાયક્લેશ રૂપ બનતા આવાં તપ-અનુષ્ઠાનો સંસારમાં જરા ય દુર્લભ નથી. અભવ્યો ગમે તેટલી વાર આવાં તપ-અનુષ્ઠાનો આચરે તો પણ તેમનું કલ્યાણ ન થાય.

જિતેન્દ્રિયસ્ય ધીરસ્ય, પ્રશાન્તસ્ય સ્થિરાત્મનઃ ।
સુખાસનસ્ય નાસાગ્ર-ન્યસ્તનેત્રસ્ય યોગિનઃ ॥૬॥

રુદ્ધબાહ્યમનોવૃત્તે-ર્ધારણાધારયા રયાત્ ।
પ્રસન્નસ્યાપ્રમત્તસ્ય, ચિદાનન્દસુધાલિહઃ ॥૭॥

સામ્રાજ્યમપ્રતિદ્વન્દ્વ-મન્તરેવ વિતન્વતઃ ।
ધ્યાનિનો નોપમા લોકે, સદેવમનુજેઽપિ હિ ॥૮॥

(૬-૮) હવે ત્રણ શ્લોકમાં ધ્યાની મહાત્મા કેવા હોય છે તે જણાવે છે. ધ્યાની મહાત્મા જિતેંદ્રિય, સત્ત્વશાલી, ઉપશાંત, સ્વરૂપરમણતામાં સ્થિર, સુખાસને બેઠેલા, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિવાળા, પ્રવૃત્તચક્ર યોગી, ઈંદ્રિયોને અનુસરનારી મનની બાહ્ય વૃત્તિઓને ધારણાની ધારાથી જલદી રોકનારા, અકલુષિત ચિત્તવાળા, પ્રમાદરહિત, જ્ઞાનાનંદ રૂપ અમૃતનો આસ્વાદ કરનારા અને અંતરમાં જ શત્રુરહિત સામ્રાજ્યનો વિસ્તાર કરનારા હોય છે. મનુષ્યલોકમાં તો શું, દેવલોકમાં પણ એવો કોઈ નથી, જે આ મહાત્માની તોલે આવી શકે.

## અથ તપોઽષ્ટકમ્ ॥૩૧॥

જ્ઞાનમેવ બુધાઃ પ્રાહુઃ, કર્મણાં તાપનાત્ તપઃ ।
તદાભ્યન્તરમેવેષ્ટં, બાહ્યં તદુપબૃહકમ્ ॥૧॥

(૧) કર્મને તપાવે-બાળે તે તપ. મુખ્યતયા જ્ઞાન જ કર્મને બાળતું હોવાથી પંડિતો જ્ઞાનને જ તપ કહે છે. બાહ્ય અને અભ્યંતર એ બેમાં મુખ્યતયા અભ્યતર તપ જ તપ રૂપે ઈષ્ટ છે. બાહ્ય તપ તો અભ્યંતર તપની પુષ્ટિ-વૃદ્ધિ કરનારા હોય તો જ તપરૂપે ઈષ્ટ છે.

આનુશ્રોતસિકી વૃત્તિ-ર્બાલાનાં સુખશીલતા ।
પ્રાતિશ્રોતસિકી વૃત્તિ-ર્જ્ઞાનિનાં પરમં તપઃ ॥૨॥

(૨) અજ્ઞાનીઓ સંસારના પ્રવાહમાં તણાઈ જવાની વૃત્તિવાળા હોવાથી સુખશીલિયાપણું સેવે છે. જ્ઞાનીઓ સંસારના પ્રવાહની સામ ચાલવાની વૃત્તિવળા હોવાથી માસક્ષમણ આદિ ઉત્કૃષ્ટ તપનું સેવન કરે છે.

ધનાર્થિનાં યથા નાસ્તિ, શીતતાપદિ દુઃસહમ્ ।
તથા ભવવિરક્તાનાં, તત્ત્વજ્ઞાનાર્થિનામપિ ॥૩॥

સદુપાયપ્રવૃત્તાના-મુપેયમધુરત્વતઃ ।
જ્ઞાનિનાં નિત્યમાનન્દ-વૃદ્ધિરેવ તપસ્વિનામ્ ॥૪॥

(૩-૪) જેમ ધનના અર્થીઓને ઠંડી-ગરમી વગેરે કષ્ટ દુઃસહ નથી-ઉદ્વેગ કરતું નથી, તેમ સંસારથી

વિરકત બનેલા તત્ત્વજ્ઞાનના અર્થીઓને પણ ઠંડી-ગરમી વગેરે કષ્ટ રૂપ તપ દુષ્કર નથી. બલ્કે, સારા ઉપાયમાં પ્રવર્તેલા જ્ઞાની તપસ્વીઓના આનંદમાં સદા વધારો જ થાય છે. કારણ કે એમની આંખ સામે મોક્ષ રૂપ સાધ્યની મીઠાશ હોય છે.

જેની આંખ સામે ધનની મીઠાશ હોય છે તેને ધનપ્રાપ્તિ માટે ઠંડી-ગરમી વગેરે કષ્ટ સહન કરવા છતાં દિન-પ્રતિદિન આનંદમાં શું વધારો નથી થતો ? મોક્ષની મીઠાશ આગળ ધનની મીઠાશ તો કોઈ વિસાતમાં નથી.

ઇત્થં ચ દુઃખરૂપત્વાત્, તપો વ્યર્થમિતીચ્છતામ્ ।
બૌદ્ધાનાં નિહતા બુદ્ધિ-બૌદ્ધાનન્દાપરિક્ષયાત્ ॥૫॥

(૫) આ પ્રમાણે તપથી જ્ઞાનના આનંદનાં જરા પણ ન્યૂનતા આવતી ન હોવાથી તપ દુઃખ રૂપ છે જ નહિ. એટલે તપ દુઃખ રૂપ હોવાથી પશુઓના કષ્ટની જેમ વ્યર્થ છે એમ માનનારા બૌદ્ધોની બુદ્ધિ બેર મારી ગઈ છે-તેમાં યુક્તાયુક્તનો વિચાર કરવાની શક્તિ જ મરી પરવારી છે.

યત્ર બ્રહ્મજિનાર્ચા ચ, કષાયાણાં તથા હતિઃ ।
સાનુબન્ધા જિનાજ્ઞા ચ, તત્ તપઃ શુદ્ધમિષ્યતે ॥૬॥

(૬) જેમાં બ્રહ્મચર્યની વૃદ્ધિ થાય, જિનેશ્વરની પૂજા થાય, કષાયોની હાનિ થાય અને અનુબંધ સહિત વીતરાગન આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહ્યો છે.

બ્રહ્મચર્ય=મૈથુનત્યાગ કે વિષયો પ્રત્યે અનાસક્તિ. જિનપૂજા=જિનવચનો પ્રત્યે આદરભાવ. સાનુબંધજિનાજ્ઞા=સાપેક્ષપણે જિનવચન સ્વીકાર.

તદેવ હિ તપઃ કાર્યં, દુર્ધ્યાનં યત્ર નો ભવેત્ ।
યેન યોગા ન હીયન્તે, ક્ષીયન્તે નેન્દ્રિયાણિ ચ ॥૭॥

(૭) જેમાં અશુભ ધ્યાન થાય, જેનાથી સંયમ વ્યાપારોને બાધા ન પહોંચે, અથવા ઈંદ્રિયો સ્વકાર્ય કરવા અસમર્થ ન થાય તે જ તપ કરવો જોઈએ.

મૂલોત્તરગુણશ્રેણિ-પ્રાજ્યસામ્રાજ્યસિદ્ધયે ।
બાહ્યમાભ્યન્તરં ચેત્થં, તપઃ કુર્યાન્મહામુનિઃ ॥૮॥

(૮) મહામુનિ મૂલગુણ અને ઉત્તરગુણના સમુદાય રૂપ વિશાલ સામ્રાજ્યને સિદ્ધ કરવા પૂર્વોક્ત

મુજબ બાહ્ય-અભ્યંતર તપ કરે.

નિત્ય કરવામાં આવે તે મૂલગુણ. કારણ ઉપસ્થિત થતાં કરવામાં આવે તે ઉત્તરગુણ. જેમ કે, સાધુઓને મહાવ્રતોનું પાલન સદા જ કરવાનું હોય છે, વ્રતોનું પાલન ન હોય એવો કોઈ કાળ જ નથી. આથી તે મૂલગુણ છે. પિંડવિશુદ્ધિ વગેરે ગુણો ક્ષુધાદિ કારણો ઉપસ્થિત થતાં સેવવામાં આવે છે માટે ઉત્તરગુણ છે. અથવા જેમ વૃક્ષનું મૂળ શાખા-પ્રશાખા વગેરેના આધાર રૂપ છે, તેમ શેષગુણોનો આધાર તે મૂળગુણ. મૂળ ગુણોનું રક્ષણ-પાલન કરવામાં કારણ-સાધન તે ઉત્તરગુણ.

## અથ સર્વનયાશ્રયાષ્ટકમ્ ॥૩૨॥

ધાવન્તોઽપિ નયાઃ સર્વે, સ્યુર્ભાવે કૃતવિશ્રમાઃ ।
ચારિત્રગુણલીનઃ સ્યા-દિતિ સર્વનયાશ્રિતઃ ॥૧॥

(૧) પોતપોતાના પક્ષને સિદ્ધ કરવા પ્રતિપક્ષ નયમાં નિરપેક્ષણે દોડતા પણ સર્વ નયો આખરે તો વસ્તુ સ્વભાવમાં સ્થિર થાય છે. અર્થાત્ નયો પરસ્પર એક-

બીજાના મંતવ્યોનું ખંડન કરતા હોવા છતાં વસ્તુના સ્વભાવનો તો સ્વીકાર કરે જ છે. અલબત, પોતાની માન્યતા પ્રમાણે વસ્તુસ્વભાવનો સ્વીકાર કરે છે, પણ વસ્તુસ્વભાવનો સર્વથા નિષેધ કરતા નથી. તથા તે તે નય જે પ્રમાણે જે વસ્તુના જે સ્વભાવનો સ્વીકાર કરે છે તે પ્રમાણે તે વસ્તુમાં તે સ્વભાવ છે જ. કારણ કે દરેક વસ્તુમાં અનંત ભાવો-ધર્મો છે. એટલે કોઈ પણ નય વસ્તુના સ્વભાવની બહાર જતો નથી. આનો અર્થ એ થયો કે સર્વ નયો વસ્તુના સ્વભાવમાં જ સ્થિર છે. હવે બીજી વાત. દરેક નય વસ્તુના કોઈ એક ભાવને (-ધર્મને) સ્વીકરે છે, જ્યારે વસ્તુ અનેકભાવાત્મક છે.

પૃથ્ગ્નયા મિથઃ પક્ષ-પ્રતિપક્ષકદર્થિતાઃ ।
સમવૃત્તિસુખાસ્વાદી, જ્ઞાની સર્વનયાશ્રિતઃ ॥૨॥

(૨) (અન્યનયથી નિરપેક્ષ) જુદા જુદા નયો પરસ્પર વાદ-પ્રતિવાદથી વિટંબણા પામેલા છે. આથી મધ્યસ્થભાવના સુખનો આસ્વાદ કરનાર જ્ઞાની સર્વનયોને સ્વીકારે છે, અર્થાત્ દરેક નય પોતપોતાના અભિપ્રાયે સાચા છે એમ માનીને-કોઈ પણ નય પ્રત્યે

દ્વેષભાવ ન રાખે.

આથી જ કહ્યું છે કે-"હે નાથ ! પરસ્પર પક્ષ-પ્રતિપક્ષ ભાવથી અન્યપ્રવાદો દ્વેષયુક્ત છે, પણ સર્વનયોને સમાનપણે ઇચ્છનાર આપનો સિદ્ધાંત પક્ષપાતી નથી."

નમપ્રમાણં પ્રમાણં વા, સર્વમપ્યવિશેષિતમ્ ।
વિશેષિતં પ્રમાણં સ્યા-દિતિ સર્વનયજ્ઞતા ॥૩॥

(૩) બધાં ય વચનો અવિશેષિત હોય તો એકાંતે અપ્રમાણ નથી અને એકાંતે પ્રમાણ પણ નથી. જે વચન વિશેષિત છે તે પ્રમાણ છે. આ પ્રમાણે સ્યાદ્વદષ્ટિએ વિચારવાથી સર્વનયોનું જ્ઞાન થાય.

લોકે સર્વનયજ્ઞાનાં, તાટસ્થ્યં વાપ્યનુગ્રહઃ ।
સ્યાત્ પૃથન્નયમૂઢાનાં, સ્મયાર્તિવર્તિવિગ્રહ ॥૪॥

(૪) સર્વનયોના જાણકારોને લોકમાં મધ્યસ્થ બુદ્ધિ અથવા ઉપકાર બુદ્ધિ હોય છે. તેઓ જે લોકો કદાગ્રહ આદિથી નયો સમજવાને અયોગ્ય હોય તેને વિશે મધ્યસ્થબુદ્ધિ રાખે છે દ્વેષ કરતા નથી. જે જીવો

નયોને સમજતા નથી, પણ સમજાવવાને લાયક છે તે જીવો વિશે "આ જીવો કયા ઉપયોથી માર્ગમાં આવે" એવી ઉપકાર બુદ્ધિ રાખીને તે જીવો માર્ગે આવે તે માટે શક્ય યોગ્ય ઉપાયો કરે છે. જુદા જુદા નયોમાં મૂઢ બનેલાઓને અહંકારની પીડા અને ઘણો ક્લેશ થાય છે.

શ્રેયઃ સર્વનયજ્ઞાનાં, વિપુલં ધર્મવાદતઃ ।
શુષ્કવાદાદ્વિવાદાચ્ચ, પરેષાં તુ વિપર્યયઃ ।।૫।।

(૫) સર્વનયોના જ્ઞાતાઓનું ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે. એકાતદૃષ્ટિ જીવોનું તો શુષ્કવાદ અને વિવાદથી ઘણું અકલ્યાણ થાય છે.

પ્રકાશિતં જનાનાં યૈ-ર્મતં સર્વનયાશ્રિતમ્ ।
ચિત્તે પરિણતં ચેદં, યેષાં તેભ્યો નમોનમઃ ।।૬।।

(૬) જેમણે (=અરિહંતાદિએ) લોકોને સ્યાદ્વાદગર્ભિત પ્રવચન બતાવ્યું છે અને જેમના (=ચતુર્વિધ સંઘના) ચિત્તમાં એ પરિણામ પામ્યું છે તેને વારંવાર નમસ્કાર હો !

નિશ્ચયે વ્યવહારે ચ, ત્યક્ત્વા જ્ઞાને ચ કર્મણિ ।
એકપાક્ષિકવિશ્લવેષ-મારૂઢાઃ શુદ્દભમિકામ્ ॥૭॥
અમૂઢલક્ષ્યાઃ સર્વત્ર, પક્ષપાતવિવર્જિતાઃ ।
જયન્તિ પરમાનન્દ-મયાઃ સર્વનયાશ્રયાઃ ॥૮॥

(૭-૮) નિશ્ચય-વ્યવહાર નયમાં અને જ્ઞાનક્રિયા નયમાં એક પક્ષ સંબંધી ભ્રાંતિનો ત્યાગ કરીને શુદ્ધભૂમિકાએ પહોંચેલા, અર્થાત્ નિશ્ચયનય સાચો કે વ્યવહારનય સાચો ? જ્ઞાનનય સાચો કે ક્રિયા નય સાચો ? આવી ભ્રાંતિથી રહિત બનીને બંને નયો પોતપોતાના સ્થાને સાચા છે એવા નિર્ણયથી જ્ઞાનપરિપાક રૂપ શુદ્ધભૂમિકાએ પહોંચેલા, સર્વ ભૂમિકામાં સ્વલક્ષ્યને (=સ્વસ્વરૂપને) નહિ ભૂલનારા, કદાગ્રહથી રહિત, સર્વોત્તમ આનંદ રૂપ અને સર્વનયોનો સ્વીકાર કરનારા જ્ઞાનીઓ જયવંતા વર્તે છે.

●●●

# શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૧।।

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૨।।

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૩।।

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૪।।

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૫।।

# पूज्य गुरूदेव का संदेश

क्षमा ही जिनधर्म का सार है, उस के ही
प्रभाव से दिल में जलती हुई क्रोध की
अग्निज्वाला शान्त होती है। पवित्र प्रेम-
पैदा होता है मैत्री की सुवास उत्पन्न होती है।
मैत्री के द्वारा हम-वैर विरोध को शान्त करके
सभी जीवो के मित्र बनते है! सभी लोक हमको
चाहते है। सब का हित चाहना और हित-परोपकार
करना यही मनुष्य जीवन का सार है
क्षमा-मैत्री और परोपकार से प्रभु कृपा को
प्राप्त कर जीवन सफल बनाओ यही शुभ कामना

वि. कलापूर्ण सूरि का धर्मलाभ